# સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

## ગીરનું પરિભ્રમણ

આવૃત્તિઓ

પહેલી 1928, બીજી 1935

'સોરઠને તીરે તીરે' સાથે સંયુક્ત આવૃતિ 1956

ચોથી 1990, પુનર્મુદ્રણ 1994

સમગ્ર મેઘાણી સાહિત્યના ગ્રંથ 'લોકસાહિત્યનાં શોધન-ભ્રમણ'માં 2015

# નિવેદન

[પહેલી આવૃત્તિ]

ભાઈશ્રી અમૃતલાલ શેઠે મને 'સૌરાષ્ટ્ર'માં મારા પ્રવાસોનું વર્ણન લખવાનું સૂચવ્યું, તેનું આ પ્રથમ પરિણામ છે. બીજાં નિરીક્ષણો લખી રહ્યો છું.

પ્રવાસનાં વર્ણનો છાપાંના બીજા ખબરો જેટલાં ક્ષણિક મહત્ત્વનાં નથી હોતાં, તેમ અમર સાહિત્યને આસને પણ નથી બેસી શકતાં. એનું સ્થાન બંનેની વચ્ચે રહેલું છે. એ વ્યવસ્થિત ઇતિહાસ નથી, વ્યવસ્થિત ભૂગોળ નથી કે વ્યવસ્થિત સમાજ વા સાહિત્યનું વિવેચન નથી. છતાં તે આ તમામ તત્ત્વોનો મનસ્વી સમુચ્ચય છે : ચિત્રકારની સુરેખ રંગપૂરણી જેવો નહીં, પણ સાંજ–સવારના આકાશમાં રેલાતી અસ્તવ્યસ્ત રંગરેખાઓ સરીખો : અસ્તવ્યસ્ત, છતાં યે ગમે છે.

કાઠિયાવાડની રેલગાડીમાં અથડાતા-પિટાતા અથવા ઊંચા વર્ગના ડબ્બામાં કોઈ સંગાથી વિના કંટાળો અનુભવતા પ્રવાસી ભાઈ અથવા બહેન! તમારા એકાદ-બે કલાકને આ વર્ણન શુદ્ધ દિલારામ દઈ શકે, કાઠિયાવાડ વિશે તમારામાં થોડો રસ, થોડું કૌતુક ઉત્પન્ન કરી શકે, અને એ ક્ષણિક લહેરમાંથી આ પ્રદેશની પૂરી ઓળખાણ કરવાની વૃત્તિ જગાડી શકે, તો પ્રવાસી પોતે બગાડેલાં કાગળ–શાહીની સફલતા સમજશે. વધુ ધારણા રાખી નથી.

ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય, સમાજ વગેરે આજે જુદાં જુદાં ચોકઠાંમાં ગોઠવીને શીખવાય છે. એ પદ્ધતિએ શીખનારાઓને પોતાના વતન પર ખરી મમતા નથી ચોંટતી. પ્રવાસ-વર્ણન આ સર્વનું એકીકરણ કરી, થોડા અંગત ઉદ્‌ગારોની પીંછી ફેરવી, ત્વરિત ગતિએ વાચકોને પોતાની પ્રવાસભૂમિ પર પચરંગી મનોવિહાર કરાવે છે. પાઠ્યપુસ્તકોની એ ઊણપ જો આ યાત્રાવર્ણન થોડે અંશે પણ પૂરશે તો યાત્રિકનો ઉત્સાહ ઔર વધશે.

પ્રાચીનતાનું ખરું દર્શન કરવાની વૃત્તિ રેલગાડીની સગવડોએ મારી નાખી છે. લાંબી, ધીરી, સ્થિર દૃષ્ટિવાળી મુસાફરીઓનો યુગ આથમી ગયો છે. લોક-સમુદાયની સોંસરવા થઈ, તેઓની સાથે જીવન-સમાગમ યોજવાની ઇચ્છા જ હવે આપણામાં રહી નથી. કેવળ દોટાદોટ, ઉપલકિયા દૃષ્ટિ, ઉતાવળિયાં અનુમાનો અને વહેલો વહેલો કંટાળો : એ આજના ઘણા પ્રવાસીઓની દશા થઈ ગઈ છે.

રેલગાડીનાં ટર્મિનસો વડે જ આપણા પ્રવાસની લંબાઈ મપાય છે. સ્ટેશનોથી દૂર જાણે કે પ્રાચીનતા, જનતા, પ્રકૃતિની રમણીયતા કે પશુ-પક્ષીની દુનિયા વસતી જ નથી! જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને દ્વારિકા એ ચારમાં જ સૌરાષ્ટ્રનો સર્વાંગી પરિચય સમાઈ ગયો હોવાની આત્મવંચના ચાલે છે.

આ પાનાં વાટે પ્રવાસી નમ્ર અવાજ આપે છે, કે અંદર પેસીએ. પ્રાચીન સૌરાષ્ટ્રનાં સાચાં ખંડેરો – કવિતા, સાહિત્ય, જનતા વગેરે તમામનાં ખંડેરો – તપાસીએ. કાંઠે બેસીને કદી દરિયા ડોળાયા નથી.

મોટી ગીર, પાંચાળ, ઓખા મંડળ, સૌરાષ્ટ્રનો સાગર-તીર, તમામ પ્રદેશોનું આવું જ અવલોકન આપવાની ધારણા રાખી છે. નકશાની ઊણપ પણ પૂરવાની ઉમેદ છે.

આ પ્રવાસ કરાવનાર યુવાન ચારણ મિત્ર ભાઈશ્રી દુલા ભગતનો અને એની મિત્રમંડળીનો હું અતિ ઋણી થયો છું.

ભાવનગર : 9-5'28 ઝવેરચંદ મેઘાણી

[બીજી આવૃત્તિ]

પહેલી આવૃત્તિના લખાણમાં નવાં ચાલીસ પાનાંનું લેખન ઉમેર્યું છે.

આ નવાં ઉમેરેલ પ્રકરણો પૈકી પ્રકરણ-7માં સતાધારની જગ્યાના સંત આપા ગીગાને વિશે જે ઉલ્લેખ છે તેમાં નીચે મુજબ સુધારો કરવાની જરૂર છે :

સતાધારની જગ્યાનો સુયશ વર્ણવતાં મેં ત્રણ મુદ્દા લખ્યા છે :

1. જગ્યાના સ્થાપક સંત ગીગા સોરઠની, હલકી મુસલમાન ગણાતી ગધઈ કોમમાં પેદા થયેલા છતાં લોકસમસ્તના સેવક ને પૂજ્ય બન્યા.
2. સંત ગીગાનાં, પતિએ ત્યજેલાં માતા લાખુબાઈને ચલાળાના આપા દાનાએ આશરો આપેલ ત્યારે એમને કોઈ કુકર્મી સાધુથી ગર્ભ રહેલો, લાખુબાઈ કૂવે પડવા જતાં હતાં, પણ આપા દાનાએ ઉગાર્યાં, ગીગા ભગતનો જન્મ થયો, ને માતા-પુત્ર બંને સંતપદે સ્થપાયાં.

આ વાતો મેં મારા 'સોરઠી સંતો'ના સંગ્રહને આધારે લખેલી. પ્રવાસોમાંથી અનેક મુખે સાંભળી એકઠી કરેલી આ વાતો હતી. 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં'માં આ બધું બતાવીને સતાધારના એ સંતની પવિત્ર સ્મૃતિઓ નોંધવાનો, તેમજ સોરઠના લોકસંસ્કારની અંદર રહેલી દિલાવર ધર્મભાવના ઉપર પ્રકાશ પાડવાનો મારો હેતુ હતો.

પણ આ સંબંધમાં ગધઈ કોમના એક સુશિક્ષિત સ્નેહી ભાઈ ઇસ્માઇલ ભાભાભાઈ ગધઈ મને સુધારા લખી જણાવે છે કે –

(1) સંત ગીગાના જન્મ વિશેની વાત બનાવટી છે, ને કોઈ ભળતા પક્ષોએ ફેલાવેલી છે. એના પુરાવા અમારા બારોટોના ચોપડામાં મોજૂદ છે.

(2) ગધઈ કોમ હલકી નથી ગણાતી. એ એક લડાયક કોમ છે. એ કોમમાં બહાદુર ટેકીલા પુરુષો પાક્યા છે. અત્યારે પણ મોટો ભાગ સિપાહીગીરી કરનારો છે. અમારી જ્ઞાતિ પર કોઈ પણ મહાન કલંક આવેલું નથી. વળી ઇસ્લામી ધર્મમાં ઊંચનીચના ભેદ નથી. અમે ગામડામાં રહીએ છીએ ને હિન્દુ ભાઈઓ જોડે કુટુંબ જેવો વ્યવહાર રાખીએ છીએ. અમારા જ્ઞાતિભાઈઓએ પોતાના જીવના જોખમે આજ સુધી અનેક હિન્દુ ભાઈઓને લૂંટાતા અટકાવ્યા છે.

આ ઉપરાંત ભાઈ શ્રી ઇસ્માઈલ ભાભાભાઈ સંત ગીગાની લોકસેવાના, ક્ષમાભાવનાના, તેમજ સહિષ્ણુતાના કેટલાક સરસ કિસ્સાઓ લખી મોકલે છે :

આપા ગીગાને ઇસ્લામી ધર્મનું અભિમાન ન હતું તેમ સૂગ પણ નહોતી. તે તો સંત હતા, અને સારી આલમનાં માણસોને પોતાનાં ભાઈભાંડું ગણતા. કોઈ પણ ગરીબ અપંગ અને અશક્તને ભાળતા તો સેવા કરવા મંડી જતા.

ઢોરની બીમારીના પોતે ઇલમી હોઈ કેટલાક ભરવાડ રબારી માલધારીઓને ઢોરનું વૈદક શીખવેલું.

ચલાળામાં જગ્યા બાંધી રહેલા ત્યારે ખાખી બાવાઓ, આપા દેવાના ચડાવ્યા, સંત ગીગા પાસે માલપૂડાની રસોઈ માગવા આવેલા. સંત કહે કે નિયમ મુજબ અપાતું હોય તેટલું જ આપીશ. આ પરથી ખાખીઓએ સંતને અસહ્ય માર માર્યો. મરચાંના તોબરા ચડાવ્યા. તે વખતે સંતના ત્રણ-ચાર ગધઈ રક્ષકો હતા તે ખાખીઓની ખબર લેવા દોડી આવ્યા. તેમને વારીને સંતે કહ્યું કે અમારી ત્યાગીની તકરારમાં કોઈએ વચ્ચે આવવાની જરૂર નથી.

ખાખીઓએ સંતને મરચાંના તોબરા ચડાવ્યા અને એ મરી જાય તેટલી હદ સુધી વાત ગઈ ત્યારે અમરેલી ખબર પહોંચાડતાં ત્યાંથી પોલીસપાર્ટી આવી. ખાખીની આખી જમાતને અમરેલી ઉપાડી જવામાં આવી. સૂબા મીર સાહેબ જ્યારે સંતને પૂછવા લાગ્યા ત્યારે તેમણે જવાબ દીધો કે 'અમારી વેરાગીની તકરારમાં પડવાની તમારે જરૂર નથી. મને કદાચ મારી નાખ્યો હોત તો ય મારે શું પડ્યું રહેવાનું હતું!'

મીર સાહેબે આ ક્ષમાબુદ્ધિથી ખુશ થઈ સંતને પહેરામણી કરી તો તે કપડાં સંતે ખાખીની જમાતના નાગડાને જ આપી દીધાં.

અમરેલીના પ્રખ્યાત સૈયદ અવલમિયાં બાપુને કસ્બાના મુસલમાનોએ ઉશ્કેર્યા કે એક મુસલમાન ગધઈ અહીં આવ્યો છે, તે ઇસ્લામી ધર્મથી વિરુદ્ધ ચાલે છે વગેરે વગેરે. આવી ઉશ્કેરણીને પરિણામે એક દિવસ કસ્બાના તમામ મુસલમાનો તેમજ અવલમિયાં સૈયદ સંત ગીગાને મુકામે ચડી આવ્યા. ત્યાં વાતચીતમાં સંત ગીગાની બિનકોમી સમદષ્ટિ અને શુદ્ધ સેવાભાવ વિશે અવલમિયાં સૈયદને સત્ય સમજાયું. તેમણે મુસ્લિમોને સમજાવ્યું કે સંત ગીગાની કોઈ છેડતી કરશો ના. એ તો અશક્તો–ગરીબોની સેવા કરે છે, ને સેવા જ માલિકને સહુથી વધુ પ્યારી છે. એવા ખુદાના બંદાની ખોદણી કરનાર દોજખના અધિકારી થશે, વગેરે વગેરે.

ઉપર લખી હકીકતો સંત ગીગાના જીવન પ્રત્યે વધુ ને વધુ સન્માન જન્માવે છે. ગીગાનું સતાધાર સોરઠના જૂના કાળમાં નવયુગના કોઈ પણ માનવપ્રેમી સેવાશ્રમનું કાર્ય ઉઠાવનારું ધામ હતું.

ગધઈ કોમ સોરઠની એક શૂરવીર સિપાહી કોમ છે એ તો મારી જાતમાહિતીની વાત છે, કોમ તરીકે કોઈ પણ કોમ એક બીજાથી હલકી હોઈ શકે જ નહીં. મુસ્લિમોમાં ગધઈ કોમનું સમાન સ્થાન છે તે જાણી આનંદ થાય છે.

સંત ગીગાના જન્મની હકીકત સાચી ધારેલી ત્યારે પણ એ હકીકતમાં મેં એક ઉદાર લોકભાવનાનું દર્શન કરેલું. માનવીને મહાન બનાવનાર એનો જન્મ નથી પણ એની માનવતા, વીરતા, પવિત્રતા છે. અને એ પાપ હતું, તો કોનું હતું? ન સ્ત્રીનું, ન બાલકનું.

પણ એ આખી વાત જ જો બનાવટી ઠરે છે, તો તો કોઈ સવાલ જ રહેતો નથી. ઇસ્માઇલભાઈએ મોકલેલ વિગતો આમ છે :

સંત ગીગાના પિતાનું નામ અલીભાઈ. માતાનું નામ સુરઈ. રહેવાસી તોરી રામપુરાનાં.

સોરઠમાં ભયંકર દુકાળ પડતાં, ત્રાસ ત્રાસ વર્તેલો. પોતાનાં ઢોરને ઉગારવા માટે સંત ગીગાનો પિતા બાઈ સુરઈને સગર્ભા મૂકીને જતો રહેલો. બાઈ પોતાના કોઈ સગાને ત્યાં ચલાળા જવા નીકળ્યાં. રસ્તે શાપુર ગામે આવતાં બાઈને દીકરો અવતર્યો.

આ વાતની જાણ શાપુરના ગરાસિયા અમરાભાઈને થતાં તેણે મા–દીકરાને રક્ષણમાં લીધાં. બાલક દોઢ-બે માસનો થયો ત્યાં સુધી પોષણ કર્યું. પણ દુષ્કાળનો દાવાનળ ભયાનક હતો. એટલે અમરાભાઈએ મા–દીકરાને રાજગોર હરખજી મહારાજ જોડે ચલાલે મોકલ્યાં. ચલાળા પણ દુષ્કાળમાં કંપતું હોઈ આ મહેમાનોને જોઈ સૂરીબાઈનાં સગાંનાં મોં કાળાં થઈ ગયાં.

એ સ્થિતિમાં સંત આપા દાનાએ કાળનો સામનો કરવા મોટું અનાથ આશ્રમ શરૂ કરેલું, એટલે એમણે હસતે મોંએ મા–દીકરાને આશરે લીધાં.

ગીગાને સંત દાનાએ પુત્ર સમ પાળ્યો. ગીગાએ તથા માએ સંતની નેક-ટેકથી સેવા કરી. ગીગો જુવાન થયો ત્યારે સંત દાનાએ સૂરીબાઈને કહ્યું કે ગીગાને ન્યાતમાં જઈ વરાવો–પરણાવો.

બાઈ સરંભડે કુટુંબમાં ગયાં, ત્રણ-ચાર વર્ષ કાઢ્યાં, પણ ગીગાનું દિલ સંસાર પર લાગ્યું જ નહિ. બાઈ પોતે તો સંસારથી કંટાળીને જ બેઠાં હતાં, એટલે એ તો રાજી થઈને ગીગાને લઈ પાછાં ચલાળે આવ્યાં. જુવાન ગીગાએ જગ્યાની તમામ સેવા કરવા માંડી, ને છેવટે 'સોરઠી સંતો'માં લખ્યા મુજબ આપા ગીગા સંતપદને પામ્યા.

આટલી હકીકત 'સોરઠી સંતો'ના વાચકો પણ સુધારીને વાંચે તેવી વિનંતિ છે.

આવી જ શૈલીમાં સોરઠના બીજા પ્રદેશોને રજૂ કરવાની અભિલાષા બરોબર ફળી નથી. ફક્ત સોરઠની નાની એક સાગરપટ્ટીનું પ્રવાસ વર્ણન કરતી 'સોરઠને તીરે તીરે' નામની પુસ્તિકા આપી શક્યો છું. 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં : ગીરનું પરિભ્રમણ' અને 'સોરઠને તીરે તીરે' બેઉ પ્રયોગો ઘણા આદરપાત્ર બન્યા છે ને એ પ્રયોગે વિરામ ન પામવું જોઈએ એવી મોટા ભાગની માગણી છે. મને ય શોચ થાય છે કે મારા સાંસારિક સંજોગોએ મેં ધારી રાખેલા પ્રવાસોને હાલ તુર્ત તો મુશ્કિલ કરી મૂક્યા છે. ક્ષમા ચાહું છું.

ઝવેરચંદ મેઘાણી

મુંબઈ : 15-10-'35

## [ત્રીજી આવૃત્તિ]

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' અઠ્યાવીસ વરસ પહેલાં પ્રગટ થયું તેની અંદર 'ગીરનાં પરિભ્રમણ'ની વાત હતી. તેના અનુસંધાનમાં, પાંચ વરસે, 'સોરઠને તીરે તીરે' પ્રગટ થયું. બેઉ ચોપડીઓની આ સંયુક્ત આવૃત્તિ પ્રગટ કરતી વખતે, બે-ત્રણ દાયકાના કાળવહનને કારણે જરૂરી લાગેલી થોડી કાપકૂપ કરી છે.

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં'ની પહેલી આવૃત્તિ વેળાનું લેખકનું નિવેદન અહીં આપ્યું છે. તેની બીજી આવૃત્તિ વેળા, સંત આપા ગીગાની કથામાં જે સુધારા કરવાની જરૂર લેખકે નિવેદનમાં દર્શાવેલી તે આ આવૃત્તિ વખતે કરી લીધી છે.

મહેન્દ્ર મેઘાણી

*1956*

## [ચોથી આવૃત્તિ]

પચાસ વરસ પહેલાં પ્રથમ આવૃત્તિમાં લેખકે જેની ઊણપ અનુભવેલી એ સૌરાષ્ટ્રનો નકશો હવે ઉમેરાય છે.

જયંત મેઘાણી

1980

## [સમગ્ર મેઘાણી સાહિત્ય, ગ્રંથ 16]

સમગ્ર મેઘાણી સાહિત્યમાં મૂળ આવૃત્તિની શૈલી–લિખાવટ જાળવી રાખવાના હેતુથી ત્રીજી આવૃત્તિના નિવેદનમાં જેનો ઉલ્લેખ છે એ કાપકૂપ અહીં નિવારવાનું ઉચિત ધાર્યું છે.

જયંત મેઘાણી

2015

# ક્રમ


નિવેદન 2

**1**

બહારવટિયાનાં રહેઠાણ 9
સૌરાષ્ટ્રનું મહત્ત્વ 10
ઇતિહાસપ્રેમી રાજુલા 11
વિદ્યાપ્રેમી પ્રજા 11
ગુમાવેલો પ્રતાપ 12
સવિયાણાની સ્નેહકથા 12
વહાલાં ગયાં વિદેશ 14

**2**

મર્દાની ભાષા 16
કોટીલાની વીરકથા 16
કાળમુખો કસુંબો 18
પ્રવાસમાં કાવ્યરસ 23
તુલસીશ્યામ 23

**3**

ધર્માદાનો દ્રવ્યસંચય 23
જોગી બહારવટિયો 23
બહારવટાંના જતિધર્મ 24
સંકટની મીઠપ 25
નેસડાનું જીવન 27
સાવજ ન મરાય 28

**4**

'લોડણ ચડાવે લોય' 30
સાચો વેજલ કોઠો 32
'તરિયા રૂઠી!' 33
નેસડામાં ચા-પ્રકોપ 33
નાંદીવેલાના શિખર પર 34

**5**

માંગડો ડુંગર 37
વાઘેર બહાવટિયો 38
ગીરની ભેંસો 38
ચારણી ખજાનો 41

**6**


સાણો ડુંગર 43
હેડમ્બ-મહેલ 43
નધણિયાતી જગ્યા 44
ધર્માલય 45
પ્રેમાલય 46
ગોપ–ગોપીનો આશરો 46

## 7


| | | | |
|---|---|---|---|
| કાદુની ગોતણ | 48 | સતાધારનું યાત્રાધામ | 54 |
| ગુલાબના ગોટા જેવો | 48 | દિલાવર લોકસંસ્કાર | 55 |
| સત્યપ્રેમી | 50 | રોહિદાસનો ચર્મકુંડ | 56 |
| ફાંસીને માંચડેથી | 51 | કંકણવંતો હાથ | 57 |
| વાંસાઢોળના ખોળામાં | 51 | એકરાષ્ટ્રતાના સ્થંભો | 58 |
| સ્વપ્નમૂર્તિ | 52 | 'મીરાં, તમે ઘેર જાવને!' | 58 |


## 8


| | | | |
|---|---|---|---|
| પ્રેમભક્તોનું યાત્રાધામ | 60 | તીર્થધામ | 65 |
| '...થર-બાબીડી થઈ ફરાં!' | 61 | સોરઠી જુવાન | 65 |
| વતનની મમતા | 62 | રુધિર-મિશ્રણ | 66 |
| મહિયાઓનો સત્યાગ્રહ | 64 | મૃત્યુનાં ગાન | 67 |




## સૌરાષ્ટ્રનો સ્થળ-નકશો

આ નાના નકશાનો હેતુ આ ગ્રંથમાં ઉલ્લેખ પામેલા સ્થળો દર્શાવવાનો છે. અહીં (પાછળ) આપેલી સ્થળસૂચિ પરથી કોઈ પણ સ્થળ નકશા ઉપર શોધી શકાશે. નકશામાં પાડેલા ચોકઠામાં ઊભાં ક્રમમાં આંકડાથી અને આડા ક્રમમાં અક્ષરોથી દર્શાવ્યા છે; તેના પરથી કોઈપણ સ્થળ તરત શોધી શકાશે. દા.ત. અમરેલી ચ-3 (એટલે ચ અને 3 જ્યાં ભેગા થાય એ) ચોકઠામાં છે. રેલગાડીના પાટા જ્યાં અટકે છે ત્યાંથી સૌરાષ્ટ્રના ઊંડા ઊંડા ભીતરમાં પહોંચવા માટે બસ-રસ્તાની જાળ આજે, આ પુસ્તકો લખાયે પોણીસદી પછી, બિછાઈ ગઈ છે. એ રેલ-પાટા અને બસ-રસ્તા બતાવવાનો આ નકશાનો હેતુ નથી. આ નકશાની રેખાઓ અંદાજે છે, ચોક્કસ નથી.

[સ્થળ-સૂચિ પાછળ]

# સ્થળ-સૂચિ


| | |
|---|---|
| અમરેલી | ચ-3 |
| આદસંગ | ચ-4 |
| ઉના | ઘ-૫ |
| ઓખા બેટ | ક-2 |
| કતપર | ચ-4 |
| કળમોદર | છ-4 |
| કળસાર | છ-4 |
| કાલાવડ | ગ-2 |
| કાળાસર | ઘ-2 |
| કુતિયાણા | ખ-3 |
| કુંકાવાવ | ઘ-2 |
| કેશોદ | ગ-4 |
| કોટડા | છ-4 |
| કોટડા સાંગાણી | ઘ-3 |
| કોટિયા | છ-4 |
| કોડીનાર | ગ/ઘ-5 |
| ખંભાળિયા | ખ-2 |
| ખાંભા | ઘ/ચ-4 |
| ગઢડા | ચ-3 |
| ગારિયાધાર | ચ-3 |
| ગોપ | ખ-2 |
| ગોંડળ | ઘ-3 |
| ગુંદાળી | ઘ-3 |
| ગોપનાથ | છ-4 |
| ગોરવિયાળી | ઘ-3 |
| ઘૂમલી | ખ-3 |
| ઘેલા સોમનાથ | ચ-2/3 |
| ઘોઘાવદર | ગ-3 |
| ઘોઘા | છ-3 |
| ચલાળા | ઘ-4 |
| ચોટીલા | ચ-2 |
| ચોબારી | ચ-2 |
| જસદણ | ચ-2 |
| જાફરાબાદ | ગ-5 |
| જામનગર | ગ-2 |
| જૂનાગઢ | ગ-3 |
| જેતપુર | ઘ-3 |
| જોડિયા | ગ-1 |
| ઝાંઝમેર | છ-4 |
| તલાળા | ગ-4 |
| તળાજા | છ-4 |
| તુલસીશ્યામ | ઘ-4 |
| થોરડી | ચ-4 |
| દીવ | ઘ-5 |
| દ્રોણ | ઘ-5 |
| દ્વારકા | ક-2 |
| ધંધુકા | છ-2 |
| ધારી | ઘ-4 |
| ધોળકા | જ-1 |
| ધ્રાંગધ્રા | ચ-1 |
| ધોરડી | ચ-1 |
| દ્રોળ | ગ-1 |
| પડધરી | ગ/ઘ-2 |
| નાગેશ્રી | ચ-5 |

| | |
|---|---|
| પાલીતાણા | છ-3 |
| પિડારા | ક-2 |
| પીરમ | છ-3 |
| પોરબંદર | ખ-3 |
| પોર્ટ આલ્બર્ટ વિક્ટર | ચ-5 |
| બગવદર | ખ-3 |
| બાબરા | ચ-3 |
| બોટાદ | ચ-2 |
| ભાણવડ | ખ-3 |
| ભાવનગર | છ-3 |
| ભીમોરા | ચ-2 |
| ભૂચર મોરી | ગ-1 |
| મહુવા | ચ-4 |
| માણાવદર | ગ-3/4 |
| માળિયા | ગ-4 |
| માંગરોળ | ગ-4 |
| મિતિયાળા | ચ-4 |
| મૂળી | ચ-1 |
| મેડી | ગ-2 |
| મેથળા | છ-4 |
| મોરબી | ઘ-1 |
| રાણાવાવ | ખ-3 |
| રાજકોટ | ઘ-2 |
| રાજુલા | ચ-4 |
| લખતર | છ-1 |
| લાખાપાદર | ઘ-4 |
| લાઠી | ચ-3 |
| લાલપુર | ખ-2 |
| લીલિયા | ચ-3 |
| લીંબડી | છ-1 |
| લોધિકા | ઘ-2 |
| વડિયા | ઘ-3 |
| વરાહસ્વરૂપ | ચ-5 |
| વલભીપુર | છ-3 |
| વંથળી | ગ-3/4 |
| વાંકાનેર | ઘ-1 |
| વીસાવદર | ઘ-4 |
| વેરાવળ | ગ-5 |
| શિયાળબેટ | ચ-5 |
| સતાધાર | ઘ-4 |
| સરોવડું | ચ-5 |
| સાણંદ | જ-1 |
| સાયલા | ચ-1 |
| સાવરકુંડલા | ચ-1 |
| સાસણ | ગ-4 |
| સિહોર | છ-3 |
| સોમનાથ | ગ-5 |
| હડાળા | ઘ-3 |
| હળવદ | ચ-1 |

# 1

**મા**નવંતા ભાઈશ્રી,

આંહીંના ભાવનગરના બગીચામાં સિંહની ગર્જનાઓ સંભળાય છે અને તે સાથે જ મારા પ્રવાસનાં સંસ્મરણો લખવાની તમારી આજ્ઞા યાદ આવે છે. એમ થવાનું કારણ એ છે કે ગીરની મુસાફરીમાં એ પાંજરાનિવાસી પશુરાજનાં સગાં-વહાલાંઓએ અધરાત વખતે અમારાં પાદરમાં જ ઊભીને પાડેલી ત્રાડોના ભણકારા હજુ મારા કાનમાંથી શમ્યા નથી. બેશક, એ તીણી મોટી દાઢવાળા વનરાજો મારી સાથે પોતાના આ બંદીવાન પિતરાઈ ઉપર કાંઈ સંદેશો મોકલવા નહોતા આવ્યા, અથવા મારી ચોપાસ મિત્રોના ચોકી પહેરા છતાં, તેઓનું આગમન અને તેઓના અવાજો મને આ પીલ ગાર્ડનના[1] કારાવાસીઓની બૂમો જેવાં કર્ણપ્રિય તો નહોતાં જ લાગતાં. છતાં એનું દૂરથી થતું સહીસલામત સ્મરણ તો જરૂર મારા હૃદયમાં અત્યારે ગદ્યના, પદ્યના, ગદ્યાત્મક પદ્યના અને અપદ્યાગદ્યના ઉમળકા જગાડે છે! એટલે પીલ બાગના પાંજરાનો એક સળિયો પણ તૂટવાની ધાસ્તી વિના હું એ ગીરનિવાસી પશુઓના, એને તિરસ્કારથી 'જાનવર' શબ્દે સંબોધનારા બહાદુર માલધારીઓના, અને પથ્થરે પથ્થર કોઈ નિગૂઢ નિઃશબ્દ વાણીમાં પોતાના પ્રાચીન ઇતિહાસ સંભળાવનારાં નદી-પહાડોના સમાચાર આપવા બેસી ગયો છું.

## બહારવટિયાનાં રહેઠાણ

હમણાં હમણાં તો 'અરેબિયન નાઇટ્સ'વાળા બાલસખા અલીબાબાની મનોદશા હું અનુભવી રહ્યો છું. 'ખૂલ જા સીસમ' કહેતાં લોકસાહિત્યની અવનવી ગુફાઓનાં દ્વાર ઊઘડી જાય છે; અને એક ઓરડાની સમૃદ્ધિ જોઈ બીજાની ભૂલી જવા જેવો આનંદ થાય છે. એક બાજુ હું ઓચિંતો આપણાં લગ્નગીતોમાં તલ્લીન થયો છું, બીજી બાજુ 'સોરઠી બહારવટિયા'નો પહેલો ભાગ પ્રગટ થયા પછી પખવાડિયામાં જ એની બીજી આવૃત્તિ છપાવવી શરૂ કરવી પડી છે, એટલે હજુ બમણા-ત્રમણા ભાગનું જે બહારવટાંના ઇતિહાસનું ઉચ્ચતર અને અનેકરંગી સાહિત્ય બાકી છે તેની ઝડપથી શોધ કરી લેવાનો મને ઉત્સાહ ચડ્યો છે. સાથે સાથે ગીર વગેરે પ્રદેશોના પ્રવાસો કરીને બહારવટિયાઓને છુપાવાની જગ્યાઓ તપાસું છું ને એ વિકટ સ્થળોમાં જઈ બહારવટાંનું વાતાવરણ અનુભવવા યત્ન કરું છું. (અલબત્ત, હું બહારવટે ચડું એવી બીક ન રાખતાં!) એ પ્રવાસમાં ચારણ મિત્રો

[1] ભાવનગરનો એક સાર્વજનિક બાગ

મારી સાથે દિવસરાત પોતાનાં ઘોડાં, ઊંટ ને હથિયારો લઈને કેવી રીતે ભમવા આવે છે, અમે એવી ભયાનક નદીઓમાં જીવને જોખમે ઊતરીને ભોમિયાની ભૂલથાપને લીધે કેવા એકને બદલે બીજી જગ્યા જોવામાં તન તોડીએ છીએ, 'વેજલ કોઠા'ને બદલે 'ડાચાફાડ' ડુંગર ઉપર દોડાદોડ પગ મરડતા ચડીને જેસાજી-વેજાજી[1] બહારવટિયાનાં પ્રેતોને કસુંબો પાવાના કેવા વ્યર્થ પ્રયત્ન કરી 'હીરો ઘોઘે જઈ આવ્યો'નું કથન સાર્થક કરીએ છીએ, એ બધી વાતોનું વિવરણ હું અનુક્રમે આપવા માગું છું, તે એવી આશાએ કે સૌરાષ્ટ્રના પ્રવાસોની એક સબળ ઉત્કંઠા વાચકોમાં જાગ્રત થાય.

## સૌરાષ્ટ્રનું મહત્ત્વ

ભાઈ પરમાનંદ કાપડિયા એના નિત્યના મધુર કટાક્ષોમાં મને સંભળાવે છે કે "સારું જ છે કે કુદરત પ્રતિની તારી આટલી પ્રબલ ઊર્મિલતાએ કાઠિયાવાડની બહાર જઈને પશ્ચિમ વગેરે બાજુનાં સૃષ્ટિસૌંદર્ય દીઠાં નથી. દીઠાં હોત તો ખરેખર તારું હૃદય ફાટી જ પડત. કાઠિયાવાડની આછીપાતળી પ્રકૃતિરચના અને સામાન્ય એવી પ્રાચીનતાઓ તને આટલો બહેકાવી મૂકે છે, તો પછી પશ્ચિમ તરફની ભવ્ય મૂર્તિઓ ને વનરાજીઓ સામે તારી છાતી સાબૂત રહી જ ન શકત!" આ વાત સાચી જ છે. સોરઠની લઘુતામાં પણ હું અતિશય રાચું છું. મમત્વનો માર ખરેખર વસમો છે. પરંતુ એ શું છેક મમત્વ જ છે? આંહીં 'એભલ મંડપ'[2] અને સાણા[3] જેવા પ્રાચીન બૌદ્ધ વિહારો પડ્યા છે તેનું કેમ? મારા એ પ્રવાસમાં સાણા નામના ડુંગરમાં અખંડ પહાડમાં જ કૈં વર્ષો પૂર્વે કોરી કાઢેલી પચાસ-સાઠ સરસ ગુફાઓ તથા મીઠાં મોતી જેવાં નિર્મળ પાણીનાં મોટાં ટાંકાં, અંદરના એક ખંડમાં ઊભેલો બૌદ્ધ ધર્મનો સ્તૂપ વગેરેનો બનેલો એ સુંદર બૌદ્ધવિહાર આ પત્ર લખતી વેળા મારાથી વિસરાતો નથી. આ જગ્યાનો મોહ તો મને 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ પાંચમો લખતી વેળાથી જ લાગ્યો હતો. 'દેહના ચૂરા' નામની એ પુસ્તક માંહેલી પ્રેમકથાના દુહાઓમાં રાણા નામનો રબારી પ્રેમિક સાણા ડુંગર પર રહેલો હોવાની વાત પૂછતાં, ચારણ મિત્ર દુલા ભગતે મને એ ગુફાઓનું વર્ણન આપેલું તે મેં એમના પરના વિશ્વાસે જ લખેલું; પરંતુ એમના વર્ણનમાં અતિશયોક્તિ રખેને હોય, એવી ઊંડી શંકા રહ્યા કરતી હતી. વળી ગીરના એ પ્રદેશની સાથે જડાયેલી અનેક સ્નેહકથાઓએ અને

---

[1] જેસાજી ને વેજાજી : જુઓ વાર્તા 'ભૂત રુવે ભેંકાર' ('સૌરાષ્ટ્રની રસધાર'), અને 'જેસાજી–વેજાજી' ('સોરઠી બહારવટિયા')

[2] ભાવનગરથી દક્ષિણે 55 કિલોમીટર પર વસેલા તળાજા ગામને અડીને ઊભેલી ટેકરીઓ પરની ઐતિહાસિક ગુફાઓ પૈકીની એક એભલમંડપ નામે પ્રસિદ્ધ છે.

[3] સાણો : ગીરની ગિરિમાળાનો એક ડુંગર

વીરકથાઓએ મને સ્વપ્નમય વાતાવરણથી કેટલાક દહાડાનો ઘેરી લીધેલો હતો. એટલે એ મોકો મળતાં ચારણ કવિ મિત્ર દુલા ભગતની નાનકડી સેનામાં શામિલ થઈ, રાજુલા ગામથી પરોઢનાં ચાંદરડાંને અજવાળે અમે અસવારી ઉપાડી.

## ઇતિહાસપ્રેમી રાજુલા

આ રાજુલા ગામથી માંડીને જ ઇતિહાસની રસિકતા શરૂ થઈ જાય છે. વાણિયાથી માંડી ગરાસિયા સુધીનાં ઘણાંખરાં માણસો એ આસક્તિનો કંઈક કંઈક પરિચય વાત વાતમાં કરાવે છે. રાજુલા ગામ પોતે જ અનેક ડુંગરાની ઓથે આવી રહ્યું છે. રાજલિયો ડુંગર ગામને ઘસીને જ ઊભો છે. આજે લોકો એને પોતાના પાયખાના તરીકે વાપરે છે, પણ ગઈકાલે એ ધાંખડા શાખાના મૂળ માલિક ગરાસિયાઓના રહેઠાણનો કિલ્લો હતો. એને માથે ઓરડા, ઘોડાહારો, ભોંયરાં, પાણીનાં ટાંકાં વગેરે હતાં, તેનાં નજીવાં ખંડિયેરો હજુ પણ દેખાય છે. ઉપર તાજનશા પીરનું થાનક છે. પીરોની વાતો પર મને પ્રેમ છે. મિત્રો મજાકમાં મને કહે છે કે હવે પછી તું 'સોરઠી પીરો', 'સોરઠી ભૂતો', 'સોરઠી ડાકણો' ઇત્યાદિનો સંગ્રહ પણ જરૂર કરજે! અને હું માનું છું કે આવા આવા ઢગલા ફેલવાથી પણ લોકમાનસનો બહોળો ઇતિહાસ હાથ આવે. એટલે મારા ભાવિ. દોસ્ત તાજનશા વિશે તપાસ કરતાં મેં સાંભળ્યું કે ભોળો ધાંખડો ડુંગર ઉપર કિલ્લો ચણાવતો હતો ત્યારે અમુક ભાગનું ચણતર ચણાયા પછીની વળતી રાત્રિએ પડી જતું. ભોળા ધાંખડાના સ્વપ્નામાં કોઈ દેવશક્તિએ આવીને કહ્યું રે હું બુખારી સૈયદ હતો. ડુંગર પર મારું લોહી છંટાયું છે, માટે મારી દરગાહની સ્થાપના કર્યા પછી જો ગઢ ચણીશ તો જ ટકી શકશે વગેરે વગેરે. આ ઉપરાંત ગામની નજીક સિદ્ધરાજના સમયના લેખવાળું એક શિવાલય છે. ડુંગરાઓ વચ્ચે સુંદર ગાળીઓ છે, અને એવાં દૃશ્યો જોઈ સ્વતઃ કવિતા સાંભરે છે કે

*ડુંગર વંકો ગાળીએ, ને વંકી સરણ્યે,*
*રાજા વંકો રાવતે, ધણ્ય વંકી નેણે.*

[વાંકી ખીણવાળો ડુંગર : વાંકમાં વહેતી સરણીવાળી નદી : બંકો રાવત વાળો રાજા : અને વાંકાં ભમ્મરવાળી સ્ત્રી : એ ચારેય તો વાંકાં જ સારાં લાગે છે.]

ચોફરતા કુદરતી કાંઠા જેવા બની રહેલા એ ડુંગરાઓની વચ્ચે, થોડુંક જ ચણતરકામ કરવાથી અખૂટ પાણીનું સરોવર નીપજાવી શકાય એવી રચના જોઈ મને લાગ્યું કે રાજ્યનું લક્ષ એ વાત તરફ કોઈ ખેંચે તો સારું થાય.

## વિદ્યાપ્રેમી પ્રજા

પહાડો, નદીઓ, સરોવરો, શિવાલયો, એવી પરિશુદ્ધ સૃષ્ટિમાં દિવસરાત રહેનારાં મનુષ્યો પોતે પોતાના થકી જ ગંદકી ઉત્પન્ન કરી આવા સુંદર ગ્રામ્ય નિવાસને નરકવાસ

બનાવવાનું શી રીતે પસંદ કરતાં હશે? કેમ કરીને સહન કરી શકતાં હશે? એ વિસ્મય મને રાજુલાની શેરીઓ જોઈને થયા વિના રહેતું નથી. પાંચ જ મિનિટની અંદર ગામની બહાર નીકળી શકાય, એવા તદ્દન નાના શહેરની શેરીઓ જો લોકો પ્રાતઃકાળના અંધારામાં ઊઠીને અસહ્ય રીતે બગાડી મૂકે, તો એ લોકોના આહાર–વિહાર વિશે શી કલ્પના કરવી? રાજુલાને પાદર પથ્થરની બહોળી ખાણો છે, મુંબઈ – કલકત્તાથી એના પ્રજાજનો કંઈક રળી લાવી સુશોભિત પાકાં મકાનો ચણાવે છે, કાઠિયાવાડનું એક સરસ આરોગ્યભુવન બની શકે તેવું એ ગીરનું નાકું છે, અને છતાં આ વિષ્ટામાં રાચતી મનોદશા શી રીતે પેદા થઈ? ભાવનગર રાજ્યનાં લગભગ તમામ મહાલોનાં ગામો – કુંડલા, મહુવા, રાજુલા, બોટાદ વગેરે – કુદરતનાં કૃપાસ્થાનો છે, પ્રકૃતિમાતાએ એને પોતાના રસસૌંદર્યે નવાજ્યાં છે, પણ મનુષ્યને મન એની કિંમત નથી. એ ગંદકી માનવતાને લજ્જાસ્પદ ગણાવી જોઈએ. ફક્ત ગઢડા જ એના અપવાદ રૂપ છે. એ પ્રતાપ સ્વામિનારાયણ ધર્મના શુચિ-સંસ્કારોનો. એની કથા અવસરે લખીશ. આજ તો એ ઇતિહાસપ્રેમી, અતિથિપ્રેમી અને વિષ્ટાપ્રેમી ગામને છોડી આગળ વધ્યો.

## ગુમાવેલો પ્રતાપ

એ-ના એ પહાડ : એ-ની એ નદીઓ : એ-ની એ જુનવટ : ને એ-નો એ પ્રકૃતિનો પ્રતાપ : પરંતુ હું તો એ તમામના વચ્ચે શોધતો હતો એનાં સંગી મનુષ્યોના જૂના પ્રતાપીપણાને. પણ હું નિરર્થક શોધતો હતો. જૂના પ્રભાવથી આંખો આંજતા, જોનારાને ડારતા, કોઈ અદ્ભુત નવલકથાનાં પાત્રો સૃજવાની સામગ્રી પૂરી પાડી શકે એવા અસલી ચહેરા-મહોરાની સમૂળી જ ગેરહાજરી મને બહુ સાલતી હતી. જીવનમાંથી તો જે ગયું, પણ પ્રદર્શનમાં મૂકવા યે જે ન રહ્યું, એવું માનવતત્ત્વ આજના લેખકોને પોતાની ચોપડીઓમાં કેવી બેહૂદી રીતે કલ્પવું પડે છે! અને એ કલાકારોની કલ્પનાનાં વર્ણસંકર ચિત્રો તથા વર્ણનોનો આધાર લઈને કોઈ પણ પ્રજા પોતાનો ભૂતકાળ કેવોક ભણી શકે! આવી વિકૃતિમાંથી નવો સૌરાષ્ટ્ર કેવો જન્મશે, ને એનું પાપ કલાકારોના માથા પર પણ કેટલું ચડશે, તે ભૂલવા જેવું નથી.

અમારું ઊંટ કે જેને અમે 'સલૂન' કહેતા હતા, ને જેની ભલાઈનો તથા સહનશીલતાનો લાભ લઈને અમે ત્રણ જણા ચડી બેઠા હતા, તે સરખી ચાલે વહેવા લાગ્યું અને તારોડિયાની જ્યોતમાં નહાતા, ભાવનગરના પ્રતાપી રાજા આતાભાઈએ તથા વજેસંગજીએ આ રાજુલા વગેરે પ્રદેશ કેવી કળવકળથી ને જબરદસ્તીથી કબજે કરી શાંતિ સ્થાપી તેની વાતો કરતા અમે પ્રભાતે એક ગામની ખળાવાડમાં પહોંચ્યા. એ નાના ગામનું નામ હતું સરોવરડું. નામ મને અત્યંત ગમી ગયું. નામ પાડવામાં અસલી લોકો અચ્છી રસિકતાનો ઉપયોગ કરી જાણતાં. એ તો ઠીક; પરંતુ આ નામની પૂછપરછમાંથી તો મને એક રસવંતો ઇતિહાસ હાથ લાગ્યો. ત્યાંના બે જુવાન ગરાસિયા ભાઈઓએ તુર્ત જ મને

કહ્યું કે આ ગામનું અસલ નામ સવિયાણું.

## સવિયાણાની સ્નેહકથા

'સવિયાણું' શબ્દ સાથે તો મને અતિ મધુર પરિચય હતો. તુર્ત મને દુહો યાદ આવ્યો કે

*સવિયાણું સરધાર, નગરામાં નેહચળ ભલું,*
*(જેની) બવળાં હાટ બજાર, રજવાડું રાધએ ભર્યું.*

"હા, હા, ભાઈ!" ગરાસિયાઓ બોલી ઊઠ્યા : "આ એ જ હાટબજારોવાળા રિદ્ધિવંત નગર સવિયાણાનો જ ટીંબો. ને જુઓ, આ સામી દેખાય તે ધારનું નામ સરધાર. અસલ નામ શ્રીધાર : ત્યાં જ શ્રીધારનો નેસ પડ્યો હતો. આ પોતે જ નાગ વાળા અને નાગમતીના પ્રેમનું અસલ ધામ!"

મને બીજો દુહો યાદ થયો :

*સવિયાણું ને સરધાર, બેય તરોવડ ટેવીએ,*
*એકે વણજ વેપાર, બીજે મરમાળાં માનવી.*

"સાચું, સાચું, ભાઈ! સવિયાણામાં નાગ વાળો રહેતો ને શ્રીધાર–સરધારની તળેટીમાં આયરના નવ નેસ પડ્યાં હતાં. એમાં રહેનાર મર્માળું માનવી એટલે એ નેસવાસી ભેડા આયરની દીકરી નાગમદે."

"પણ પેલી વાવ ક્યાં? વડલો ક્યાં?" મેં શંકાથી પૂછ્યું, ને ફરી દુહો ગાયો :

*વડલા હેઠળ વાવ, હાલે ને હિલોળા કરે*
*નાગમદે નાની નાર ભેડાની, પાણી ભરે.*

પોતાની વાત ખોટી મનાશે તો પોતાના ગામનું એ અમુલખ ઐતિહાસિક ધન એળે જશે એવા ભયથી ઉત્સુક બનીને એ ગરાસિયા ભાઈબંધે મારું કાંડું ઝાલીને કહ્યું, 'ચાલો બતાવું. જુઓ આ સરોવર કે જ્યાં નાગ વાળો ને નાગમદે નહાતાં હતાં. એની અંદર વાવ હતી તે ઘણાએ દીઠેલી : આજ એ દટાઈ ગઈ છે. આ વડલો : અત્યારે તો એની આ વડવાઈ જ રહી છે : અસલ તો એની ઘટા ઘણી વિશાળ હતી. આ સરોવરની પાળે પાળે સડક ચાલી જાય છે, તે છેક સામી ધાર ઉપર પહોંચે છે. એ ધાર ઉપર શંકરનું દેવળ હતું, એ દેવળમાં દાખલ થઈને નાગ વાળાએ નાગમદેની વાટ જોયેલી. પણ નાગમદેને પોતાનાં માવતરે કોઈ બીજા રાજકુંવરની સાથે વરાવી, ને જાન આવી તે વખતે નાગમદેએ પોતાની ચૂંદડી કોઈ દાસીને પહેરાવીને પોતાને બદલે માંડવે મોકલી, પોતે પોતાના મનના માન્યા પતિ નાગ વાળા પાસે સંકેત મુજબ ચાલી નીકળી. પરંતુ અધીરા નાગ વાળાએ દેવળમાં બેઠાં બેઠાં જંગલમાં પેલી જાન સાથે નાગમદેનાં વસ્ત્રો પહેરીને ચાલી જતી દાસીને દીઠી, એને નાગમતી માની, હતાશ થઈ, નાગમદે કૂડ રમી છે એવો વિચાર કરી, પેટ

દિ' ઊગ્યે દેવળ ચડું, જોઉં વાળાની વાટ,
કાળજમાં ઠાગા કરે, નાડચે વા'લો નાગ.

અને વળી –

નીકળ બારો નાગ, રાફડ કાં રૂંધાઈ રિયો,
(માથે) મોરલીયુંના માર, (તોય) નીંભર કાં થિયો નાગડો.

એમ પતિને નાગની અને પોતાને વાદણની ઉપમા આપી, આખરે કમાડ ખેડવી અંદર ગઈ; ત્યાં નાગને મરેલો દેખી,

અગર ચંદણના રૂખડા, ચોકમાં ખડકું ચ્હે,
હું કારણ નાગડો મુવો, બળશું અમે બે.

એ રીતે પોતાને કારણે પ્રાણ કાઢનાર પ્રેમીની સાથે એ આયરની દીકરી બળી મરી, તે પણ આ ગામને ટીંબે જ બન્યું છે, ભાઈ!

"પણ," મેં પૂછ્યું, "આવું જ એક સ્થળ મને પાંચાળમાં રેશમિયા ગામને પાદર બતાવવામાં આવે છે ને?"

"ઇ ખોટું. આ જ સાચું."

## વહાલાં ગયાં વિદેશ

ઐતિહાસિક મહત્તાનું મમત્વ કોને નથી હોતું? કાઠિયાવાડનાં નાનાં-મોટાં તમામ ભોંયરાં ગીરનારમાં જ નીકળે! જૂની તમામ ગુફાઓ પાંડવોની જ બાંધેલી! જૂનાં તમામ ખંડિયેરો કનકાવતી નગરીનાં! જૂની તમામ મોટી મૂર્તિઓ તો ધૂંધળીમલની ને કાં ભીમની! – એવી જાતના આ મમત્વ તરફ હું આનંદથી જોઈ રહ્યો. ગમે તેમ હો, પણ આ સ્થળ મને નાગ વાળા–નાગમદેનું[1] ખરેખરું જ ઘટનાસ્થળ લાગ્યું. એવી પ્રેમકથાઓ મોટે ભાગે ગીરમાં જ બની હોવી જોઈએ. આમ માનીને હું એ સવિયાણા શહેરની જમીન પર જોઈ રહ્યો : કલ્પના વેગે ચડી : જાણે એ બવળી બજારને કોઈ હાટડે ઘીની તાંબડી લઈને આયર-કુમારી નાગમદે વેચવા આવી છે : વેપારીના ઠામમાં જાણે એના રૂપાળા હાથ ઘી ઠાલવી રહ્યા છે : ઓચિંતો ઘોડેસ્વાર નીકળે છે : નાગમદેની નજર ત્યાં મંડાય છે : આંહીં ઘીની ધાર નીચે ઢોળાય છે : ટિખળી વેપારી એનું ધ્યાન ખેંચે છે : અને નાગમદેના મ્હોંમાંથી વચન સરે છે કે

ઘોળ્યાં જાવ રે ઘી, આજુનાં ઉતારનાં,
ધન્ય વારો ધન્ય દિ', નેણે નીરખ્યો નાગને.

અને એવી પ્રીતિ લાગી ગયા પછી, એક દિવસ ઓચિંતાં શ્રીધારનાં નેસડાં ઊપડી જાય છે, નાગ વાળો ત્યાં જાય ત્યાં તો –

---

[1] 'નાગ–નાગમદે' એ દુહાબદ્ધ કથા ('સોરઠી ગીતકથાઓ')

નહીં વલોણું વાસમાં, નહીં પરભાતી રાગ,
નાગમદેના નેસમાં કાળા કળેળે કાગ.

એવું બધું સૂનસાન દેખે છે. માત્ર ભાંગી ગયેલ પગવાળો એક પાડો જ ત્યાં પડ્યો રહ્યો છે, અને એની ડોકે બાંધેલા કાગળિયામાં પ્રેમિકાના હસ્તાક્ષરનો મીઠો દુહો છે કે

નાગ તમાણે નેસ, ભાંગલ પગ ભેંસા તણો,
વા'લાં ગયાં વદેશ, અવધિ આવાણું નહીં.

એ ત્રાંબાવરણા તળાવના હિલોળા : વડલાની ઘટા : શ્રીધારના નવ નેસ : માંહી વસેલાં મર્માળાં માનવી : આખી સૃષ્ટિ નજર સમીપે તરવરવા લાગી. પરંતુ ત્યાં તો તુર્ત જ મને દુનિયાદારીના ડહાપણે ધબ્બો લગાવીને શિખામણ દીધી કે ભાઈ! ક્યાંક વિચારવાયુ ઊપડશે! હું ચેતી ગયો, અને નાગ વાળા–નાગમદેની બેવકૂફી પર હસવા યત્ન કરતો કરતો નાગેશ્વરી ભણી ચાલી નીકળ્યો.

## 2

### મર્દાની ભાષા

**આ** નાગેશ્વરી ગામ : લોકોએ આ કોમળ શબ્દને 'નાઘેશરી' બનાવી દીધો છે. ગલોફાં ભરાઈ ન જાય, અને ગળું ગાજી ન ઊઠે, ત્યાં સુધી શબ્દ શા ખપનો? સૌરાષ્ટ્રીય ભાષાના ઉચ્ચારો નક્કી કરવાનું આવું કાંઈક મર્દાનગીનું ધોરણ હશે. 'મૃગનયની' નહીં, 'મરઘાનેણી'! 'શેત્રુંજી' નહીં, 'શેતલ'! 'ભયંકર' નહીં, 'ભેંકાર'! 'બ્રહ્માંડ' નહીં, 'વ્રેહમંડ'! 'વૃક્ષ' નહીં, 'રૂખડો'! જેવું આ શબ્દોનું સ્વરૂપ, તેવું જ વાક્યોનું, અને વાણીના આખા યે ઝોકનું : ભાઈ શ્રી એન. સી. મહેતા, કે જે અમદાવાદના નિવાસી જણાય છે, અત્યારે આઝમગઢના કલેક્ટર પદે છે, અને કલાસાહિત્યનું ઊંડું અવગાહન ધરાવે છે, તેમણે હમણાં જ પોતાના એક પ્રોત્સાહનભર્યા પત્રમાં 'રસધાર'ની ભાષાની મીમાંસા કરતાં ચેતવણી ફૂંકી છે કે "ગુજરાતી ભાષાથી ચેતીને કામ લેવું; કેમકે આપણી વીર-કથાઓને ઘાતક એવી માંદલી મધુરતામાં ગુજરાતી ભાષા સહેલાઈથી લસરી પડે છે!"[1] ....પરંતુ આ ભાષાનું પુરાણ હું તમારી પાસે ક્યાં ઉઘાડી બેઠો! એ બધું તમારી નાની-શી હોજરીને નહીં પચે. એ તો કોઈ વૃકોદર સાક્ષરવીરને જ સોંપીએ.

થયું થયું! ક્યાં તમે, ક્યાં એ ઉચ્ચાર-જોડણીનું સાક્ષરી સમરાંગણ, ને ક્યાં આ અંધારમય બાબરિયાવાડનું મથક નાગેશ્વરી!

### કોટીલાની વીરકથા

નાગેશ્વરીમાં વરૂ શાખાના બાબરિયા રહે છે. રાજુલા જેમ ધાંખડાઓનું, ડેડાણ જેમ કોટીલાઓનું, તેમ નાગેશ્વરી વરૂઓનું અસલી ધામ : બેતાલીસ ગામ બાબરિયાઓનાં, અને તેમાં ધાંખડા, વરૂ, કોટીલા, બોરીચા, ચભાડ, કારિયાળ, ભુવા, લૈયા, ઘુસાંબા, ઘડંઘા... પણ એ શાખાઓનાં નામ વાંચતાં વાંચતાં તમારાં નાનકડાં જડબાં કદાચ ફાટી જશે; કાંઈ નહીં. એવી ઘણી શાખાઓ અહીં વસે છે. આપણને તો આજે આ નામોની કિંમત નથી, પણ જોજો! પરદેશી પંડિતો એક દિવસ એ નામમાંથી પણ ઇતિહાસની સાંકળના અંકોડા ખોળી કાઢશે. પણ તમે પંડિત નથી, રસિક છો; વીરત્વના આશક છો; તેથી ચાલો, તમને તો હું બાબરિયાઓની એકાદ વીરકથા કહી સંભળાવું. રસધાર ભાગ પહેલામાં 'ભોળો

---

[1] We have to be careful with Gujarati, for it easily lends itself to a sickly sweetness which is fatal to our heroic lore.

કાત્યાળ' યાદ આવે છે? એ જ ભાગમાં મૈત્રીની વિલક્ષણ ખાનદાની દાખવનાર વીર માત્રા વરૂ અને જાલમસંગની ઘટના[1] સાંભરે છે? જરૂર ફરી વાંચી જજો. એ વરૂ ને કાત્યાળ કાઠીઓ નહીં. બાબરિયા હતા. પણ આજ તો 'સૌરાષ્ટ્ર'[2] સાપ્તાહિકને પાને જેઓનાં દુષ્કૃત્યોની સાચેસાચી વાતો વારંવાર ડોકિયાં કરે છે, એ ડેડાણવાળા કોટીલાઓના એક પૂર્વજની યશકથા હું લખવા માગું છું. સુમેસર કોટીલાએ પાંચસો વર્ષ પૂર્વે પોતાની 'પાણી! પાણી!' પુકારતી રૈયતને કારણે મધરાતે દેવી ખોડિયારના ઘોર મંદિરમાં પેટે કટાર ખાવાની તૈયારી કરી, દેવીનો ચૂડલિયાળો હાથ બહાર નીકળ્યો, સુમેસરની કટાર ઝાલી રાખી, અને એ પરમાર્થી ભક્તના ઘોડાના ડાબલા પડ્યા તેટલા વા'માં એક રમ્ય, અતિ રમ્ય, અપ્સરા જેવી નાની-શી નદી રેલાવી; એ નાવલી નદીને કાંઠે, કુંડલા ગામના ટીંબા પર, સુમેસરથી સાતમી પેઢીએ સમર્થ દેવો કોટીલો પાક્યો :

*દીકરીયું દૈવાણ, માગેવા મોળીયું,*
*(તેને) તરવાર્યું તરકાણ, તેં દીનૈયું દેવલા.*

[હે દેવલા! તારી દીકરીઓની માગણી કરનાર તરકોને તેં શું દીધું? તરવારો દીધી!]

ખૂબી તો એ છે કે એ દીકરીઓ એની પોતાની પણ નહોતી : પારકીઓને પોતાની કરી પાળી હતી : કથા આમ કહેવાય છે : પાલિતાણાના હમીર ગોહિલની બે દીકરીઓ : બંને પદમણી : કોઈ દુષ્ટ ચારણે જઈ એ દીકરીઓનાં રૂપ વિશે જૂનાગઢના નવાબના કાન ભંભેર્યા : કહે છે કે ચારણ પાલિતાણે જઈ હજામ થઈને રહ્યો : કુંવરીઓના નખ ઉતારીને ચાલ્યો ગયો : નવાબની સમક્ષ એ નખ સૂર્યના તાપમાં મૂક્યા : તૂર્ત જ નખ ઓગળી ગયા : નવાબ માન્યો કે પદમણી સાચી : ગોહિલ રાજ પર દબાણ ચાલ્યું કે દીકરીઓ પાદશાહ જોડે પરણાવો : ગોહિલપતિની પુત્રીઓની વેલડી રાજે રાજમાં ફરવા લાગી : કોઈ રાખો! કોઈ રાખો! પણ પાદશાહી શિકારને કોણ સંઘરે? વેલ કુંડલે આવી : ચોરે બોંતેર શાખના બાબરિયો હેકડાઠઠ બેઠા છે : પૂછ્યું કે 'કોનું વેલડું?' જવાબ મળ્યો કે મોતનું વેલડું! દહીવાણ દેવો કોટીલો ગાજ્યો : અમે એ વેલડું છોડાવશું; બે ય કુંવરી અમારી પેટની દીકરીયું થઈ રહેશે; ભલે આવે નવાબની ફોજું : મરી મટશું!

નવાબનાં નિશાન ફરુક્યાં : પણ કુંડલામાં કોઈ વંકો ડુંગર ન મળે! દેવો કહે, ઓથ ક્યાં લેશું? રાતે આઈ ચામુંડા દેવી સ્વપ્ને આવી કે "બીજે ક્યાંય નહીં, આંહીં 'ભરોસે' ડુંગરે જ રહેજો, બાપ! આકડા એટલા અસવાર થાશે, ને ગેબનાં નગારાં ગગડશે!"

યુદ્ધ ચાલ્યું. બોંતેરમાંથી સાત શાખાઓ તો સમૂળી જ ખપી ગઈ. બીજી શાખાઓના થોડા થોડા છોકરા રહ્યા. કોઈ તરવાર ઝાલનારા ન રહ્યા. પણ આશરે આવેલી દીકરીઓ બચાવી. અને દેવા દહીવાણની વીરગાથા રચાણી કે

---

1 'ભાઈબંધી' વાર્તા ('સૌરાષ્ટ્રની રસધાર')

2 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક

*માંડી મેઘાણા, તેં ભરોસે ભવાઈ,*
*ખેળા ખાન તણા નત રાવત નાસાડવા.*

[ભરોસા નામના ડુંગર પર તેં યુદ્ધ રૂપી નાટક આદર્યું, ને તેમાં તે નવાબના ખેળા (નટો)ને તેં નસાડ્યા.]

*ડખડખિયું ડાર, ડાઢાળો ડખિયો નહીં,*
*ઘરકે ઘુંઘણીયાળ, દળ બે આડો દેવડો*

[જેમ વરાહ હંમેશાં પોતાના સામર્થ્યના મદમાં જળાશય ઉપર બે સિંહોની વચ્ચે જ ઊભો રહીને પાણી પીવે છે, તેમ તું પણ, હે તલવાર રૂપી દાતરડીવાળા વરાહ ! બે લશ્કરોની વચ્ચે ઊભો રહી લડ્યો, તારું કુટુંબ વીંખાઈ ગયું, પણ તું ન ખસ્યો.]

એ રીતે પૂર્વે તો ગરાસિયો ગામ વસાવનારો ગણાતો. પણ અત્યારે એ નિયમ પલટાયો છે. ગરાસિયો જે ગામમાં હોય તે ગામના ભુક્કા થાય. નાગેશ્વરી મને એ નવા નિયમના અપવાદ જેવું લાગ્યું. ગામનું મુખ ઊજળું છે. લગભગ તમામ ઘરનાં આંગણાં ઉજાસ મારે છે. કેમકે ગરાસિયાઓ ખાનદાન છે. ભીમ વરૂ ને કાળુ વરૂ બે ભાઈઓની સુવાસ કોમળ પુષ્પ જેવી લાગી. પૂર્વજોના સંસ્કારના પૂજક ભીમભાઈ તો રોજ કુમારિકાઓના પગ ધોઈ ચરણામૃત પીવે છે, ગાયોની સેવામાં તલ્લીન છે, સાધુ સંત કે ગરીબ નિરાધારની અખંડ ચાકરી કરે છે. અતિથિ તો એનો દેવતા છે. સાંભળ્યું કે સગી માતાને સૂગ આવે એવાં લોહી પરૂ ને મળમૂત્ર એ ભીમભાઈએ કોઈ પરદેશી પ્રવાસીના નિરાધાર દેહ પરથી ધોયેલાં હતાં.

## કાળમુખો કસુંબો

પરંતુ નાગેશ્વરીને હું પૂછતો ઊભો કે ઓ વીરભોમ! તારા બાબરિયાવાડના જવાંમર્દો ક્યાં અદશ્ય થયા? એ પ્રશ્નનો જવાબ મારે માટે આગળ રાહ જોતો ઊભો હતો. એનો જવાબ છે કાળમુખો કસુંબો! આખે રસ્તે મને એનું વિનાશી સ્વરૂપ દેખાયા કર્યું. એ કસુંબો નથી સમય–કુસમય જોતો, નથી યુવાન–વૃદ્ધ જોતો, નથી પૈસા કે ગરીબી જોતો. એ તો, બસ, પીવાય છે. મરજી પડે ત્યારે પીવાય છે. રડીને, કરગરીને, રિસાઈને, ગોળાનું પાણી હરામ કરવાના ડારા દઈને પણ સામસામો પીવરાવાય છે. રાજુલામાં એક જુવાન ધાંખડો જોયો : વીસ વરસનો પડછંદ જુવાન : સાચેસાચી ગુલાબી મુખમુદ્રા : ભરપૂર બદન : ગાલ ઉપર હેતપ્રીત ને ભોળપની ચૂમકીઓ ઊપડે : દુશ્મનનું પણ દિલ ઠરે એવો જુવાન : એક દસકામાં એ બુઢ્ઢો બનશે. એની સંતતિ, સ્ત્રી, જાગીર, તમામ એને બોજારૂપ થઈ પડશે. એ રંગીલા દેહમાંથી પૌરુષ વિદાય લેશે. અફીણને એ ધિક્કારે છે. પણ પિતા ગુજરી જતાં પોતાના ઉપર એ કર્તવ્ય ઊતરેલું માને છે કે અતિથિઓ માટે કસુંબો કાઢવો, ને અતિથિઓના હાથની અંજલિ પણ લેવી! એ વ્યવહાર! બીજાં પીણાંમાં – દારૂમાં, ચામાં, કાવામાં, બીડીમાં વગેરેમાં – તો મીઠાશ છે. સ્વાદનું ને

ખુમારીનું પ્રલોભન છે. પણ અફીણ તો કડવું ઝેર! કશું આકર્ષણ ન મળે! કેવળ વ્યવહાર. કેવળ શિષ્ટાચાર. કેવળ પ્રતિષ્ઠાનું જૂઠું કાટલું!

મને કહેવામાં આવ્યું કે હજુ તો કાંઈ જ નથી. તમે હજુ ક્યાં દીઠું છે? બાબરિયાવાડમાં આગળ વધો : ચૌદ-ચૌદ, સોળ-સોળ, અઢાર-અઢાર વર્ષના જુવાનોને પિતા પોતે બંધાણ કરાવે છે અને એ અકાળે વૃદ્ધ બનેલા યુવકો, પોતાનાં જ જીવતાં પ્રેતો જેવાં, ડેલીએ બેસી ઝોલાં ખાય છે.

અને આ બધું શા માટે? એક બંધાણી ભેરુ કહે કે આંકુશ છે આંકુશ! આ આંકુશ શું? ઊછરતો જુવાન ફાટીને બદફેલીમાં ન પડી જાય તે માટેનો અંકુશ. શાબાશ અંકુશની વાતો કરનારાઓ! ઘોડેસવારીનો, રમતગમતનો, ખેતીના ઉદ્યમનો, લશ્કરી નોકરીનો, શિકારની સહેલગાહનો – એ બધા અંકુશ મરી ગયા પછી આ અફીણ અંકુશનું સ્થાન લ્યે છે! ને એ અંકુશની આરાધના તે ક્યાં સુધી! અમારા ભલા ભોળા ને પ્રભુપ્રેમી ... ભાઈ પોતાના એક-બે વર્ષના બાળક બેટાને પણ આંગળી ભરીને કસુંબો ચટાડે છે. હું જો જૂનાગઢનો નવાબ હોઉં તો બાબરિયાવાડમાંથી કસુંબાને શોખની કે વ્યવહારની વસ્તુ તરીકે દેશવટો દઉં – પણ એ તો મિયાંના પગની જૂતીવાળી વાત થઈ!

હજુ એક ભયાનક વાત બાકી છે. અફીણની જન્મકેદમાં ફસાઈ જનાર એક હાડપિંજરે મને પેટ ઉઘાડીને વાત કહી – સાચું કારણ કહ્યું – કે શા માટે આ શત્રુ પેઠો છે : હું એની યોજેલી નગ્ન ભાષાને શી રીતે વાપરી શકું? હું એનો સભ્ય ભાષામાં તરજૂમો કરું છું કે “ભાઈ! વિષયભોગની તાત્કાલિક વધુ તાકાત પામવાને ખાતર જ સહુ કસુંબો પીવે છે”.

ભલે પીવે ને ભોગવે. મેં સાંભળ્યું છે કે કાકા કાલેલકરની દૃષ્ટિમાં આ બધી વીર જાતિઓનો વિનાશ જ અનિવાર્ય લાગી ગયો છે. ‘ધે હેવ આઉટલિવ્ડ ધેર યુટિલિટી’, એમની ઉપયોગિતા અસ્ત પામી છે. માટે ભલે ઢીંચી ઢીંચીને... ના ના! મારા મુખમાં એ અભિશાપ શોભતો નથી. ત્યાં સર્વત્ર કેળવણી અને સંસ્કાર જલદી જઈ પહોંચો, એ જ મારી પ્રાર્થના હોવી ઘટે. ભાઈ, તે બાજુ તમારું કામ છે. પણ તમારા કાર્યક્રમમાં સોરઠ ને ગીર ક્યાં છે? તમારા સૌરાષ્ટ્રનો નકશો એટલે ફક્ત ભાલ...! જવા દો. તમારા પર હું બહુ ઘાતકી બનતો જાઉં છું, ખરું? તમારાં મૂઠી હાડકાં કેટલેક પહોંચી શકે?

## પ્રવાસમાં કાવ્યરસ

સારા શહેરની ફિકર લઈને ફરતા પેલા કહેવત માયલા કાજીની પેઠે આ મારા સંતાપ અને રોષ મારા હૃદયમાં શમાવીને હું આગળ વધ્યો. અને ગીરમાતાની માલણ, ઝૂલાપરી, રૂપેણ, ધાંતરવડી વગેરે સુંદર નામની નાની-શી નદીઓ મારા પગમાં રમતી રમતી સામી મળી. સાથેના ચારણ સંગાથીઓ પણ પ્રસંગે પ્રસંગે દુહાઓ વરસાવી પોતાની ગુપ્ત રસજ્ઞતાનું દર્શન મને કરાવતા ચાલ્યા. નદીમાં કોઈ કપડાં ધોવાની રળિયામણી

છીપર જોતાં તો અમારા લેરખડા ... ભાઈએ લાખા ફુલાણીનો એકાદ દુહો ફેંક્યો જ હોય કે

*લાખો કે' મું બારીયો, લાસી છીપરિયાં,*
*(જ્યાં) હાથ હિલોળે પગ ઘસે, ગહેકે ગોરલિયાં.*

[લાખો કહે છે કે ઓ ભાઈઓ! મને મુવા પછી કોઈ લીસી છીપરી ઉપર જ બાળજો, કે જે છીપરી પર રમણીઓએ વસ્ત્રો ધોતાં ધોતાં હાથ હિલોળ્યા હોય, પોતાના કોમળ પગની પાનીઓ ઘસી હોય, ને ન્હાતાં ધોતાં ટૈકારો કર્યા હોય!]

કોઈ ગામને પાદર લુંબઝુંબ વડલો આવ્યો કે તૂર્ત બીજો દુહો એ વિનોદી મોંમાંથી ટપક્યો જ સમજવો કે

*જતે નમી વડ છાંય, (અતે) ખોડી ખંભ થિયાં,*
*લંબી કર કર બાંય, ચડે ચૂડા વારીયું.*

[લાખો કહે છે કે ઓહો! જ્યાં આવી છાંયડીવાળી વડ-ઘટા ઢળી હોય, ત્યાં જ હું જલદી મરી જઈને ખાંભીરૂપે ખોડાઈ જવા ચાહું છું કે જેથી ચૂડલાવાળી રમણીઓ એ મારા પથ્થર-દેહ પર પગ મેલીને હાથ લંબાવી વડલે હીંચોળા ખાશે!]

એ શૃંગારી દુહાની સામે અમારા જોગી ... ભાઈ તુર્ત જ પ્રતિસ્પર્ધી ભાવનો દુહો લલકારે કે

*વડ વડવાયેં ઝક્કિયા, અળસર ટકિયા આણ;*
*મેલીને જટા મોકળી, જડધર ઊભો જાણ.*

[વડવાઈ વડે ઝૂકેલો વડલો જાણે જટા વિખરાતી મૂકીને મહાદેવ પોતે જ ઊભો હોયની, એવો દીસે છે.]

કોઈ ગામના ઝૂંપડામાં માતાઓ કે બહેનોના હાથમાં ઊછળતું ને સામસામું ઝીલાતું બાળક જોયું, ત્યાં તો કાવ્ય-વીજળીના તાર જાણે સંધાયા, અને દુહારૂપે દીવો પ્રગટ થયો કે

*એક દિયે બાંજી લિયે, (આંઉ) કફરાડિ' કઢાં,*
*અલ્લા ઓ ડિ' દે, લાખો બારક થિયાં.*

[ઓ પ્રભુ! આ બાળકને સામસામો ફંગોળીને ઝીલતી સ્ત્રીઓને જોઉં છું, ત્યારે મને લાગે છે કે હું બહુ કારમા દિવસો કાઢું છું. મને ફરી વાર એ દિવસો ઝટ દે, કે જ્યારે હું બાળક બની જાઉં!]

એમ કરતાં કરતાં તો ગામડાંની સ્મશાન-ભૂમિ આવે છે. અને જે ગ્રામ્ય જનતા પાસે નદીનાં છીપરાં વિશેની ફાટ ફાટ રસિકતા હતી, તેની પાસે શું સ્મશાનની ફિલસૂફી ઓછી હતી? મૃત્યુની રસિકતા જો વીરભૂમિ સૌરાષ્ટ્રમાં ન હોય તો પછી એના શૂરાતનનાં સેંકડો વર્ષોનો સરવાળો શૂન્યથી વિશેષ કાંઈ જ શાનો હોય? મારા સાથીઓને પણ

એ સ્મશાનમાં કાવ્યો સ્ફુર્યાં :

*આંઉ વંઞો જીરાણમેં, કોરો ઘડો મસાણ,*
*જેડી થૈ વઈ ઉનજી, એડી થીંદે પાણ.*

[હું સ્મશાને ગયો. ત્યાં ચિતા પર મેં કોરો ઘડો દીઠો. ઓ ભાઈઓ, એક દિવસ આપણને પણ એવી જ વીતશે!]

પરંતુ એ તો કેવળ વૈરાગ્ય. ખરી ફિલસૂફી તો આ રહી :

*હાલ હૈડા જીરાણમેં, શેણાંને કરીયેં સાદ;*
*મટ્ટી સેં મટ્ટી મિલી, (તોય) હોંકારા દીયે હાડ.*

[ઓ મારા હૃદય! ચાલો સ્મશાનમાં! ત્યાં જઈ સ્વજનને સાદ કરીએ. ભલે એની માટી તો માટીમાં મળી, એનાં હાડકાં તો હજુ પડ્યાં છે ને? એ હાડકાં ઊઠીને હોંકારો દેશે.]

## તુલસીશ્યામ

એવી અમારી રસમંડળી, પ્યારા મિત્ર સાણા ડુંગરને પાછા વળતાં રોકાવાનું વચન આપી, છેટેથી એ બૌદ્ધ યોગીવર સામે જય જય કરીને તુલસીશ્યામ પહોંચી.

આ તુલસીશ્યામ. ચારેય બાજુ ડુંગરા ચોકી ભરે છે અને ડુંગરાની ગાળીઓમાં વનસ્પતિની ઘટા બંધાઈ છે. કેવી એ વનસ્પતિની અટવી? સૌરાષ્ટ્રીય ભાષામાં કહે છે 'માણસ હાથતાળી દઈને જાય એવી' આવી સચોટ અર્થવાહિતાવાળી ભાષાસમૃદ્ધિ કોઈ કોઈ ગુજરાતી વિદ્વાનોનાં નસકોરાં ફુલાવે છે, આ કરતાં યુરોપી ભાષાના તરજુમા ઘુસાડી દેવાનું તેમને વધુ ગમે છે. ખેર, ગુજરાતની તરુણ પ્રજાનાં દિલ વધુ વિશાળ છે, ઓછાં સૂગાળ છે. એ આપણાં સબળ તત્ત્વોને એકદમ અપનાવી રહેલ છે. એ આ વાંચશે ત્યારે તુલસીશ્યામ આવવાનું મન કરશે.

તુલસીશ્યામના ઇતિહાસમાં મને બહુ રસ નથી. પક્ષી બેસે તો મરી જાય એવું 'ભીંઢો હરમ્યો' નામનું ઝેરી ઝાડવું જ્યાં પૂર્વે હતું, એ 'ભીંઢાના નેસ' નામના નાના ગામડાનો નિવાસી ચારણ દેવો સતિયો આજથી પાંચસો વર્ષ પૂર્વે, 'લેરિયાના નેસ' નામે ગામથી પોતાની વરોળ[1] ભેંસ પર બેસીને ચાલ્યો આવે છે. માર્ગે બરાબર આ ડુંગરા વચ્ચે જ રાત પડે છે. ઘનઘોર અટવી : સામેના રુકિમણી ડુંગર પરથી વાજતે ગાજતે વરઘોડો ચાલ્યો આવે : શૂરવીર ચારણ તલવાર ખેંચી એ પ્રેતસૃષ્ટિને ડારવા ઊભો રહ્યો : પણ જાણે એને કોઈ જ્યોતિ સ્વરૂપે કહ્યું કે દેવા સતિયા! આંહીં મારી પ્રતિમા નીકળશે. આંહીં એની સ્થાપના કરજે. ચારણ નિદ્રામાં પડ્યો; પ્રભાતે પાંદડાં ઉખેળતાં શ્યામ પ્રતિમા સાંપડી. કંકુ તો નહોતું, પણ ચારણ સદા સિંદૂરની ડાબલી સાથે રાખે : સિંદૂરનું તિલક

[1] વરોળ=ન વીંયાય તેવી.

કર્યું (આજ સુધી એ પ્રતિમાને સિંદૂરનું જ તિલક થાય છે) : બાબરિયાઓનું ને ગીરનિવાસી ચારણોનું એ તીર્થધામ થયું : પ્રતિમાજીને નવરાવવા ત્યાં તાતા પાણીનો કુંડ પ્રગટ થયો : એની પાસે જ થઈને નાનું ઝરણું ચાલ્યું જાય છે. તેનું જલ શીતલ, ને આ કુંડનું પાણી તો તો ચૂલા પરના આંધણ જેવું ફળફળતું : પ્રથમ એમાં પોટલી ઝબોળીને પ્રવાસીઓ ચોખા ચોડવતાં : પણ એકવાર કોઈ શિકારીએ માંસ રાંધ્યું : ત્યારથી એની ઉષ્મા ઓછી થઈ છે. હવે એમાં ચોખા નથી ચડતા. પણ એમાં તમે સ્નાન કરો છો એવું ઊનું પાણી તો સદાકાળ રહે છે. કોઈએ કહ્યું કે એમાં દેડકાં પણ જીવતાં જોવામાં આવે છે. એ તો ઠીક, પણ એ પાણીની ગંધનો પાર નથી. કોઈક જ વાર કુંડ સાફ થાય ખરા ને! તીર્થો ઘણાં ખરાં ગંદકીથી જ ભરેલાં!

*તીર્થક્ષેત્રે કૃતં પાપં*
*વજ્રલેપો ભવિષ્યતિ.*

# 3

## ધર્માદાનો દ્રવ્યસંચય

**એ**ક દિવસ આ તુલસીશ્યામની જાહોજલાલી હતી. બાબરિયાવાડનાં બેતાલીસ ગામ એ 'શ્યામજીના ધામ' ઉપર ઓછાં ઓછાં થઈ જતાં. અટવીનાં નિવાસી અજ્ઞાન આહીર ચારણો અને બાબરિયાઓના અંધારે પડેલા જીવનમાં આસ્થા અને પવિત્રતાનું દિવેલ પુરાતું. પણ પછી તો એ જગ્યાની સમૃદ્ધિ વધી. એક મહંતે કંજૂસાઈ કરી કરીને દ્રવ્ય સંઘર્યું, અરણ્યમાંથી ઊપડીને એણે ડેડાણ શહેરમાં વસવાટ જમાવ્યા. આ જગ્યા ફના થઈ ગઈ. અને એ સૂમનું સંચેલું ધન આખરે એક શિષ્યને હાથે ગાદી-પ્રાપ્તિના કજિયા લડવામાં કુમાર્ગે વહી ગયું. (આપણે જૈનો, સ્વામીપંથીઓ, બલકે જાહેર કાર્યકર્તાઓ પણ ન ભૂલીએ કે ધર્માદાના સંચેલ દ્રવ્યની આખરી અવદશા એ જ થાય છે.) આજે એ સ્થળે એક જુવાન દૂધાહારી હિન્દુસ્તાની સ્વામીએ ગૌશાળા વગેરે બાંધી જગ્યાનો પુનરુદ્ધાર આદરેલો દીસે છે. આ હિન્દુસ્તાની સાધુઓ ભારી વિલક્ષણ! કાઠિયાવાડમાં ઠેર ઠેર તેઓને તમે અક્કેક ધર્મસ્થાનક ખરી નિષ્ઠાથી ચલાવતા જોશો. સામાન્ય રીતે સ્વભાવના કડક, સ્વતંત્ર તાસીરના, ને મોટા ચમરબંધીની પણ પરવા ન રાખનાર ફાટેલ પ્યાલાના હોય છે. આપણામાં એ દૈવત ક્યારે આવશે?

## જોગી બહારવટિયો

પણ મને તો એ ઇતિહાસમાં, એ ગરમ પાણીમાં કે એ પ્રતિમામાં રસ નહોતો. મને તો એ તુલસીશ્યામનાં કમાડ પર એક સો વર્ષ પૂર્વે એક બહારવટિયાના ભાલાના ટકોરા પડ્યા હતા તે મધરાતનો સમય સાંભરી આવ્યો. એ બહારવટિયો જોગીદાસ ખુમાણ : એ યોગી બહારવટિયાની લાંબી કથા 'સોરઠી બહારવટિયા' ભાગ બીજામાં વાંચશો. પોષ માસની કડકડતી ઠંડીમાં એ ચાલીસ ઘોડે મધરાતે આવ્યો : 'ઉઘાડો!' કહી દરવાજે ટકોરા દીધા. દરવાન કહે કે 'નહીં ઉઘાડું! તમે બહારવટિયા છો' : 'અરે ભાઈ, અમે બહારવટિયા ખરા, પણ શામજી મહારાજાના નહીં; ઉઘાડ, એક જ રાતને આશરે આવ્યા છીએ.' જવાબ મળ્યો કે 'નહીં ઉઘાડું'. કમાડ પર ભાલાની બુડી ઠોકીને જોગીદાસે હાકલ કરી કે 'ઉઘાડ! નીકર અટાણે ને અટાણે કમાડ તોડી, શામજીનાં અંગ પરથી વાલની વાળી પણ ઉઠાવી જશું!' દરવાને રંગ પારખ્યો : કમાડ ઊઘડ્યાં – ચાલીસ ઘોડીઓ અંદર ચાલી ગઈ : અને બહારવટિયો શામજીનું મંદિર ઉઘાડી, પાઘડી ઉતારી,

ચોટલો ઢળકતો મેલી, હાથમાં બેરખો ફેરવતો ઊભો ઊભો, પ્રતિમાજીને બાળકની કાલી મીઠી વાણીમાં ઠપકો દેવા લાગ્યો કે "એ શામજી દાદા! અમારા એંશી ને ચાર ગામ તો ભાવનગરે આંચકી લીધાં; ઇ તો ખેર! ભુજાયું ભેટાવીને લેવાશે તો લેશું. પણ તારા કોઠારમાંથી શું અધશેર અનાજની પણ ખોટ્ય આવી, કે મારા ચાલીસ ચાલીસ અસવારોને આઠ-આઠ દિવસની લાંઘણ્યું ખેંચ્યા પછી રાવલ નદીમાં ઘોડિયુંના એઠા બાજરાની મૂઠી મૂઠી ઘૂઘરી ખાઈને તાંસળી તાંસળી પાણીનો સમાવો કરી ભૂખ મટાડવી પડે!"

આ ઠપકાનો દેનાર જાણે એ મંદિરમાં મારી નજરે તરવરી રહ્યો હતો. પણ આ રાવલ નદીમાં ઘોડાના એઠા બાજરાની ઘૂઘરી ખાવાની વાત શી બની હતી? આપણે તુલસીશ્યામ છોડીને ત્યાં જ આવીએ છીએ. જંગલી બોર જમતા જમતા ઝાડીઓમાં થઈને અમે સહુ રોળ્યકોળ્ય દિવસ રહ્યે રાવલ નદીમાં આવ્યા. ભયંકર નદી : તમ્મર આવવા જેવું થાય તેટલી ઊંચી ભેખડો : ભેખડોના ઉપર પણ ક્યાંક ક્યાંક ડુંગરા બેઠેલા : ભેખડોના પેટાળમાં ઘટાટોપ ઝાડી : બંને બાજુ એવી જમાવટ : વચ્ચે ચાલી જાય કોઈ વાર્તાલાપ માંહેની અબોલા રાણી જેવી રાવલ નદી. અમારાં ઊંટ–ઘોડાં જ્યાં ડગલે ડગલે આવરદાની ઇતિશ્રી અનુભવતાં ઊતર્યાં, ત્યાં એક સો વર્ષ પૂર્વે જોગીદાસ બહારવટિયાની અસલ કાઠી ઘોડીઓ હરણાંની માફક રૂમઝૂમતી ચાલી આવી હશે. સંધ્યાનો સમય : જોગીદાસ હાથપગ ધોઈ સૂરજના જાપ કરવા બેઠો : ઘોડીઓ મોકળી ચરવા લાગી : નાનેરા ભાઈ ભાણ ખુમાણની આંખો ઊઠેલી તેના ઉપર દવા તરીકે ચોપડવા માટે વાલ જેટલું અફીણ પણ ચાલીસમાંથી એકેયના ખડિયામાંથી ન નીકળ્યું તેવા દોહ્યલા દિવસો : ચાલીસે કાઠીને આઠ દિવસની લગભગ લાંઘણો : એમાં એક કાઠીએ ઘોડીઓના ચાલીસ પાવરા ખંખેર્યા : કોઈક દિવસ ઘોડીઓને જોગાણ મળ્યું હશે તે વખતે પાવરામાં ચોંટી રહેલ, ઘોડીઓનો એઠો ચપટી ચપટી જે બાજરો, તેને ઉખેડી ઉખેડી, પલાળી, તાંસળીમાં બાફી ટેઢવા રાંધ્યા : ખોઈ ભરીને કાઠીએ મૂઠી મૂઠી સહુને વહેંચ્યું : "લ્યો જોગીદાસ ખુમાણ, આ ટેઠવા, મૂઠી મૂઠી સહુ ખાઈએ તો પેટમાં બબે તાંસળી પાણીનો સમાવો થાય."

## બહારવટાંના જતિધર્મ

પણ આ જોગીદાસની ઘટનાનું તો આડું ફણસવું ફાટ્યું. અમે તો રાવલ નદીમાં એક બીજા જ બહારવટિયાની મુલાકાતે આવેલા : અમે આવેલા વેજલ કોઠો જોવા : વેજલ કોઠો એટલે અમદાવાદના પાદશાહ મહમ્મદશાહ સામે બહારવટે નીકળેલા સરવૈયા બે ભાઈ જેસાજી–વેજાજીનું ગુપ્ત રહેઠાણ. આ બહારવટિયાઓની રોમાંચકારી વાતો મેં સાંભળી હતી. પાંચમી 'રસધાર'માં 'ભૂત રુવે ભેંકાર'[1]વાળી કથાને અંતે જે બે ભાઈઓ માંગડા ભૂતના મહેમાન બની માયાવી પ્રેત-કિલ્લામાં રાત રહે છે, ને માંગડાને સદ્‌ગતિએ

[1] ભૂત રુવે ભેંકાર' ('સૌરાષ્ટ્રની રસધાર')એ વાર્તા ઉપરાંત 'જેસાજી–વેજાજી'નું વૃત્તાંત ('સોરઠી બહારવટિયા').

398.2 MEG

પહોંચાડે છે, તે જ આ જેસાજી-વેજાજી : એણે બહુ બહુ દુઃખો સહન કર્યાં હતાં : બહારવટાંમાં એણે યતિ જેવા આચાર પાળ્યા હતા: પંચકેશ વધાર્યા હતા : પોતાના અંગ પરની ઝીણી એક જૂ પણ નાખી ન દેતાં ડગલામાં રાખી હતી : કહે છે કે એ જેને બાન પકડી જતાં, તેને તોબાહ પોકારાવવા માટે ફક્ત આ ડગલા જ પહેરાવી દેતા! બંદીવાન એ ટોલાઓના દંશથી ત્રાહિ પોકારી જતો; જ્યારે બહારવટિયા તે નિરંતર પહેરી રાખતા. એથી વધુ વિસ્મયકારી દેહદમન અને આત્મભોગનું દૃષ્ટાંત તો જેસા-વેજાના કાકા ગંગદાસજી બહારવટિયાનું : એની પીઠ પર એક પાઠું પડી ગયેલું. પાઠામાં જીવડાં પડ્યાં : પણ જીવડાંને કાઢીને નાખી તો દેવાય નહિ : તેમજ પોતાનો દેહ પણ જીવડાં ખાઈ જાય એ બને નહિ : તેથી રોજ એ પાઠામાં ઘઉંના લોટના પીંડા ભરે : જીવડાંને એ લોટ ખવરાવી નભાવે : ને પોતે શરીર બચાવી બહારવટાં ખેડે : આખરે એ રઝળપાટમાં એક સમયે લોટ ન મળ્યો. જીવડાંની વેદનાનો પાર ન રહ્યો. પાછળ પાદશાહી ફોજ ગાજતી આવે છે : નાસી છૂટવા લાઇલાજ બનેલા ગંગદાસ કાકાએ પોતાનું માથું શત્રુને હાથ ન જાય તે નોકને ખાતર બેટા વેજાજીને હાથે પોતાનો શિરચ્છેદ કરાવ્યો, વગેરે બધું વૃત્તાંત તો સવિસ્તર 'સોરઠી બહારવટિયા'ના બીજા ભાગમાં આપીશ.[2]

9: 789570
Rs. 240/-
વર્ષ-18-19

## સંકટની મીઠપ

વેજલ કોઠો જોવાની અમારી આતુરતાને આ સૂર્યાસ્ત થઈ જશે તેની કશી પરવા ન રહી. અને અમારા અડબૂત ભોમિયાએ અમને આંગળી ચીંધી બતાવી દીધું કે આ સામે રહ્યો જે ડુંગરો તે ઉપર છે વેજલ કોઠો : તું ચાલ, તું અમને બતાવ : ના, હું આંહીં તમારાં ઊંટ-ઘોડાં સાચવું છું : ચડ જા બચ્ચા સૂલી પર! એવો મામલો થયો : નદીની ભેખડ પર ઊભો થયેલો ભયાનક ડુંગરો : બાજુએથી અમે ચડવા લાગ્યા : અરધે જતાં જ અમારા લેરખડા દુહાગીર ભાઈ થાક્યા, અને 'ભાઈ, જેસાજી-વેજાજી મળે તો રામ રામ કહીને કસુંબો પીવા તેડતા આવજો!' એટલું બોલીને એ ડૂકેલા ભાઈએ ત્યાં જ આસન વાળ્યું. અમે ઉપર ચડ્યા. પગ મરડાય તેની પરવા નહિ : વેજલ કોઠો કયે દહાડે ફરી જોશું! ચોમેર ફરી વળ્યા : પણ વેજલ કોઠો ક્યાંયે ન દીઠો : 'જેસા-વેજા! જેસાજી-વેજાજી!' એવી બૂમો પાડી; પણ કોઈએ જવાબ ન દીધો. ફક્ત નીચે રાવલ નદી જ અમારી બેવકૂફીનાં ચાંદૂડિયાં પાડતી ચાલી જાય છે. નદીની બાજુએથી જ અમે નીચા ઊતરવાનું સાહસ કર્યું. ગીચ ઝાડી : ગબડીએ તેવો ઊભો ઢોળાવ : એક ઝાડ પરથી અંગ પડતું મેલી બીજા ઝાડને ઝાલી લઈએ. સારું થયું કે કોઈ સૂકી ડાળી હાથમાં ન આવી, નહીં તો એ બેટ વૃક્ષોનાં ફૂલ બની છેક રાવલમાં જ અમે ઝિલાત! અંધારે અંધારે આવી વિકટ હાલત, અને તેની વચ્ચે પણ દુલાભાઈનું મધ સરીખું ગળું દુહે ને ભજને વગડો તરબોળ કરતું આવે! એ ભજન તો હું કદી નહીં ભૂલું : એના શબ્દો આપું છું, પણ એનું સંગીત કેવી રીતે સંભળાવું!

રંગ રસિયા રે મારા દિલડામાં વસિયા
જી આંયાં રહી જાવ ને...
મોહન રંગના રસિયા!

કીયાં તેરા ડેરા ને કીયાં તેરા તંબુડા;
કેડનાં કંટારાં યે તમે કેણી પેરે કસિયાં
જી આંયાં રહી જાવ ને... – મોહન૦

જમુનાને તીરે વાલો ગૌધન ચારે રે
મુખડે મોરલીયાં હુંદા સેંસા રચિયા
જી આંયાં રહી જાવ ને... – મોહન૦

બાઈ મીરાં કે'છે પ્રભુ ગિરધરના ગુણ;
તમને દેખીને મારાં નેણાં હસિયાં
જી આંયાં રહી જાવ ને... – મોહન૦

'તમને દેખીને મારાં નેણાં હસિયાં જી!' એ શબ્દો જાણે કે ગવાતા નહોતા, ટપકતા હતા. વનરાજી ભીંજાઈ ભીંજાઈને આવે સૂરે તો કદાચ આજ પહેલી જ વાર ધન્ય બનતી હતી. અને એ સ્વરોની સમાધિ ન ત્રુટી જાય તેટલા માટે તો અમારા એ પડછંદ પંચકેશી ભજનિકે એ જ રાગનું બીજું પદ રેલાવ્યું કે –

મહી ઢળશે રે મારાં ગોરસ ઢળશે
જી જાવા દ્યોને રે
મોહન, મહીડાં ઢળશે!

હાથુંમાં ચૂડી ને માથડે મૈયારાં રે
કંકણ ચૂડીએ મોરાં કાંડા ખળકે
જી જાવા દ્યોને રે... – મોહન૦

આ કાંઠે ગંગા ને ઓલે કાંઠે જમુના જી
વચમાં સરજૂ રે કેરાં વ્હેણાં ખળકે
જી જાવા દ્યોને રે... – મોહન૦

જમુનાને તીરે વા'લો મોરલી વગાડે રે
ધુંધુણ્યું દૈશ મા! મારાં મહીડાં ઢળશે
જી જાવા દ્યોને રે... – મોહન૦

આ શબ્દરચના, આ ઢાળ અને આ ઝોક મને મીરાંનાં ન લાગ્યાં. એના ઉપર ચોખ્ખી 'પરજ'ની, એટલે કે ચારણી સંસ્કારની છાપ છે. મીરાંના મનોભાવ અનુભવનારા અનેક પ્રેમ-જખ્મી કવિઓએ 'મીરાં'ને પોતાની કૃતિઓ અર્પણ કરી પોતાનાં નામનો મોહ હોમી દીધો છે.

આપણું સોરઠી ભજન-સાહિત્ય ઘણી ઘણી રેખાઓ વડે દેદીપ્યમાન છે. એને ગાવાની જૂજવી જૂજવી શૈલીઓ છે : રામાનંદી, કબીરપંથી, માર્ગી વગેરે સંપ્રદાયના બાવાઓ ગાય છે તેનાથી પરજિયા ચારણોની હલક અનેરી જ હોય છે. પહેલામાં રૂમઝૂમાટ, અવાજ કરતી તીવ્રતા, ઢોલક, મંજીરાં ને તંબૂર જેવાં વાદ્યોની અત્યંત ચંચલ નૃત્યમયતા ને માદકતા છે. શબ્દોનો મરોડ પણ તેવો જ બંધાય છે : ત્યારે 'પરજિયા' ચારણનું ગળું મેઘ જેવા ગંભીર નાદે ધીરું ધીરું, ઊંડા કોઈ પાતાળમાંથી ગાજી ઊઠે છે. એમાં દોડધામ નથી, ધીરી ગજગતિ છે. વાદ્યોની વિપુલતાને તો એ પરજનાં ભજનોમાં સ્થાન જ નથી. બસ, એક જ એકતારો તંબૂરો, ને એક જ મંજીરાની જોડલી : સાંભળતાં સાંભળતાં સાચી લહેર આવે : વાસનાઓ નિર્વેદભરી મધુરતા અનુભવે : દૃષ્ટિ અનહદમાં ચડે : એવા એક ધાના ભગત નામના ચારણને કૈં કૈં રાતો સુધી હડાળામાં બાપુ વાજસૂર વાળાને ઘેર સાંભળેલા, ને બીજા સાંભળ્યા આ દુલાભાઈ તથા તેમના સાથીઓને.

પણ થયું, વળી તમે વઢશો કે હું પ્રવાસ વર્ણવતો કાવ્યમાં માથું મારી બેઠો! કવિતાનો પણ સન્નિપાત જ છે ખરો ને! તેમાં યે વળી કવિતાના પડઘા જગવતું એ અરણ્ય. અંધારે અમે એ રાવળકાંઠાના પેટાળમાં પથરાયેલું જંગલ વીંધતા ઊપડ્યા. થોડેક જ ગયા ત્યાં આંકડા ભીડીને ઊભેલી એ વનસ્પતિએ 'નો રૂમ, પ્લીઝ'ની નિશાની કરી. ઘણું મથ્યા, પણ જાણે કે વનરાજોની કોઈ ગેબી કચારીમાં જવાના અધિકારની અમને ના પાડતી એ ઝાડીએ આખરે અમને પાછા જ ધકેલ્યા. અંધારે સીધા નદીના અજાણ્યા પ્રવાહમાં લપસણી શિલાઓ પર સાવધ ડગલાં દેતાં અમારાં ડાહ્યાં પશુઓએ આખરે અધરાત પહેલાં અમને કિનારા પર ક્ષેમકુશળ ચડાવી દીધાં. અને માનવવસ્તીના ઝાંખા દીવા ઝબૂકવા લાગ્યા. ઊંચી ઊંચી ભેખડો ઉપર ત્રણ-ચાર ઝૂમખાંમાં વહેંચાઈને માલધારીઓનાં નેસડાં પડેલાં હતાં. એ બધાં ઝૂમખાંનું નામ શીખલકૂબાનો નેસ. એમાંથી એક ઘરને આંગણે અમે અતિથિ બન્યા.

## નેસડાનું જીવન

'અતિથિ! અતિથિ!' ઝંખ્યા કરનારા અને અતિથિ વિદાય લ્યે ત્યારે અંતરેથી રુદન કરનારા એવા રબારી ભાઈઓ મધરાતના મહેમાનોથી તો મોટા ઉત્સવ જેવો આનંદ માને. અમે જ્યારે એમને અમારા રાવલ નદી માયલા સાહસની વાતો કરી, ત્યારે તેઓના મ્હોંમાંથી એક જ વાક્ય નીકળ્યું કે તમે નવે અવતાર આવ્યા છો! અમને કહેવામાં આવ્યું કે જે માર્ગે અમે ચાલ્યા આવ્યા ત્યાં ઝુંડે ઝુંડે સાવજ–દીપડાના વસવાટ છે. મને થયું કે આ કોઈ રીતે ખોટનો વેપાર નથી થયો. બચ્યા તો છીએ અકસ્માત–દૈવેચ્છાએ, પણ બડાઈ તો મારવા થશે કે સિંહોની વચ્ચે રઝળી આવ્યા છીએ!

નેસડાં એટલે જંગલી લાકડાં ખોડીને કાંટા, પાંદડાં ને ડાળીઓ વડે છજેલાં છાપરાં. એક રસોડું ને બીજું શયનગૃહ. બધાં યે બારણાં વિનાનાં, પવનને ઝપાટે બલૂન બની

જાય તેવાં એ ઘર. પોતાને રહેવાની જગ્યા એટલી બધી જાહલ, પણ પોતાનાં પ્યારાં પશુઓની આસપાસ તો અત્યંત મજબૂત ઝોકનો બંદોબસ્ત : સાવજ છલંગ મારીને અંદર ન પડે એવી ઊંચી ઊંચી કાંટાની વાડ્યો : બાકી તો કદાપિ જો સિંહ અંદર દાખલ થઈ જાય, તો તો આખે આખી ગાય અથવા મોટી પાડીને પણ જડબાંમાં ઉપાડી એ શિકારના શરીર વતી પોતાના માર્ગમાં આવનારી દીવાલ જમીનદોસ્ત કરતો ચાહે તેવી જોરાવર વાડ્ય સોંસરવો એ નીકળી જ જાય! અથવા તો સાવજ વાડ્યના ઓથે બહાર ઊભો રહી એવી તો કારમી 'વાણ્ય' નાખે – એટલે કે નસકોરામાંથી એવો તો ફૂંફાડો બોલાવે, કે ભયભીત પશુઓ ભાન ભૂલી વાડ્ય ભાંગી બહાર નીકળે, એટલે સાવજભાઈ નિરાંતે વાળુ જમે! આવી જંગલ-જીવનની કૈં કૈં ચાવીઓની વાતો સાંભળતાં સાંભળતાં અમે એ રૂડા મોંવાળી રબારણ બહેનના હાથના ઊના ઊના રોટલા ને દૂધનું વાળુ કર્યું. નેસડાની ચોખ્ખાઈ વિશે સાંભળેલી વાતો નજરે દીઠી. એ લીંપણ, એ છાજણ, છાશની ગોળી, બધાં વાસણ અને રોટલા : તમામની સુઘડતાએ મને આપણાં સંસ્કારી ઘરોમાં ચાકરની વાટ જોતાં એઠાં વાસણો, ચાના સરંજામ, સ્ટવમાંથી ઊડેલા ગ્યાસલેટ વડે છંટાયેલી જમીન વગેરેનું સ્મરણ દેવરાવ્યું. બાકી તો ગામડાંની ચોખ્ખાઈ પણ આજે માત્ર કવિતામાં અને આવા નેસડામાં જ રહી છે. પણ એ નેસડામાં બળતાં હરીકેન ફાનસની ઝગારા મારતી ચોખ્ખાઈ કેમ ભૂલી શકાય ? ફાનસના શોધનાર પુરુષને પણ વારંવાર ધન્યવાદ દીધો. વાવાઝોડાંનાં ઝપાટા વચ્ચે હિંસક પ્રાણીઓનાં જડબાંમાં રહેનાર આ નેસવાસીઓને હરીકેન ફાનસ તો અણમૂલ આશીર્વાદ સમ થઈ પડેલ છે.

## સાવજ ન મરાય

"ભાઈ! તમે પાકું ઘર કાં નથી બાંધી લેતા?"

"બાંધ્યે શો ફાયદો? આજે આંહીં છીએ, તો કાલે વળી ઘાસચારાની તાણ્ય પડતાં કોણ જાણે ક્યાં જઈ પડશું. અને વળી અમારી ગેરહાજરીમાં આંહીં ખોરડાને કોઈ રહેવા જ શાના આપે?"

"તો પછી આવાં તકલાદી લાકડાં કેમ વાપરો છો? ગીરમાં ક્યાં મજબૂત ઝાડની ખોટ છે?"

"અરે ભાઈ, જંગલખાતાવાળા મારી નાખે ના! અમને સૂકલ લાકડાં જ લેવાની છૂટ છે. લીલી એક ડાળખી તોડી દેખે તો દંડ ફટકારે. વળી સૂકું–લીલું નક્કી કરવું એ પણ એના જ હાથમાં રહ્યું."

"તમે હથિયારના પરવાના કાં માગતા નથી?"

"પરવાના મળે જ નહીં. ને મળે તો પણ હથિયાર શા ખપનાં? સાવજ–દીપડાને તો લાકડીએથી મારવાની પણ મનાઈ છે નવાબ સરકારની."

"તમારો જીવ બચાવવા માટે પણ મારવાની મનાઈ?"

"હા. ઠાર માર્યાની તો શું, પણ માર માર્યાની યે જો ખબર પડે તો સજા થાય. નીકર તો અમારે બંદૂકને બદલે અમારા ગોબા જ બસ છે."

આટલી વાત થઈ. આંહીં પણ શું જામનગર, કચ્છ કે અલ્વરની માફક નવાબ સાહેબને દીકરા કરતાં દીપડા વહાલા છે! કે શું ગોરા અતિથિઓને વિપુલ શિકાર મળે તેવા ઇરાદાથી આ મનાઈ ચાલતી હશે? મેં સાંભળ્યું કે સાવજની ઓલાદ હિન્દમાંથી નષ્ટ થતી અટકાવવાના સારા હેતુથી અંગ્રેજ સરકારે જૂનાગઢને આવી સલાહ આપી છે. કોણ જાણે! એમ હોય તો એ નેમ હદથી જ્યાદે પાર પડી ચૂકી છે! સાવજના તો કાંઈ ટોળાં હોય? – એ કહેવતની હાંસી કરતા બાર-બાર પંદર-પંદર સિંહો ટોળે વળીને આજે ગીરમાં આથડે છે, અને એકાદ નાના વાછરડાના શિકાર ઉપર એ આખું ટોળું કૂતરાની માફક ટંટા કરે છે. શો કળજગ!

## 4

### 'લોડણ ચડાવે લોય'

**શી**ખલકૂબાનાનેસમાં સવાર પડતાં તો રાત્રિની ભયાનકતાના ઓળા સંકેલાઈ ગયા. નીચાણમાં પહોળે પેટે વહેતી જતી રાવલ નદીનાં પાણી ઉપર ચંપાવરણાં સૂર્યકિરણો કોઈ સિંહણ માતાની છાતી પર નાનાં કેસરી બચ્ચાં રમે તેમ રમવા લાગ્યાં. ઊંડાણમાંથી પાણીની હેલ્ય ઉપાડી વસમા ચડાવ ચડતી એ કંકુવરણી રબારણ બહેનો, સ્ત્રીઓના ઘરકામમાં સહભાગી બની રાવણના માથા જેવડી ગોળીમાં છાશ ઘુમાવી રહેલા રબારી પિતા-પુત્રની જોડલી, અને નેસનાં પાડરુ-વાછરુ સાથે એક જીવ થઈ રમતાં નાનાં ટાબરિયાં – એ તમામે પ્રગટાવેલી પ્રીતિની હવામાં સ્મૃતિ એકાએક ક્યાં પહોંચી? રાવલ નદી કોનાં ગીતો ગાતી ગાતી ચાલી જતી હતી? એક પ્રેમિક યુગલની મૃત્યુ-કથાનાં ગીતો :

*સીંદોર ચડાવે સગા, દીવો ને નાળિયેર દોય,*
*(પણ) લોડણ ચડાવે લોય, (તારી) ખાંભી માથે, ખીમરા!*

[ઓ વહાલા ખીમરા! તારાં બીજાં સગાં તો તારી ખાંભી ઉપર સિંદૂર ચડાવે છે, દીવો પ્રગટાવી શ્રીફળ વધેરે છે. પણ તારી પ્રિયતમા આ લોડણ તો પોતાનાં લોહી જ ચડાવી રહી છે.]

ખંભાત ગામનો કોઈ સંઘ દ્વારિકા જાય છે : વચ્ચે આ રાવલ નદીના કિનારા ઉપર કોઈ નેસડા પાસે પડાવ નાખે છે. રાવલિયા નામના એ નેસના નિવાસી આહીરોમાં ખીમરો નામનો યુવક, અને પાદર પડેલા અતિથિઓની લોડણ નામની તરુણ વણિક કન્યા : બંને વચ્ચે ગીરની નદીને તીરે મમતા બંધાઈ ગઈ. સંઘે તો મુકામ ઉપાડ્યા. પણ લોડણના દિલના ડેરા-તંબુ નથી ઊપડી શકતા. ઓ ખીમરા! મને જવા દે! ખીમરો રડી પડે છે! આહીરનો બાલક બોલી શકતો નથી.

*ખીમરા, ખારો દેશ, મીઠાંબોલાં માનવી,*
*વળનાં વિસામો લેશ, ખોટી કર મા, ખીમરા!*

[ઓ ખીમરા! મેં નહોતું જાણ્યું કે આવા ખારા પ્રદેશમાં તારા જેવાં મીઠાંબોલાં માનવી વસતાં હશે. પણ આજ તો મને રજા દે. હું પાછી વળતાં જરૂર રોકાઈશ.]

પણ ખીમરાનાં આંસુ અટકતાં નથી, એ વનવાસીએ, એ દૂધના ઝાડવા જેવા ગીરનિવાસી ભોળા આહીર બચ્ચાએ આજે પહેલી જ વાર – કાદમ્બરી માંહેલા કોઈ

પુંડરીકની પેઠે – અન્ય અજાણ્યા માનવી તરફ પોતાનું આત્મ-સમર્પણ અનુભવ્યું. એ ચોધાર રડે છે :

*રો મા, રાવલિયા! ખારે આંસુડે, ખીમરા;*
*વીશ દા'ડાનો વદાડ, આઠે દા'ડે આવશું.*

'તું ન રો! હું આઠ જ દિવસમાં પાછી વળીશ' એમ કહીને લોડણ ગઈ. પણ દ્વારકાના દેવળમાં સૂતાં સૂતાં, રાત્રિને અંધારે એને અમંગળ શકુનો થયાં :

*આજુની અધરાત, બે બે પંખી બોલિયાં*
*વાલ્યમ તારી વાત, ખોટી હોજો, ખીમરા!*

[ઓ પ્રીતમ! આ પંખીની ભાષા તો આજની મધરાતે કોઈ પ્રિયજનનું મૃત્યુ સૂચવી રહેલ છે. હે ખીમરા! તારે પક્ષે એ વાત ખોટી જ પડજો! ભલે એને બદલે મારા સગા ભાઈ ઉપર એ સંકટ ઊતરે.]

*દ્વારકાને મંદિર સ્વપનું લાધ્યું, સગા!*
*સાચું સગે વીર (પણ) ખોટું તુંથી, ખીમરા!*

આ મોતનું સ્વપ્નું સગા વીરને પક્ષે સાચું પડજો, તને પ્રભુ બચાવી લેજો!

એવી અમંગળ શંકા લઈને લોડણ પાછી વળી છે. એ જ રાવલ નદી : એ જ ઊંચો કિનારો. ને એ જ નાનું નેસડું : પાદરમાં નવો, તાજો, સિંદૂરે ત્રબકતો પાળિયો ઊભો છે : ઓળખ્યો : આખી કથા જાણી : અરે બાઈ! ખીમરો તો તરફડીને મરી ગયો. એને કોઈનો વિજોગ બહુ લાગ્યો હતો : એ સાંભળતાં તો લોડણના વિલાપે વગડો ગજાવી મૂક્યો :

*મારગ કાંઠે મસાણ, ઓળખેલ નૈ આયર તણાં;*
*ઉતારીને આરસપાણ, ખાંભી કોરાવત, ખીમરા!*

ઓ ખીમરા! માર્ગને કાંઠે જ તારાં મૃત્યુ થશે એવું જાણ્યું હોત તો તો હું આરસપહાણમાંથી તારો પાળિયો ઉતરાવી મગાવત. હવે તો –

*ઘોડાળા, જાવને ઘેર, (અમે) પળતાં પાળાં પૂગશું;*
*રે'શું આજુની રાત, (તારી) ખાંભી માથે, ખીમરા.*

જીવતાં જેને તજી શકે તેને મૃત્યુ પછી ન તજાયું, કેમ કે લોડણને તો આજે સાચા મૃત્યુંજય સ્નેહનો અનુભવ થયો :

***ખીમરા, મોટી ખોટ, માણસને મરવા તણી,***
***બીજી લાખ કરોડ, (પણ) ઇ જેવી એકોય નહીં!***

એવા સમર્પણને સંભારતી પરજાતીલી પરદેશણે ગીરની વચ્ચે ખીમરાની ખાંભી ઉપર જ પોતાનાં રુધિર ચડાવી દીધાં :

*લોડણ ચડાવે લોય, (તારી) ખાંભી માથે, ખીમરા![1]*

---

[1] 'લોડણખીમરો' એ દુહાબદ્ધ કથા 'સોરઠી ગીતકથાઓ'માં છે.

## સાચો વેજલકોઠો

ગીરકાંઠાની એવી એવી પ્રેમકથાઓના મર્મો હવે જ કંઈક કંઈક સમજી શકાય છે. નિર્જન અરણ્યોમાં એકવાર અંતરે અંતર મળ્યા પછી જુદાઈ કેવી અસહ્ય બની જતી હશે, તે સમજાયા પછી, પુંડરિકની હાલત પર હસતા અટકવું પડે છે. આ નેસવાસીઓ પરોણાની વિદાયને સમયે રડે છે, તેવું સાથીઓનું કથન પણ હવે તો અત્યુક્તિ વિનાનું લાગે છે.

અને એવા ઘેલા સ્નેહનો પરિચય ભાઈ સુલેમાને કરાવ્યો. જાતે મુસલમાન, પણ

*સવણ કવરણ ન્હોય, (ભર) કવરણ ઘર ઉઝર્યો કરણ;*
*કોયલ કસદ ન હોય, (ભર) દસદે પાળી દાદવા.*

– એ ન્યાયે, આત્માનો સુવર્ણ ચાહે ત્યાં જન્મતાં કે ઉઝરતાં નથી પલટાતો – કર્ણ સારથીને ઘેર પણ સાચો રજપૂત જ રહ્યો ને કોયલ કુસાદવાળા કાગડાના માળામાં પોષાયા છતાં મંજુકંઠી જ રહી – એ ન્યાયે આ ભાઈ પણ નેસવાસીઓની સંગાથે પોતાના મુસ્લિમ કલેવરની અંદર છુપાયેલા બિનકોમી આત્માની ફોરમે ફોરતો હતો. એના મોંમાં બસ એક જ વેણ હતું : અરે વાત છે કાંઈ! સાચો વેજલકોઠો જોયા વગર તે જવાય! આજ મારા મહેમાન : હું ભેળો આવીને બતાવું : મરી જાઉં તો ય ચાલ્યા જવા ન દઉં!

એના પ્રેમના કેદી બનીને અમે સાચો વેજલકોઠો જોવા ચાલ્યા. અનેક ડુંગરા, ધારો ને નદીઓ ઓળંગાવતો એ પ્રીતિઘેલો મુસલમાન માલધારી, પોતાની સુરમેભરી આંખો ચમકાવતો, નિરંતર મોં મલકાવતો, માર્ગે 'તાલ જોવો છે?' એમ કહી પોતાની ભેંસોને કેવળ શાન્ત સમસ્યાયુક્ત અવાજ વડે અમારા ઉપર આક્રમણ કરાવવાની રહસ્યભરી વ્યૂહરચના દેખાડતો, ઝાડવે ઝાડવું, સ્થળે સ્થળ, નહેરે નહેરું નામ લઈ ઓળખાવતો, અમને જેસા–વેજા બહારવટિયાના સાચા નિવાસ પર લઈ ગયો. એક બાજુ રાવલ નદી : બીજી બાજુ પોતાની પ્રિયા સૂરનળીની સહાય લઈને પડેલ સૂરનળો વોંકળો : બંનેએ જાણે પોતાના આંકડા ભીડીને ચોપાસ એક ભયાનક ખાઈ કરી લીધી છે. ત્રીજી બાજુ ઝેરકોશલી નદી પણ અશોકવનમાં જાનકીજીની ચોકી કરતાં રાક્ષસીઓ માંહેલી એક હોય તેવી પડેલી છે. ને વચ્ચે આવેલ છે વેજલકોઠો. ત્યાં કોઠો નથી, ગઢ પણ નથી, કશું નથી. પણ એક જબરદસ્ત કિલ્લાના દટાયેલા પાયા દેખાય છે. માત્ર પાયા : અહીંતહીં શિલાઓ પડી છે. નાનું ગામડું વસે તેટલી વંકી જગ્યા પડી છે. છેક સુધી ઊંટ ને ઘોડાં ઉપર ચડ્યાં ચડ્યાં જઈ શકાય તેવો એક જ ગુપ્ત રસ્તો છે. અને એ નદીકાંઠાના પથ્થરમય ઊંચા કિલ્લાની ટોચેથી બહારવટિયાઓ પોતાના ઘોડાના પાવરા વડે જે પાટમાંથી પાણી ખેંચી પીતા તેનું નામ 'પાવરા પાટ' : ભેખડની ટોચે શિલાજિત જામે છે. (શિલાજિત એટલે પથ્થરનો ગુંદર.) માનવી ત્યાં પહોંચી શકતું નથી. વાંદરા જ એ શિલાજિત ખાઈ જાય છે. કોઈ ગોરા સાહેબે બંદૂક મારીને શિલાજિત પાડવા મહેનત કરેલી એમ સાંભળ્યું. અને એ પાડે તેમાં નવાઈ પણ શી! વાંદરા અને ગોરા બંનેની ચાલાકી તો ન્યારી જ છે!

## 'તરિયા રૂઠી!'

ઊતરીને રાવલની વેકુરીમાં આરામ લીધો. આરામ પણ દુહા વિનાનો નહોતો. રાવલના ખોળામાં બેઠેલા ચારણભાઈને પોતાની ભેંસો સાંભરી. જીવનના વિચારો જાગ્યા. કોઈ ભૂતકાળનો દુખિયારો ચારણ સાંભર્યો. અને એ ચારણે પોતાની મરી ખૂટેલી ભેંસોના વિજોગકાળે નદીના નીરને કરેલું ભેદક સંબોધન સાંભર્યું :

> મેયું માગ ન દેતીયું, રૂંધતીયું આરા,
> (હવે) જળ જાંબુર તણાં (તમે) માણો મછિયારા!

[ઓ જાંબુર નદીનાં નીર! એક સમયે તો મારી હાથણી જેવી ભેંસો તમારી અંદર બેસીને તમારા કિનારા રૂંધી રાખતી. તમને વહેવા જેટલી પણ જગ્યા નહોતી રહેવા દેતી. આજે એ ચાલી ગઈ છે. હવે સુખેથી તમે ગુલતાન કરો. હવે તમને કોઈ નહીં રોકે!]

સૂરનળા વોંકળામાં પથ્થરના ખડક વચ્ચે થઈને પાણીના પ્રવાહે એક સરખો માર્ગ કાપી લીધો છે. એને ભીમની ચૂલ્ય કહેવામાં આવે છે. કોઈ કારીગરે કંડારી હોય તેવી એ ચીરાડ જોઈને દુહાનું સુભાષિત મિત્રોની સ્મૃતિમાંથી ઊઠ્યું કે

> *ટાઢી અગનિ વન ડસે, જળ પથરા વેરન્ત;*
> *તરિયા રૂઠી જે કરે (તે) દૈવે નહિ કરન્ત!*

[ટાઢી અગ્નિ – એટલે હિમ – આખા જંગલને ભરખી ખાય. અને પાણી પથ્થરને પણ વેરી નાખે. ઓહો! અબળા લેખાતી ત્રિયા જ્યારે રૂઠે છે, ત્યારે કેવો કોપ બતાવે છે! વિધિ પણ એવું ન કરી શકે!]

કોઈ ઘરસંસારના દાઝેલા દોસ્તોને આ દુહો ખપ લાગશે એમ સમજીને પ્રવાસ-વર્ણનમાં એને દાખલ કરું છું. મને સ્ત્રી-જાતિનો શત્રુ ઠરાવવા જેવો ધ્વનિ તો આમાંથી નથી નીકળતો ને, એટલું તમે વકીલની ઝીણવટથી જોઈ લીધા પછી જ છાપજો, ભાઈ! જમાનો બારીક છે – વકીલની બુદ્ધિ જેવો : રૂઠેલી ત્રિયા જેવો!

## નેસડામાં ચા-પ્રકોપ

ભાઈ સુલેમાને જમાડેલી બ્રાહ્મણિયા મીઠી રસોઈ અને ગીર પ્રવાસની બધી યે લજ્જત બળીને ભસ્મ થઈ જાય તેવો ચા-દેવીનો પ્રકોપ ત્યાં નજરોનજર દીઠો. અફીણ અને કસુંબાને વિસરાવી દે તેવું સામ્રાજ્ય તો ગીરમાં ચાનું ચાલી રહ્યું છે એ વાત જાણી નહોતી. ગામડામાં તો હૉટલો પેઠી છે, ને હૉટલોને બંધ દ્વારે પરોઢિયે ઢેઢ-ભંગીઓ વાસણ ધરી બેઠા હોય છે, તે ખબર હતી. નેસડામાં એ દાવાનળ લાગેલ પહેલવહેલો દીઠો. ને એ ચા પણ કેવી? પશ્ચિમની આદતોને જો આપણે પશ્ચિમવાસીઓની સંયમી રીતે પળી શક્યા હોત તો તો કંઈક ઠીક હતું. પરંતુ આ ચા તો સારી એવી રસોઈ તૈયાર થઈ

જાય એટલો સમય સુધી ચૂલા પર પાકી પાકીને રાતીચોળ થાય છે, બબ્બે ત્રણ-ત્રણ પ્યાલા પીવાય છે. (પ્યાલા-રકાબીઓ નેસડામાં વસી ચૂક્યા છે.) જેટલા પરોણા નેસડે થઈને નીકળે તેટલી વાર ચા કઢાય છે, પરોણો રોકાય તો મધરાતે પણ પિરસાય છે. છોકરાં, યુવાનો ને બુઢ્ઢાઓ, સહુ તેટલી વાર ઢીંચ્યે જાય છે. અને એ ચાનો સરંજામ આવે છે ક્યાંથી? પાંચ-સાત ગાઉ પરના મોટા ગામડામાંથી ખોજા કે લોહાણા વેપારીઓ આવીને ભેંસોના ઘીના ડબેડબા મનમાન્યે ભાવે લઈ જઈને તેના દામના બદલામાં સાકર, ચા વગેરે ચીજો મનફાવતે મૂલે હિસાબ કરીને મોકલી આપે છે. મેં બરાબર વિશ્વાસપૂર્વકની વાત સાંભળી કે વરસોવરસ અક્કેક ઘર ઉપર આજ એ નેસવાસીઓને ચા-સાકરનાં 250થી 300 રૂ.નું ખર્ચ ચડે છે! વિષના પ્યાલા આટલે મોંઘે મૂલે વેચાતા લઈને હોંશે હોંશે પીવાય છે. હું નથી કહેતો, દાક્તરો કહે છે કે ચૂલે એક પળ ઘડી રહેતી ચા પણ ઝેર જન્માવે છે. આંહીં તો કલાક સુધી ખદખદાવી ચાને 'પાકી' કરાય છે, આ વિષપ્રચાર અટકાવવાની કોઈની તાકાત નથી. આખા કાઠિયાવાડમાં કોઈ અંધારો ખૂણો પણ એમાંથી બચ્યો નથી. નેસવાસી પુરુષોની પડછંદ કાયાઓ ઉપર એ વિષપાનની અસર જોતાં શ્વાસ ઊંચા ચડે છે. વીસમી સદીના કાળની અદાલતમાં આખા કાઠિયાવાડને જાણે કે જૂની કોઈ ન્યાયપદ્ધતિ અનુસાર રિબાવી રિબાવીને ઠાર મારવાની સજા મળી છે. આપણે દોષ કાઢીએ છીએ પશ્ચિમની વસ્તુનો અથવા પ્રથાનો. વિવેકભ્રષ્ટ ને અવળચંડો ઉપયોગ કરનારા તો આપણે પોતે જ છીએ. સોરઠના કોઈ પ્રેમીને આ વિચાર શું વલોવી નાખતો નથી?

## નાંદીવેલાના શિખર પર

રબારી નેસવાસીઓને રામરામ કરી, માંગડા ડુંગર તરફ વળતાં રસ્તામાં ડાબા હાથ પર ડુંગરા-ડુંગરીઓની કોઈ વિકરાળ પલટન લઈને મૂંગી વ્યૂહરચના કરતો ઊભેલો સહુથી ઊંચો સેનાપતિ પહાડ નાંદીવેલો દીઠો. સાચેસાચ કોઈ સેનાધ્યક્ષના નિગૂઢ ઊંડા અંતઃકરણ સરખી જ જટિલ અટવી નાંદીવેલાના કલેવરમાં પથરાઈ રહી છે. અને એની પાસે ઊભી છે નાંદીવેલી ડુંગરી, એ ડુંગરી નથી, વિષમ ડુંગર જ છે; પણ નાંદીવેલાથી નીચેરી : બાજુમાં જ જાણે યજ્ઞ-વેદી સન્મુખ પતિ સાથે બેઠેલી : અને વળી સ્તન સરીખા લાગતા બે પ્રચંડ પાષાણો બરાબર વક્ષમાં જ ગોઠવાયેલા : એ પરથી લોકોએ એને નાંદીવેલા પર્વતની અર્ધાંગનાનું પદ આપેલું છે. કોઈ કૂડાઈથી ભરેલા માનવીની માફક નાંદીવેલો પણ નિર્જન જ પડ્યો છે. એનો વિશ્વાસ કરીને કોઈ માણસો ત્યાં રહી શકતાં નથી. કેમકે એના અંતરમાં સ્નેહનાં જળઝરણાં નથી. લોકો ધીરે સ્વરે બોલે છે કે એ અટવીમાં એક નાંદીગરજી નામના અવધૂત વસે છે, ને રસ્તો ભૂલેલા તૃષાતુર પ્રવાસીને હોઠે પાણી સીંચી માર્ગ બતાવે છે. પાપીના હૃદયમાં પણ કોઈ કોઈ વાર ઝબૂકી જતાં પુણ્ય-પરમાણુ જેવો એકાદ તપસ્વી એ પહાડમાં પડ્યો હોય તો નવાઈ નથી.

પણ આવા વિષમ ડુંગરમાં એક સો વર્ષ પૂર્વે જોગી બહારવટિયા જોગીદાસને આશરો મળેલો હતો. આજે પણ જોગીદાસના નાના ભાઈ ભાણના નામથી ઓળખાતો ભાણગાળો ત્યાં બતાવાય છે. એ ભાણગાળામાં, ભાવનગરના સરપાવની લાલચે જોગીદાસને જેર કરવા માટે એકસો વીસ ઘોડે ચડી આવેલા બહાદુર જસદણ-નરેશ શેલા ખાચરને ભાણ-જોગીદાસે કેવળ દસ જ ઘોડે તગડી મૂક્યા હતા. અને એવું વીરત્વ નજરોનજર જોનાર ગાંગા નામના બારોટે, પોતે જસદણનો જ વહીવંચો હોવા છતાં, જસદણની જ દરબાર કચેરીમાં, જેવું દીઠેલું તેવું વર્ણન કરીને એક ગીત સંભળાવેલું. તેની છેલ્લી કડીમાં કહ્યું છે કે

*આલણહારો કહું અલબેલો*
*ખેલ જઈને બીજે ખેલો*
*ઝાટકિયો દસ ઘોડે ઝીલો*
*છો વીસુંથી ભાગિયો શેલો!*

આ સત્યવક્તૃત્વ બદલ ગાંગાને કહેવામાં આવ્યું કે "ચાલ્યો જા! જસદણમાં રહે તો તું ગા' ખા!"

'થૂ તારા જસદણમાં!' એવો ઉત્તર આપીને ગાંગો બારોટ ભીમોરાની ડેલીએ ચાલ્યો ગયેલો, અને ત્યાં શેલા ખાચરની પેશ્વાઈ ફોજ સાથેની ચડાઈ વખતે ભીમોરાના ધણી નાજા ખાચરની સંગાથે એ ગાંગાનો દીકરો દેસો રાવળ પહેલવહેલો કૂદી પડીને દરબારની આગળ ચાલી મર્યો હતો. તેનો દુહો છે :

*ભીમોરો ને દખણી ભડે, થાનક સિંધુ ઠોર,*
*(તેદિ) માથું ના જાણી મોર્ય, (તેં) દીધું રાવળ દેસળા!*

અને નાંદીવેલો બીજું પણ એક સ્મરણ કરાવે છે. એ સ્મરણ યુદ્ધનું નથી, પ્રેમનું છે. એની ટોચ પર ખરે મધ્યાહ્ને દૃષ્ટિ સ્થિર થાય છે, ને ત્યાં એક આકૃતિ રચાતી દેખાય છે. આઘે આઘે નજર કરીને એ આકૃતિ સાત ગાઉ દૂર આવેલા સાણાના શિખર પર જાણે કોઈ બીજી આકૃતિને શોધે છે, કલ્પે છે, નીરખે છે. ધીરે ધીરે સંધ્યા નમે છે. અને

*આભે ધારાળા કાઢિયા, વાદળ ચમકી વીજ,*
*રૂદાને રાણો સાંભર્યો, આવી આષાઢી બીજ.*

એવી એ આષાઢની મેઘલી સંધ્યાએ, વીજળીના ચમકારા થતાંની વાર, નાંદીવેલા પર ઊભેલી એ આકૃતિને રુદે જાણે પોતાનો સાણાનિવાસી પ્રીતમ સાંભરે છે. બીજના ચંદ્ર સામે ટાંપી રહેલી એ પ્રેત-આકૃતિ જાણે સાંત્વન ધરે છે કે આજ બીજી કોઈ રીતે તો મળાય તેવું નથી, ચાર નજરો પણ એક થાય તેમ નથી, પણ આજે તો મારા પ્રીતમની આંખો પણ બીજનાં દર્શન કરતી હશે, હું પણ દર્શન કરું છું, એ રીતે અમારી ચારેય આંખોના પૃથ્વી પરના વિચ્છેદ આજે આકાશની અનંત ટોચે નાની-શી બીજ ઉપર અન્યોન્ય આલિંગન લઈને શમી જતા હશે. ત્યાં એને કોઈ સંસાર-વ્યવહાર અટકાવી શકશે નહીં!

નાંદીવેલો પાછળ રહી જાય છે. એ શિખર પરની આકૃતિ 'દેહના ચૂરા'ની કથા[1] માંહેલી પ્રેમિકા 'કુંવર્ય'ની એ વાસનાપૂતળી પણ વાતાવરણમાં વિલીન થઈ જાય છે, અને કાનમાં જાણે કોઈ સંસારી ડહાપણનો શિક્ષા-સ્વર ગુંજે છે કે

'ઓ નાદાન! ગરનું પાણી લાગ્યું કે શું?'

---

[1] 'સૌરાષ્ટ્રની રસધાર'

5

## માંગડો ડુંગર

**નાં**દીવેલાની લાંબી લાંબી પહાડ-સેનાને જોતાં જાણે કે આંખો ધરાતી જ નથી. નવા નવા આકારો ધરી ડુંગરમાળા નજરબંદી કરી રહી છે. ઘડી વાર એ સૈન્ય લાગે છે, તો ઘડી પછી જોગીઓની જમાત બની જાય છે : કોઈ જટાધારી તો કોઈ મુંડિયા; કોઈ લીલી કફનીવાળા ફકીરો તો કોઈ દિગમ્બર સાધુઓ : એવી માનસિક રમતો રમતાં એ ગિરિ-મંડળનો છેલ્લો ડુંગર 'માંગડો' આવી પહોંચ્યો. એની ઊંચી ટોચે રાજપૂત પ્રેમિક માંગડા વાળાની અને એની સહચરી વણિક-કન્યા પદ્માવતીની ખાંભીઓ ઊભી છે. યાદ આવે છે? 'ભૂત રુવે ભેંકાર'ની પ્રેમકથા[1] માંહેલો માંગડો યાદ આવે છે?

> *ઘોડો ઘોડાને ઘાટ, અસવારે ઉણો 'નહીં;*
> *(જેનું) ભાલું ભરે આકાશ, મીટે ભાળ્યો માંગડો.*

એવો એ વીર રાજપૂત, ઘૂમલી નગરમાં મામાને ઘેર મહેમાન થઈ રહેલો : આહરા બાયલ નામના કાઠીએ ઘૂમલીનાં ગૌધેન વાળ્યાં : માંગડો સહુની મોખરે જઈ બાણ વડલા નીચે એ ગાયના ચોરને ભેટ્યો : આશાભર્યો અંતરિયાળ મુવો : અસદ્‌ગતિ પામીને પ્રેતના અવતારમાં ગયો : પાછળ ઝૂરતી વ્રતધારિણી પદ્માવતીએ પોતાનું નવું લગ્ન નાકબૂલ કરીને અટવીમાં એ ભૂત પતિ સાથે –

> *વડલા, તારી વરાળ, પાને પાને પરઝળી,*
> *(હું) ક્યાં ઝપાવું ઝાળ, (મને) ભડકા વા'લા ભૂતના.*

– એવા સળગતા પ્રેત-પ્રદેશમાં કારમો સંસાર માંડ્યો. અને

> *સૌ રોતો સંસાર (એને) પાંપણીએ પાણી પડે,*
> *(પણ) ભૂત રૂવે ભેંકાર, (એને) લોચનિયે લોહી ઝરે.*

એવી રુધિરની અશ્રુધારા એણે એ પ્રેતદેહી પતિના ગાલેથી લૂછ્યા કરી.

પરંતુ એની ખાંભીઓ આ ડુંગરા પર શા માટે? એટલા માટે કે આંહીં એણે રહેઠાણ રાખેલું હતું. પોતાના ગામ ધાંતરવડ ઉપર એની મમતા રહી ગયેલી, તેથી આંહીં ડુંગરાની ટોચેથી રોજ રાત પડતાં એને પાંચ ગાઉના પલ્લા ઉપર ધાંતરવડ ગામના ઝબૂકતા દીવા દેખાતા અને એ દેખીને માંગડાને સુખ ઊપજતું. એ વિકરાળ નિર્જનતામાં જાનની વેલડી

---

[1] 'સૌરાષ્ટ્રની રસધાર'

પરથી સંધ્યાને સમે ઠેકડો મારીને નીચે ઊતરી જનારી, અને પછી એકલવાયી, ભયભીત, ઉગ્ર પ્રીતિના તાપમાં તપતી તરુણ પદ્માવતીએ જે દિવસે અદશ્ય માંગડા વાળાને –

*ઊંચે સળગ્યો આભ, નીચે ધરતીના ધડા,*
*ઓલવવાને આવ, વેલો ધાંત્રવડા ધણી!*

– એવા ઘોર અવાજ દીધા હશે, તે દિવસે અટવી અને ડુંગરમાળ કેવી કારમી ચીસ પાડી કાંપી ઊઠી હશે ! 'માંગડા'ની કથા માંહેલા દુહામાં ભરેલો વિલાપ મને બીજી કોઈ સોરઠી કવિતામાં નથી દેખાયો. એ દુહાઓની બાંધણી સહુથી વધુ ભાવવાહક દીસે છે. ફરી ફરી બોલતાં તૃપ્તિ થતી જ નથી. જાણે કે કોઈ અત્યંત જલદ વાસનાના એ પ્રેત-સ્વરો છે.

## વાઘેર બહારટિયો

પાસે જ વહે છે માલણ નદી. માલણને સામે કાંઠે ગાયકવાડ સરકારનું કંટાળા ગામ છે. એ ગામના એકસો વર્ષની ઉમ્મરનો એક હજામ હજી જીવે છે. કોઈ ખંડેરોમાંથી પસાર થતા પવનના ગમગીન, અસ્પષ્ટ સુસવાટાની માફક એ બુઝર્ગની પડી ખળભળી ગયેલી દેહશક્તિઓમાંથી એંશી વરસનો સ્મરણ-સ્વર સંભળાયો કે "મૂળુ માણેક નામનો પ્રખ્યાત વાઘેર બહારવટિયો પોતાની ટુકડી સાથે સાત દિવસ સુધી આ માંગડાના ડુંગર પર પડાવ નાખી રહ્યો હતો અને એણે પોતાના કાકા જોધા માણેકનું કારજ પણ આંહીં જ કર્યું હતું. મારી ઉમ્મર તે દિવસે દસ-બાર વરસ હશે : હું એ બહારવટિયાને માટે રોજ બે વાર રોટલા ઉપાડીને ડુંગર પર પહોંચાડવા જતો : એનું રૂપ મને યાદ છે : માથા પર લાંબા વાળનો ચોટલો, મોં પર ઘાટા કાતરા, અને જબ્બર ઘાટીલું શરીર હતું : બહારવટિયો બહુ જ થોડું બોલતો : છાનોમાનો બેસી રહેતો. રોજ સવારે એનો એક સીદી બે ખંભે બે મશક લઈને, હાથમાં બંદૂક સોતો, માલણનું પાણી ભરવા ઊતરતો, અને એ બંને મશકો ભરીને બેધડક પાછો બધા જોતા તેમ ડુંગરા પર ચડી જતો."

## ગીરની ભેંસો

કંટાળા ગામના રામ નોળ નામના એક આહીર ગરાસિયાને ઘેર ખરેખરી નામી ભેંસોનું આખું ખાડું જોવા મળ્યું. ગીરના માતેલા સાવજોની સામે સંગ્રામ માંડનારી જે ભેંસો વિશે સાંભળેલું તે ત્યાં નજરે જોઈ. એની કેટલી કેટલી જુદી સાખો પડી છે, તેનું એક રમૂજભર્યું તેમજ ભેંસોની ખરી મહત્તાના વર્ણનવાળું ચારણી ગીત પણ રચાઈ ગયું છે. અને ભેરી નાદે ગાજતા ગળાવાળા એક બારોટજીએ આબાદ રીતે એ વર્ણન કરી બતાવ્યું : કવિ કહે છે કે –

[ગીત-જાંગડું]

ગણાં નામ કુંઢી તણાં નાગલું, ગોટક્યું,
નેત્રમું, નાનક્યું, શીંગ નમણાં;
ગીણલું, ભૂતડું, ભોજ, છોગાળિયું,
બીનડું, હાથણી ગજાં બમણાં.

[કુંઢી ભેંસોનાં નામો ગણી બતાવું : નાગલી, ગોટકી, નેત્રમ, નાનકી, નમણાં શીંગવાળી ગીણલી, ભૂતડી, છોગાળી, બીનડી : કે જેનાં પરિમાણ હાથણી જેવાં છે.]

ભીલીયું, ખાવડ્યું, બોઘડું, ભૂરિયું
પૂતળું, ઢીંગલું નામ પ્રાજા;
ભગરીયું, વેગડ્યું, વાલમ્યું, ભાલમ્યું,
રાણ ખાડુ તણાં જાણ રાજા.

કંટાળતા નહીં, હજુ થોડાં નામ બાકી છે :

દાડમું, મીણલું, હોડકું, દડકલું
ગેલીયું, મુંગલું, રૂપ ગણીએ;
સાંઢીયું, બાપલ્યું, ધ્રાખ ને સાકરું,
પાડ ગાડદ તણા કેમ ગણીએ!

અને પછી તો ભેંસોનાં રૂપ રૂપનાં ભભકતાં વર્ણન છૂટે છે : સાંભળતાં તો કોઈ ભેંસઘેલા કાઠી ચારણના કેડિયાની કસો તૂટવા લાગી!

ઓપતાં કાળીયું શીંગ આંટાળીયું
ભાળીયું પીંગલાં આઉ ભારે;
ધડા મચરાળીયું ડુંગરા ઢાળીયું
હાલીયું ગાળીયું ખડાં હારે.

[કાળા રંગે ઓપતી, આંટાળાં શીંગે શોભતી, વજનદાર પીંગલાં આઉવાળી એ ભેંસો ડુંગરા તરફ ખીણોમાં પોતાની ખડેલી પાડીઓ સાથે ચાલી.]

હાલીયું પારવાં પરે હેતાળીયું
ઝરે પરનાળીયું મેઘ જેવા;
દાખતાં વીરડા જેમ દૂધાળીયું
મોંઘ મૂલાળીયું દીએ મેવા.

[પાડાંઓ (બચ્ચાં) ઉપર હેત કરતી ચાલી. મેઘની ધારા જેવી. તો જેના દૂધની શેડ્યો ઝરે છે, અને જેના દૂધના તો જાણે વીરડા ભરાય એવી ઘી-માખણના મેવા દેનારી મહામૂલી ભેંસો ચાલી.]

ભેંસો, ઘોડા, ઊંટ, તલવાર, બંદૂક વગેરેનાં આવાં વર્ણન-કાવ્યો વડે ચારણી સાહિત્ય આજ પણ ભરપૂર છે. ચારણ બારોટો આવાં બયાન કરવામાં સિદ્ધહસ્ત હોય છે, કેમકે

દાતારો પાસેથી ભેંસ-ઘોડાનાં દાન લેતી વેળા તેઓને આવી પ્રશસ્તિઓ ગાવી પડે છે. એથી અધિક રસભર્યું ગીત કાંગલી નામની એક સાવજશૂરી ભેંસ અને ગીરના એક સિંહ વચ્ચેના સંગ્રામનું છે. એ કાંગલીએ જોરાવર સિંહને તગડ્યો હતો. મને એ બહાદુર ભેંસ બતાવવામાં આવી. તદ્દન સોજ્જી ને ગરીબડી એ પશુનારીને જોઈ મને સ્મરણ થયું કે સાચી વીરતા પોતાની બડાઈ નથી હાંકતી ને પોતાની જાહેરાત કરતી નથી નીકળતી. એ તો ઠંડા ચકમકમાં છુપાયેલા અદશ્ય અગ્નિ જેવી હોય છે. એવી ગરીબડી દેખાતી કાંગલીને તો અમારા કવિ દુલાભાઈએ પોતાના ગીતમાં ભારી લાડ લડાવેલ છે :

[ ગીત-સપાખરું ]

ચીયા પવાડા અપારા એક જીભસું વખાણું થોડા
સાદૂળો ઊઠિયો સિંહ કરેવા સકાર;
વનરારા પ્હાડા માથે આવિયો ગૃંજતો વંકો
અહા ભાર ઝૂકા લીયા સાખ હીં અઢાર.
ગાડતો અનેકાં ખાડુ ધણંકી આવિયો ગાઢો
બણંકી ધણેણ્યો મુખે બોલિયા બરૂર;
સણંકી ઊઠિયા ગાળા કણંકી નાદસેં સંકા
ઝણંકી બોલિયો માટી મેખ, થા જરૂર.

શાર્દુળો સિંહ વનના પહાડ ઉપર શિકાર કરવા માટે ગાજતો ગાજતો આવ્યો. અનેક ટોળાંને ત્રાસ પડાવતો એ ધણેણાટી દઈને બોલ્યો. એના કારમા સ્વરોથી ખીણો ગુંજી ઊઠી. એણે ત્રાડ દઈ કહ્યું કે "ઓ મહિષી! હવે માટી થાજે!"

મેખી કાંગલી! તેં ઘણા દિનથી હટાયો મુંને
એમ બોલી ફેર મુખે કીયા હીં અવાજ;
વદાં ઉટકોટ રોમરાય કાંગલીને વાપી
ગડાસા નાખીયા મેઘ અષાઢરા ગાજ.

અષાઢની મેઘ-ગર્જના-શી ત્રાડ નાખીને કાંગલી શો ઉત્તર વાળે છે?

આવડું જોર તું કુત્તા, કિયાંસેં લાવિયો આજે
ક્રોધ મારા જોયા નથી, સાંભળ્યા હે કાન;
ભાગ, એક જીભે કહું કૂતરારા પુત્ર ભલા!
(મેં તો) પવાડે અનેક સિંહ તણા લિયા પ્રાણ.
ડણંકી ઊઠિયો વેણ મેખ તણા સૂણ ડાઘો
ઘોર જોર શોર કિયા ફેર કિયા ઘાવ,
હઠીને કાંગલે જેમ ડાણ નાખી તીન હદાં
બાણ નાખી તાણકીન ઉઠાયા હે પાવ.

[મહિષીનાં વચન સાંભળીને ડાઘો સિંહ ગર્જના કરી ઊઠ્યો : ઘોર અવાજ દીધો.

ફરી છલંગ મારી. તે વખતે કાંગલી ભેંસે પણ ત્રણ ડગલાં પાછી હટીને સામે ત્રાડ દીધી : સામે વાણ્ય નાખીને પગ ઉઠાવ્યા.]

પૃથીકા ધમાકા લાગા કાંગલે ઉઠાયા પાગા
લાગા ડાગા ફગા સિંહ શુધ ના લગાર
દોય પ્રલેકાળ આગા કાંગલીરા રૂપ ધાગા
ધૂરસેં વોમમેં લાગા મહા ધુવાંધાર.

[કાંગલીએ પગ ઉઠાવ્યો. ત્યાં તો ધરતી પર ધણેણાટી બોલી. સિંહે પણ કશી શુદ્ધિ વિના સામે ડગલું લગાવ્યું. કાંગલી ભેંસનું રૂપ તો પ્રલયકારી બન્યું, અને ધૂળ ઊડવાથી આકાશમાં ધૂંવાધાર બની ગયું.]

વેગળી હટી જા, મેખી, નકે માર દિયાં વધ્યા
સૂણી ધોમ ઝાળ કુંઢી અંગહી સુસાર
લોંડ! પાછી હટું તો તો ધણીને ખોટ્ય હીં લાગે
પાછી હટાં જુધે તો તો લાજે પરમાર.

[અરે ભેંસ! તું વેગળી હટી જા. નહીં તો તને મારી નાખીશ. સાંભળીને ભેંસને અંગે ઝાળ લાગી. અરે ધૂર્ત! હું જો પાછી હટું તો તો મારા ધણીને બટ્ટો બેસે. યુદ્ધમાં પાછી હટું તો તો મારા માલિકનું પરમાર કુળ લાજે! ('નોળ શાખા'ના આહીરો પરમાર રજપૂતોમાંથી ઊતરેલા હોવાની માન્યતા છે.]

રૂપ વિકરાળ મારે ધણી છે હીં નોળ રાજા
હઠાળા ખાડુને એનું જોર છે હમેશ,
બંકા રૂઠા ધણી મારા ભાલારી ધારસેં વીંધે
દોખીયાં ન કરે જેનો મૂખસેં દવેસ.

[વિકરાળ રૂપવાળો મારો રાજા છે. અમારા જોરાવર ટોળાને એનું સદાનું જોર છે, મારો બંકડો ધણી રૂઠે તો તો ભાલાના અણીએ વીંધી નાખે. દુશ્મનો એનો દ્વેષ મુખોમુખ કરી શકે નહીં.]

એવા પરસ્પરના પડકાર પછી બંને વચ્ચે યુદ્ધ મંડાય છે :

ઉઠાયા મેખીએ પાગ ગડાસા નાખતા આપે
હરીકું ભગાયા ગેલી કાંગલે હઠાળ;
રામ નોળ તણું ખાડું શામજી સરમોળ રાખે,
ઝંઝેરે સિંહકા છેડા કુંઢી કાળ ઝાળ!

[મહિષી કાંગલીએ હુંકાર કરીને પગ ઉઠાવ્યો. એ હઠીલી ભેંસે સિંહને નસાડ્યો. ભાઈ રામ નોળના ખાડુને શ્યામ પ્રભુ સુરક્ષિત રાખજો! અને એની કુંઢી ભેંસો સદા સિંહને નસાડજો!]

## ચારણી ખજાનો

ગ્રામ્યજીવનનાં આવાં ગૌરવ-ગીત : ભેંસોને પણ એ અમરત્વ આપે. એમાંથી ગ્રામ્યવાસીઓનું વીરત્વ આકાર ધરે છે. ગરીબ માલધારીઓને, બલકે પશુઓને સુધ્ધાં એવા રોમાંચકારી બિરદે બિરદાવતી એ ચારણ-સંસ્થા આજે ભ્રષ્ટ થઈ છે. અને બીજી બાજુ આવાં ગીત રચનાર તથા પ્રાચીન ઇતિહાસની ગાથાઓ કંઠે રાખનાર, હકીકતોના ખજાના જેવા ચારણ રાવળો ટપોટપ મરવા લાગ્યા છે. ડોળિયા ગામના વૃદ્ધ રાવળ ગીગા ભગતને 'મળું, મળું' કરતાં તો એણે પ્રાણ તજ્યા ને એની સાથે એની આપ-રચી ઉચ્ચ કાવ્યધારા પણ ગઈ. એનો ઇતિહાસ-ભંડાર પણ ગયો. સામત રાવલ નામનો એક પુરાતની વહીવંચો પણ બાબરિયાવાડની જૂની ને બારીક માહિતી સાથે ઓચિંતો અદશ્ય થયો. નવી ઓલાદે એવા બુઝર્ગો પાસેથી જૂનો વારસો મેળવી લેવાની પરવા ન કરી, અને મારા જેવાને હવે એ વાતનો સદાનો ઑરતો કરવો રહ્યો. એવા લોકોનો ઉપયોગ આપણી કોઈ સાહિત્ય સંસ્થાએ ન કર્યો. તો પછી ફોર્બસ સભા જેવી લાખોના વહીવટ કરતી સંસ્થાનું સ્થાન ક્યાં છે? દસ 'રાસમાળા' ભરી શકાય એટલી સામગ્રીનો આવી કોઈ 'સભા'એ લગારે ભાવ નથી પૂછ્યો. અને તો પછી 'ચારણો ખુશામદખોર થઈ ગયા' એવી ફરિયાદ કરવાનો અધિકાર પણ આપણને ક્યાં રહ્યો છે! ટુકડો રોટલાને ખાતર પોતાની રત્ન જેવી કવિતાને ચાહે તેવા નાલાયક માણસ પર ઢોળવા જતાં બુદ્ધિશાળી ચારણો બારોટોને આત્મગૌરવ અને સત્યપરતાની રોટલી પૂરી પાડવા આજે ક્યાં કોઈ તૈયાર છે! છતે સાધને પણ આ ચારણ–બારોટનું સ્થાન ભ્રષ્ટ થતું દેખીને ઇતિહાસ-સામગ્રીના એક મહાન વિનાશનો આપણને જતે દહાડે પસ્તાવો થશે, તે વાત વિચારતાં વિચારતાં દાઝે બળતાં આટલું લખી જવાય છે, ભાઈ!

# 6

## સાણો ડુંગર

**ચા**રણી કાવ્યોના ધ્વંસની કથની વધુ ન લંબાવતાં હું તમને એક વધુ મોટા કાવ્યનો વિનાશ બતાવવા હવે લઈ જાઉં છું. શબ્દોમાં ગૂંથેલું નહીં, પણ પથ્થરોમાં કંડારેલું મહાકાવ્ય : ચારણી ગીત-છંદો કરતાં યે શતકો જૂનું એ કાવ્ય : સૌરાષ્ટ્રીય તવારીખના સુયશ-કાળનો એ અબોલ સાક્ષી : સાણા ડુંગરનો બૌદ્ધ વિહાર : દૂર દૂરથી એ કાળા ડુંગરની ગુફાઓ દેખાઈ, અને દિલ જાણે ઊંટ પરથી કૂદકો મારીને મોખરે દોડવા લાગ્યું. નાની-શી નદીને કાંઠે, ગીરના તમામ ડુંગરોથી નિરાળો એકલ દશામાં ઊભેલો એ સાણો શિહોરના ડુંગરાથી યે નીચેરો અને નાજુક છે. વચ્ચે વિશાળ ચોગાન છે, અને બંને બાજુથી જાણે કોઈ રાજમહેલની અટારીઓ ચડી છે. ગુફાઓ! ગુફાઓ! જ્યાં નજર કરો ત્યાં ગુફાઓ! છેક નીચેથી તે ટોચ સુધી : સંપૂર્ણ હવા-પ્રકાશ આવી શકે તેવી બાંધણીના એમાં ઓરડા ઉતાર્યા છે. ઠેકઠેકાણે ઓરડાની બાજુમાં પાણીનાં મોટાં મોટાં ટાંકાં કોરી કાઢેલાં છે. ટાંકાંમાં ડુંગર પરનું પાણી ખાસ કોતરેલી સરવાણીઓ વાટે ચોમાસે ચાલ્યું આવતું હશે. કદી કોઈએ એ ટાંકાં ઉલેચ્યાં નહીં હોય, છતાં પાણીમાં નથી દુર્ગંધ કે નથી કુસ્વાદ : એ ખાતરી અમે સ્વયં પીને કરેલી છે. એક ગુફાથી બીજી ગુફા ચડવા–ઊતરવાનાં પગથિયાં કોતરેલાં છે. સ્થંભોવાળી રૂપાળી ગુફાઓના એકસરખા અચ્છી કારીગરીવાળા ઘાટ છે. એવી પચાસ જેટલી ગુફાઓ. અને એ બધું નક્કર કઠોર પાષાણમાંથી જ કોતરી કાઢેલું છે. જાણે મીણના પીંડામાં કરેલી એ કરામત છે.

## હેડમ્બ-મહેલ

કયા કાળમાં અને કોણે વસાવ્યું હશે આ વિદ્યાલય? કોણે કોરાવેલ હશે? કાંઈ સાબિતી કે સાક્ષી નથી. શિલાલેખ નથી. કેવળ લોકવાયકા જ ચાલી રહી છે કે પાંડવોએ આ સ્થળ વસાવ્યું હશે. લોકો તો જ્યાં જ્યાં મહત્ પરિમાણ ને પ્રાચીનતા ભાળે ત્યાં ત્યાં મહાભારતનો જ સાંધો સંધાડે. લોકો કહે છે કે આ ગીરનું જંગલ એટલે હેડમ્બ-વન : આંહીં હતાં હેડમ્બા રાક્ષસીનાં રાજપાટ : એક દિવસ પાંડવો દેશવટે આંહીં આવ્યા અને ભીમ અને હેડમ્બાના હસ્ત-મેળાપ થયા : પછી હેડમ્બાએ પોતાના પ્રભાવથી આખો ડુંગર માખણનો બનાવી દીધો, ને રાતોરાત પાંડવોએ એ માખણની અંદર આ રાજ-પ્રાસાદની રચના કરી કાઢી : એક વિશાળ ખંડ, કે જ્યાં ચાર સ્થંભો અને ચોપાસ બાંકડા

જેવી બેઠક કંડારેલ છે તેને લોકો 'ભીમ-ચોરી' કહે છે. બીજા એક સ્થળને લોકો 'ગાંધારીનો રાજમહેલ' કહી ઓળખાવે છે. ત્રીજી એક ભવ્ય ગુફાને 'હાથી થાન' નામ આપે છે. પરંતુ લોકોની આંખો આડેથી મહાભારતનું પડળ અળગું કરવાની ખેવના કોઈએ નથી કરી. બૌદ્ધ સ્થાપત્યનું ઉપરછલું જ્ઞાન લઈને જનાર મુસાફર પણ બીજા એક ખંડમાં જઈને કહી શકશે કે આ શિવલિંગ નથી, પણ સ્તૂપ છે, અથવા તો ચાર સ્થંભવાળી એ ચોખંડી જગ્યા કોઈ બૌદ્ધ ધર્મવિધિની સાથે સંકળાયેલી છે. ખરી વાત તો આ છે કે દસ વરસ પહેલાં સુધી તો એ સ્થળ રેલવે-માર્ગથી ત્રીસ-પાંત્રીસ ગાઉને અંતરે પડેલું હોવાથી એક ઇતિહાસપ્રેમીએ ભાગ્યે જ એની યાત્રા કરેલી હશે. વૉટ્સન જેવો સમર્થ તવારીખ-નવેશ પણ પોતાના ગેઝેટિયરમાં આ સાણાને પાંચ પંક્તિના એક તુચ્છ ફકરાથી જ પતાવી નાખે છે :

## વૉટ્સનનો મત

"સાણાનો ડુંગર ઉનાથી ઉત્તરે સોળ માઈલ, વાંકિયાથી ઉત્તરે એક માઈલ, અને ડેડાણથી નૈર્ઋત્યે દસ માઈલ ઉપર છે. ડુંગરાની પાસે થઈને રૂપેણ નદી વહે છે. ડુંગરાની બંને બાજુમાં બૌદ્ધ મતવાળાઓની આશરે સાઠ ગુફાઓ છે. સંભવ છે કે વલ્લભી ધ્રુવસેન પહેલાની બહેન દુદાએ બૌદ્ધ મઠ સ્થાપ્યો તે આ સાણાની ગુફાઓ હશે. ગુફાઓમાં પાણીનાં ટાંકાંઓ ઘણાં છે અને કોતરકામ બહુ જ સારું છે. અહીં કંઈ લેખ નથી તે ઉપરથી એ ક્યારે થઈ તે નક્કી કરી શકાતું નથી."

બસ, આટલો જ ઉલ્લેખ છે. અને તે સિવાય કોઈએ કાંઈ લખ્યું જણાતું નથી.

## નધણિયાતી જગ્યા

'વલ્લભીપુરનાં ખંડેર' નામે ઓળખાતી સપાટ ભોંમાંથી એકાદ સિક્કો શોધવામાં રસ લેનારાઓ આ ઇતિહાસના આકૃતિમાન્ ઉચ્ચાર સ્વરૂપ સાણાને તપાસવા નથી ગયા લાગતા. ત્યાં સરહદ છે જૂનાગઢના નવાબની કે જેને ઘેર આજે ઇતિહાસનું કશું માહાત્મ્ય નથી. બીજી બાજુ, એ ડુંગરનો કબજો છે વાંકિયા નામના ગામના કોટીલા તાલુકદારોનો, કે જેને મન સાણા ઉપર ભેંસોને ખવરાવવા માટે ભર બે ભર ઘાસ ઊગ્યા સિવાય તો એની કશી મહત્તા નથી. ત્યાં જનારા પ્રવાસીઓ તો મુખ્યત્વે કરીને હોય છે માલધારીઓ, કે જેને ચોમાસામાં ગુફાઓની અંદર પોતાનાં ઢોર સાથે ઓથ લઈને રહેવા સિવાય એની અન્ય કશી વધુ કિંમત નથી. આજે ત્યાં એ કારણે તો ચાંચડની બૂમ બોલે છે. મુસાફર બહાર નીકળી એક કલાક સુધી પોતાના શરીર પરથી ચાંચડને જ ખંખેર્યા કરે છે. બીજા યાત્રાળુ એક હાથીરામ નામના બાવાજી છે, કે જેણે ઊંચે ઊંચે મજલે એક મોટો વિભાગ રોકી લઈ ગુફાઓ પર બારસાખ બારણાં ચડાવી લીધાં છે, લીંપણ-ગૂંપણ કરાવ્યું છે, બે ચેલા ને ત્રણ ત્રિશૂળ વડે કોઈ દેવી માતાની સ્થાપના કરી દીધી છે, યાત્રાનો મહિમા

ચાલુ કર્યો છે, ટાંકાંના પાણી વડે એક ઊંચો બગીચો પણ ઉઝેરી નાખ્યો છે. છેલ્લાં સોળ વર્ષથી એ સુપાત્ર આહીર સાધુ સાણાની સંભાળ રાખી ત્યાં રમણીયતા પાથરી રહેલ છે; પરંતુ એને બૌદ્ધ ઇતિહાસનાં પગલાં પિછાનવાનું ક્યાંથી સૂઝે? ત્યારે ત્રીજા પ્રવાસીઓ તો રહ્યા સંહારવાદી બહારવટિયા! એવા અતિથિઓની મહેમાની કરતો આ સાણો પહાડ કેટલાં કેટલાં વર્ષોથી પોતાનું અંતઃકરણ ઉકેલવા આવનારા કોઈ ઇતિહાસપ્રેમીની વ્યર્થ વાટ જોતો ઊભો છે! જો ઇતિહાસની તમામ રેખાઓ ઉકેલી શકનાર કોઈ ઇતિહાસવેત્તા ત્યાં જઈ ચડે, તો એક દૃષ્ટિપાત કરતાં જ એને 'સાણો' પોતાનું અંતર ઉઘાડીને કૈં કૈં કાળની કથાઓ કહી નાખે એવું છે.

## વિનાશ

બાકી આજે તો એ વિહારના આખા ને આખા સ્થંભો, દીવાલોના પથ્થરો, પેલો સ્તૂપ, નિસરણીનાં પગથિયાં વગેરે તમામને છીપાં (ચામાચીડિયાં) કરડી ખાય છે. પ્રવાસીઓ સાક્ષી પૂરે છે કે ગઈ કાલે અખંડ ઊભેલા એ સ્થંભો આજે છીપાંના જઠરમાં હોમાઈ હોમાઈને પોણા અરધા કે પા ભાગ જેટલા વિકૃત બનીને લટકી રહ્યા છે. અને આવી જ નિરાધાર હાલત થોડાં વરસ ચાલુ રહેતાં એ બાંધણીનો બધો ઘાટઘૂટ અદૃશ્ય બની જવાનો. એલીફંટા કે કારલા કે અજન્તા જેવું કશું ય શિલ્પ-સ્થાપત્ય એમાં ભલે નહોતું કે ન હોય, છતાં સોરઠી તવારીખના એક સીમાસ્થંભની મહત્તાની તો એને ના નહીં પાડી શકાય; પરંતુ આપણે ત્યાં ઇતિહાસ-પ્રેમીઓ ક્યાં છે? શહેરી સંગ્રહસ્થાનોના શીળા ઓરડામાં બેસીને આરામથી ઇતિહાસ લખનારાઓને સાણો ડુંગર હજુ યે જાણે સો ગાઉ દૂર થઈ પડે છે.

## ધર્માલય

આજે તો એની આસપાસ સપાટ ખેતરો છે, પણ જ્યારે એ બંધાયો હશે ત્યારે તો ત્યાં ગીરની ઘોર ઝાડી જ હોવી જોઈએ. સોરઠી ઇતિહાસની એ બૌદ્ધ સમયની જાહોજલાલીમાં કષાય વસ્ત્રધારી સાધુઓના કંઠમાંથી ઝરતાં ધર્મસ્તોત્રો વડે રોજ પ્રાતઃકાળે આ પહાડી ગુફાઓ ગાજતી હશે. ગુફાએ ગુફાએ પીતવરણાં વસ્ત્રોની ધર્મપતાકાઓ ફરફરતી હશે. એક સામટા પાંચસો સાધુઓ જ્યારે ધ્યાન ધરીને નિર્વાણની નિગૂઢ સમસ્યાઓ ઉકેલવા બેસી જતા હશે, ત્યારે એ એકત્રિત મૌન જગત પર શાંતિનાં ને સંયમનાં કેવાં બલવાન આંદોલનો વિસ્તારવા લાગતું હશે!

દિલમાં થાય છે કે સાણાને ફરીવાર વસાવવો જોઈએ. સાધુઓને માટે ફરીવાર ત્યાં વિદ્યાપીઠ સ્થાપવી જોઈએ. અને આજે ગરીબ જનતાને ભોગે પોતાની ઇંદ્રિયોની લોલુપતા સંતોષતા, શહેર–નગરોની સગવડો છોડવાની ના પાડતા, અને ત્યાગ–સંયમના માર્ગો પરથી ચલાયમાન થઈ રહેલા ભેખધારીઓને ફરજિયાત ચાતુર્માસ રહેવા સાણામાં

મોકલવા જોઈએ. સુપાત્ર અને સંસ્કારી મુનિઓએ તો પરમ તત્ત્વની શોધ માટે ત્યાં રાજીખુશીથી એકાંતવાસ કરવો ઘટે છે. ઉપર આકાશ, સન્મુખ રૂપેણનો રૂપેરી જલપ્રવાહ, દૂર ક્ષિતિજ પર અબોલ ડુંગરમાળ, અને ચોપાસ સળગતાં મેદાન : એ બધાં આજે સાચા મુમુક્ષુને કિરતારની શોધના પંથ બતાવવા જાણે આતુર ઊભાં છે. સાણાનો ધીરો ધીરો ધ્વંસ દેખીને પ્રકૃતિ-માતા ત્યાં જાણે રુદન કરે છે.

## પ્રેમાલય

સાણામાંથી એક દિવસ ધર્મ વિદાય લઈ ગયો. અને તે પછી જાણે કોઈ લડાયક જાતિઓએ ત્યાં કિલ્લેબંદી કરી હોય તેવી ગઢ-રચનાની એંધાણીઓ પડી છે. ત્યાગ અને સમત્વના એ દેવાલય ઉપર એક દિવસ તલવાર–બંદૂકોએ હિંસાનાં લોહી રેલાવ્યાં હશે. એ બંને ભૂમિકાઓ વટાવી આપણું પ્રવાસી હૃદય આ સાણા ઉપર એક ત્રીજા જ સંસ્કાર ઊતરતા કલ્પે છે. આખો ડુંગરો જાણે પેલા વિરહી રબારી પ્રેમિક રાણાના નિઃશ્વાસમાં એક દિવસ સળગતો હશે. પોતાની બાળપણની સખી કોટાળી કુંવર, કેવળ જ્ઞાતિ-ભેદના કારણે જ પોતાના ભાગ્યમાંથી ભુંસાઈ ગઈ, બીજે પરણી ગઈ, રાણો એના સમાચાર લેતો લેતો પોતાની ભેંસો ઘોળીને સાણે આવી પહોંચ્યો, અને એ જીવતા જીવતા પહાડને પૂછ્યું કે :

*કાગા જમત હે આંગણે, ખન ખન પથારા,*
*સાણા! સાજણ ક્યાં ગયાં, મેલીને ઉતારા!*

નદીને પૂછ્યું :

*ચોસર જેનો ચોટલો, નાક ભાતીલાં નેણ,*
*રાણો પૂછે રૂપેણને, કોઈ દીઠાં મુંજાં સેણ.*

સામે પાંચ ગાઉ ઉપર નાંદીવેલામાં ‘કુંવર્ય’ વસે છે, પણ રાણાથી કેમ જવાય? સાણે બેસીને એનું ધ્યાન ધરવું જ રહ્યું. પરંતુ જીવ ન જંપ્યો :

*સાણે મન સૂતું નહિ, ધુંવાસને ધડે,*
*આવ્યું આંટો લે, રોતું મન રાણા તણું.*

ભેંસો લઈને ભટક્યો. ધુંવાસના ડુંગરમાં ગયો. પાછો સાણામાં ને સાણામાં સમાયો.

## ગોપ-ગોપીનો આશરો

યોગી, યોદ્ધા અને પ્રેમી, ત્રણેયનું પ્યારું ધામ આ સાણો : આજે એની પડતી અવસ્થામાં પણ એ બિચારો પશુઓનું ને ગોવાળોનું રક્ષણ કરે છે. ચોમાસે ચોમાસે આજે ત્યાં ગોવાલણોની ગોળીઓમાં મહી ઘૂમતાં હશે, આષાઢ–શ્રાવણની હેલીઓમાં વહેલા પહોરની ઘંટીઓ પ્રભાતિયાં ગાતી હશે, રબારીઓની સરજૂઓ સૂરજ મહારાજનાં સ્વાગત કરતી હશે, આભ–ધરતીના લગ્ન-મંડપ જેવા રૂપાળા લીલૂડા બની જતા એ ડુંગરને કોઈ અબોલ ખૂણે ગોપ–ગોપીના નવા પ્રેમ જન્મતા હશે.

આજના યુગનો લોહીચૂસક જીવન-કલહ શું આવા શાંતિમય, મધુમય ગોપજીવનને અવકાશ આપતો હશે? કે શું આ તો સાહિત્ય-વિલાસીની કલ્પના કેવળ વિલાસ જ ખેલી રહી હશે? એ પ્રશ્ન જીભ ઉપર આવીને ઊભો રહે છે અને અધરાતને ટકોરે રાજુલા ગામના સ્ટેશન પર પહોંચી, સૂસવતા પવનમાં શરીર પર ધાબળો લપેટી, મને એ યાત્રા કરાવનાર મિત્રને રામ રામ કરી એના છેલ્લા શબ્દો સાંભળું છું કે "ભાઈ! મોટી ગીર તો હજુ બાકી છે! હજુ તો મોટા સાવજને એક સોટીથી તગડી મૂકનારી ચૌદ વર્ષની ચારણ-પુત્રીઓ આપણે જોવી છે. જ્યાં ઘોડાં પણ ન ચાલી શકે એવી અટવીમાં આથડવું બાકી છે. તૈયાર થઈ રહેજો!"

હજુ બાકી છે! જીવનયાત્રામાં હજુ તો ઘણો પંથ બાકી છે. હજુ તો કેવળ પ્રવેશ-દ્વાર જ દેખાયું છે. હજુ ઘણું બાકી છે!

એ વિચારે મને ધીરે ધીરે સુવાડી દીધો.

# 7

## કાદુની ગોતણ[1]

જિંદગી એ શું માનવીનાં નિરધારેલ કાર્યોની સિદ્ધિઓનો સરવાળો છે? કે અધૂરી રઝળેલી ઉમેદોના ઓરતાનો સંગ્રહ છે?

ભાગ્યવંતોને ભાગે પહેલી જાતનું જીવન આવતું હશે. સેંકડે નવ્વાણુના તકદીરમાં તો ઓરતા જ લખ્યા છે.

પૂરી ગીર જોવી રહી ગઈ છે. ગીરને એક છેડેથી ઊપડી અધગાળે હાથ દઈ પાછો વળ્યો હતો. બીજો છેડો વેરાવળ બાજુ તાલાળા અને સાસણથી શરૂ થાય. એક દિવસ ત્યાં ઊતર્યો હતો. પણ એકલ સવારીએ. ભેળો દુલાભાઈનો કે ગગુભાઈનો સાથ નહોતો.

તાલાળા જવું થયું હતું બહારવટિયા કાદુની ગોતણ કરવા. ડરશો નહીં – કાદુની ગોતણ કરવા એટલે કે કાદુના બહારવટાની કહાણીઓ ઢૂંઢવા. ત્યાં એક જીવતો સાહેદ બેઠો હતો.

### ગુલાબના ગોટા જેવો

એના વાવડ ગગુભાઈએ એક દિવસ આપેલા : હજુ ય મને ગગુભાઈનો એક બોલ મરેલા મિત્રની અમર રહેલી ફોરમ-શો ભણકાર દે છે :

“પણ ઝવેરભાઈ! શું કહું તમને? એનું મોં! ગુલાબના ફૂલ જેવું છે હો! ને ભાઈ, તમે જલદી ત્યાં પહોંચી જાવ. તમે જાણો છો કે આપણે મળું મળું કરતા રહ્યા ત્યાં કેટલા કેટલા મળવા જેવા નરો હાલ્યા ગયા! માટે મારા વગર પણ તમે એકલા પોગો, ઝવેરભાઈ! ગુલાબના ફૂલ જેવું એનું મોં છે.”

‘ગુલાબના ફૂલ જેવું મોં!’ ગગુભાઈ ગઢવીના ભીનલા ચહેરા માથે પણ એ વેણ બોલતાં લાલપ તરી આવતી’તી, ને એ જ ગગુભાઈની વાર્તા-કહેણીમાં વખતોવખત ટંકાતું એક બુટ્ટાદાર કવિતા-પદ આજે એમને વિશેય મને યાદ આવ્યા કરે છે કે –

*બાસન વિલાઈ જાત*
*રહે જાત બાસના.*

ફૂલ ખરી જાય છે, પણ એની ફોરમ રહી જાય છે.

---

[1] આ પ્રકરણ સાથે વાંચવામાં રસ પડે એવી કથા ‘કાદુ મકરાણી’ (‘સોરઠી બહારવટિયા’).

ફોરમ રહી ગઈ એની 'ગુલાબના ગોટા' જેવો જે ચહેરો જોઈ આવવાનું મને એણે ચીંધાડ્યું, તે ચહેરો પણ આજે ક્યાં છે? હજુ આલમ પર ફોરે છે? નથી ખબર. આઠથી યે વધુ ચોમાસાં વરસી ગયાં એને દીઠ્યા પછી.

## જમાદાર ગુલમહંમદ

એનું નામ જમાદાર ગુલમહંમદ. તાલાળા ગામે મને તેડવા આવતા એ અસ્વારની સૂરત મેં છેટેથી દીઠી – રાંગમાં કોઈ પાણીદાર ઘોડી રમતી હતી ને મેં એ ચહેરાને મીંડવી જોયો, પેલા બોલની જોડે : 'ગુલાબના ગોટા જેવો!'

– ને ખાતરી થઈ કે ગગુભાઈના વર્ણનમાં અલંકારની ભભક નહોતી, સુંદર સત્ય હતું.

સાઠ વર્ષની લગોલગ અવસ્થા ખેડતો આદમી પોતાના ચહેરા ઉપર તાજાં ગુલો રમાડી શકે, એ એક નવાઈ પામવા જેવી તો ભલે ને નહિ, પણ ખરેખર પ્રસન્ન થવા જેવી વાત હતી. ખાખી પોશાકમાં એની શ્વેત દાઢીથી મઢેલી સિપાહીગીરી શોભતી હતી.

ને હું એની પાછળ પાછળ મારી ઘોડીને હાંક્યે જતો, સાંસણને ઘાટે ગીર-માર્ગે અજાયબ થતો હતો કે આજ શું એ જ ગુલમહંમદ – જે કાદરબક્ષ બહારવટિયાની જોડે દસ-અગિયાર વરસની ઉમ્મરે દિવસરાત ગીરના ડુંગરા ખેડતો હતો! આ શું એ જ બાલક, જેને બીજા ડાકુઓની જોડાજોડ ફાંસીની સજા પણ થઈ હતી? આના દીદાર ઉપર તો એક રેખાય ગેરઇન્સાનિયતની નથી કળાતી ને!

## બધું જ કહીશ!

રસ્તામાં સાંજ આથમતી હતી. ગાઢાં જંગલોને તાજેતર વાઢી વાઢી ખેડ માટે ખુલ્લી કરવામાં આવેલી ધરતી ઉપર અમે વેગમાં ઘોડાને લીધ્યે જતા હતા. અઢાર ભાર વનસ્પતિમાંથી ગળાઈ ગળાઈને લીલોતરીની ગંધ નાકમાં ચૂતી હતી. છ ગાઉનો પલ્લો ખેંચવાનો હતો. ને મારી જિજ્ઞાસા દબવી દબાતી નહોતી. હું એ ગુલાબના ગોટા-શા ચહેરાવાળા જૈફ આદમીને ગુફતેગુના કૂંડાળામાં પેસાડવા પ્રયત્ન કરતો હતો :

"આપની ઉંમર ત્યારે કેવડી હતી? ફાંસીની સજામાંથી આ સ્થિતિ પર, જંગલખાતાના આસિસ્ટંટ ઉપરી-અધિકારીની પાયરી પર આપ શી રીતે મુકાયા?"

ગુલમહંમદભાઈ ફક્ત એટલો જ જવાબ દેતા : "હું આપને મુકામે જઈને પછી તમામ વાતો કહીશ. તમામ કહીશ."

પછી સાસણના સરકારી થાણામાં ,પોતાના મકાનમાં બેસી તસબીના પારા પડતાં મૂકતાં મૂકતાં એમણે મને જે જે વાતો કહી, જેની નોંધપોથી અત્યારે મારી સામે જ પડી છે. ત્રણ દિવસ લગી અમારી બેઉની એકધારી બેઠક પહોંચી. વચ્ચે એ પાંચેય નમાઝ

પડતા જાય, તસબી ફેરવતા રહે, ને એના બે-ત્રણ રિન્દબલોચ નોકરોને મકરાણી જબાનમાં પૂરા સ્વાસ્થ્ય સહિત કામકાજની સૂચનાઓ કરતા જાય.

એની વાર્તામાંથી એનું સાચ તરી આવતું હતું. કાદુ બહારવટિયાને વિશે અલકમલકની જે જે વાતો મેં ઢૂંઢી હતી, તેમાંની એક પછી એકને હું એમની નજર તળે કસાવતો ગયો. એમણે તો આખું બહારવટું નજરે જોયેલું : કાદુના ભાઈ અલાદાદના ખભા ઉપર બાલક ગુલમહમદની સવારી થતી. નાનું બચ્ચું થાકી જાય : ઘોડાં તો બહારવટિયાને પોસાય નહીં; ને કોણ જાણે કેમ પણ આ નાનો બાલક બહારવટામાં ગયેલો એટલે પછી વેઠવો જ પડેલો.

એ નાનપણની રજેરજ સાંભરણ ગુલમહંમદભાઈએ મારી પાસે ધરી દીધી.[1]

## સત્યપ્રેમી

કાદુના નામ જોડે સંકળાયેલા અનેક રોમાંચકારી કિસ્સાઓની મેં એમને પૂછપરછ કરી : એમાંના કેટલાએકનો એમણે સાફ દિલે ઇન્કાર કર્યો. પોતાના મામુનાં કાળાં કૃત્યો ઉપર અસત્ય વાતોનાં પુષ્પો ઓઢાડવાની ગુલમહમદને જરીકે ખેવના નહોતી. કાદુ વિશેની કેટલીક પ્રેમશૌર્યવંતી ભવ્ય ઘટનાઓની પછવાડે જે સાચું રતિ રતિ જેટલું જ તથ્યનું સુવર્ણ હતું તે પોતે નામઠામ ને તિથિ વાર સહિત કબૂલ કરી દીધું, બાકીના કલ્પના-ભાગને એણે નમ્રતાપૂર્વક જતો કર્યો.

એક જ દૃષ્ટાંત આપું : કાદુ અને જેઠસૂર ખુમાણવાળો કિસ્સો : 'સોરઠી બહારવટિયા' (ભાગ 3)માં વાંચજો. કાદુને ઝાલવા નીકળનાર જેઠસૂર ઉપર બહારવટિયાએ ખાનદાની બતાવી હોવાની એ આખી જ સુંદર કથાને વિશે ગુલમહમદભાઈ લાગલા જ બોલી ઊઠ્યો : "અરે નહિ રે, બિલકુલ નહીં સાહેબ! એવું કાંઈ જ બન્યું નહોતું. ગલત વાત છે. જેઠસૂરભાઈ તો હમારા મોહબ્બતદાર કહેવાય" વગેરે વગેરે.

અંધારે અંધારે રૂપિયો સમજીને ચોરી કરી ભાગનાર ચોર કોઈ બત્તીના પ્રકાશમાં જ્યારે પોતાની હથેળી ઉઘાડતાં ઢબ્બુ નિહાળે, ત્યારે એને એક લાગણી થાય છે : એ લાગણી આ વખતે મારી યે હતી.

આવી તો કાદરબક્ષ વિશેની અનેક પ્રચલિત અદ્‌ભુતતાઓનું એમણે નિરસન કર્યું; એટલે જ મેં તારવેલું એ બહારવટિયાનું વૃત્તાંત ગળાયેલું, સત્યના સીમાડા પર ઊભેલું હું લેખી શકું છું. લોક-વાણીના સાહિત્યને સંઘરવા નીકળનાર શોધક આવા ભય વચ્ચે હંમેશાં ઊભેલો છે. એક જ જીભેથી ઝીલેલા બોલને એણે જગત પાસે ન ધરી દેવો ઘટે. લોકસાહિત્ય એટલે જ્યાં ત્યાંથી પડ્યો શબ્દ એ ને એ સ્વરૂપે રજૂ કરવાનું સાહિત્ય નહીં. એક જ વાત, એક જ ગીત, એક જ કથા, એક જ ઘટના : એના શક્ય તેટલા તમામ પાઠો એકઠા કર્યા પછી જ એમાંથી સાચો પાઠ પકડવો રહે છે.

---

[1] એનું બયાન 'સોરઠી બહારવટિયા' (ભાગ 3)માં મેં પૂર્ણ વફાદારીથી ઉતારેલું છે.

## ફાંસીને માંચડેથી

398.2/MEG

પણ ગુલમહંમદભાઈ પર હું હવે વધુ નહીં થંભું. ગીરની ગાઢતા વચ્ચે એકલો બેસીને નમાજો પઢતો આ ગંભીર આદમી ફાંસીને લાકડેથી જંગલને ઉપરીપદે કેવી રીતે કૂદ્યો તે એક જ વાત કહીને ખતમ કરું છું. એમણે જ કહેલી એ વાત છે :

સાહેબ, અમારી ટોળી પૈકી ફાંસીની સજા પામેલા તમામ જોડે હું બાર વરસનું બચ્ચું પણ જૂનાગઢની જેલમાં આખરી દિનની રાહ જોતો હતો. પણ કુરાને શરીફ તો અમારા ખાનદાનનો પ્રિય ગ્રંથ, એટલે હું પણ બચપણથી જ ધર્મના પાઠો શીખ્યો હતો. જેલમાં મારા મૉતની વાટ જોતો હું કુરાન પઢતો હતો, ને મૉતની સજાવાળા બીજા સાથીઓને સંભળાવતો હતો. દરમિયાન નવાબ સાહેબ જેલની મુલાકાતે આવ્યા. એમણે મને જોયો. મારે વિશે પૂછપરછ કરી. બોલી ઊઠ્યા : આવા ધર્મપ્રેમી બાળકને ફાંસી હોય? મને માફી આપી. મને નવાબ સાહેબે પોતાની પાસે લીધો. મને કામગીરી આપી. હું જુવાન બન્યો ત્યારે મારી શાદી પણ નવાબ સાહેબે કરાવી આપી. રફ્તે રફ્તે મને જંગલ ખાતાની નોકરીમાં આ પાયરીએ ચડાવ્યો. આજે મારે ઘેર જુવાન બેટાઓ છે. મારા કુટુંબનો લીલો બગીચો છે. મારો અવતાર સુધરી ગયો. હું તો શુકર ગુજારું છું એ નવાબ સાહેબના.

91784570

## વાંસાઢોળના ખોળામાં

સાસણના પાદરમાં પડેલી ઊંડી હીરણ નદી, હીરણને સામે પાર બે-ત્રણ ગાઉ પર ઊભેલો વાંસાઢોળ ડુંગર, ને તેની યે પછવાડે ઊભેલી અજાણી ગીર-ભોમ, એ બધાં મારી કલ્પનામાં સજીવન હતાં. વાંસાઢોળ ડુંગર ઉપર મારી કલ્પના એક શબને નિહાળી રહી હતી. એ શબને મેં પિછાની લીધું. એ હતું વાઘેર બહારવટિયા જોધા માણેકનું શબ. જોધાર જોધાની કાયા વાંસાઢોળ પર પડી હતી. એવા શબને છેલ્લું શયન કરવાને માટે વાંસાઢોળનું પહાડી સ્થાન જ ઉચિત હતું. વાઘેર કુળમાં સહુથી શાણો, સહુથી ગંભીર, ને નિર્ભયતાની મૂર્તિ જોધો જીવનમાં જીવતો પહાડ હતો. મૃત્યુએ પહાડને પહાડના ખોળામાં પોઢાડ્યો. શ્રી આનંદશંકરભાઈ ધ્રુવ કહેતા હતા કે એમના પિતાએ જોધાને જોયેલો. પિતાજી કાઠિયાવાડમાં કોઈક સાહેબના મંત્રી (શિરેસ્તદાર) હતા, ને હું માનું છું કે કદાચ એ બાર્ટન સાહેબ જ હોવા જોઈએ, જેમણે પોતાની મડમના આગ્રહથી બહારવટિયા જોધાને દ્વારિકાની સીમમાં મુલાકાતે તેડાવેલો. પિતાને ખોળે બેસીને બાલ આનંદશંકરે જોધાનાં બંકડા રૂપ જાણ્યાં-સાંભળ્યાં હશે. કેવાં એ રૂપ! એ રૂપ તો જોધો જ્યારે બહારવટે નીકળ્યો ત્યારે જ ખરેખરાં પ્રકાશ્યાં. એ રૂપ તો કોઈ ગાયકના રાવણહથ્થાની કામઠી પર રચાયું :

મન મૌલાસેં મિલાયો
જોધો રે માણેક રૂપ મેં આયો.

## જોધો માણેક રૂપ મેં આયો!

મૃત્યુની વાટ પકડતો વીર એના સાચા રૂપમાં આવે છે : ને પોતાનાં ઘરબાર ઇજ્જતઆબરૂને સાટુ શસ્ત્રો બાંધતો નર પોતાનું મન મૌલા સાથે, 'માલિક'ની સાથે મિલાવે છે : અસ્તાચલે જતો પરાજિત સૂર્ય ઉદયગિરિના શૃંગ પરથી નીકળતા વિજયી સૂર્યના કરતાં બધુ ભવ્ય ભાસે છે. એની અધોગતિમાંથી કરુણતાની ઝલક ઊઠે છે. સમર્પણ અને નિષ્ફળતાનાં તેજછાયા એના મોં પર રમે છે.

*જોધો માણેક રૂપ મેં આયો!*

અને તમને શું એમ થાય છે કે એ ટુકડો જમીનને માટે લડતો હતો! ના, ના, બેઇજ્જતીથી બચવાને માટે. જગતમાં એને રાંક જીવાઈદાર નહોતું કહેવાવું. એનેય એના જીવનની જાડી–પાતળી ફિલસૂફી હતી. માટે જ બાર્ટને જ્યારે એને સરકાર તરફથી માફી મેળવવાના પ્રયત્નો કરવા વચન આપ્યું, દરમિયાન માન-મરતબા સાથે નજરકેદી રહેવા સૂચવ્યું, ત્યારે જોધાનો જવાબ આટલો જ હતો : રહું તો તદ્દન મુક્ત માનવી તરીકે. નહીંતર તો આભપરા ડુંગરામાં અરધો ભૂખમરો ખેંચતા ધીંગાણે જ ખતમ થઈ જવું લાજમ છે.

એમ કહીને એ ગયો હતો : અને જતો જતો –

*કેસર કપડાં માણેકે રંગિયાં ને*
*સતીયેં કે સીસ નમાયો*
*જોધો રે માણેક રૂપ મેં આયો.*[1]

## સ્વપ્નમૂર્તિ

એણે ગામપાદરે ઊભેલા કુલની સતીઓના પાળિયાને પ્રણામ કર્યા હતા. નારીસન્માનની એ પરંપરાનો પૂજક જોધો માણેક મારી ચોપાસ એક સ્વપ્ન-સૃષ્ટિને સરજે છે. રાષ્ટ્રભાવનાની, અરે આંતરરાષ્ટ્રીય સામ્યવાદની નોબતે ગાજતા આ યુગમાં ય જોધાની સ્વપ્નમૂર્તિ રચવામાં મને લવલેશ શરમ નથી. ને હું તાજેતરમાં જ સૂતેલા એક બીજા શબનું અમર્ત્ય ગાન બોલું છું. એય હતો એક યુગપ્રવર્તક : યુગપરિવર્તનની કાળ-મૂર્તિ : આયર્લૅન્ડનો સ્વપ્નવિહારી કવિ 'એ. ઈ.' 'નૅશનાલિટી' નામના લેખમાં જ એણે લખ્યું કે –

"સત્ય એ આજની કે આવતીકાલની પલટાતી વસ્તુ નથી. સૌંદર્ય, વીરતા અને આત્મધર્મ, એ કંઈ રોજ સવારે પલટાતી ફૅશનો નથી. એમાંથી તો એક અપરિવર્તનશીલ પ્રાણ ઝગારા કરે છે. આ સ્વપ્નો, આ પુરાતનો, આ પરંપરાઓ એકદા વાસ્તવિક હતાં, સજીવન હતાં, ઐતિહાસિક હતાં; આજે એ ઇંદ્રિયગમ્ય જગતમાંથી નીકળી સ્મૃતિ અને મનોભાવની સૃષ્ટિમાં સંઘરાયાં છે. કાળ એમની શક્તિને ખૂંચવી શક્યો નથી. કાળે એમને આપણી મમતાના પ્રદેશમાંથી છેટાં નથી કાઢી મૂક્યાં; પણ એથી ઊલટું તેમને ધરતી પરથી

---

1 'જોધો માણેક : મૂળુ માણેક' એ વૃત્તાંત ('સોરઠી બહારવટિયા')

ખેસવી અમરલોકમાં ચડાવીને વધુ વિશુદ્ધ બનાવ્યાં છે. આજે એ ચક્ષુઓને જોવાની અને કાનને સાંભળવાની વસ્તુઓ મટી જઈ હૃદયને ચિંતન કરવાની વસ્તુઓ બનેલ છે. આજે એ તેટલા પ્રમાણમાં આપણી નિકટમાં આવ્યાં છે, આપણાં પરિચિતો બન્યાં છે, ને સાહિત્યપ્રદેશે પણ વધુ ખપજોગાં બન્યાં છે. આજે એ સંકેતો બન્યાં છે. ને સંકેત-ચિહ્નો લેખે એ ઇતિહાસના કરતાં ય વધુ સામર્થ્યવંતાં બન્યાં છે. માનવ-પ્રકૃતિના વિધવિધરંગી અંતરપટોની પાર થઈને આજે એ આપણાં નેત્રો સન્મુખ ઊભાં છે. આજે તો એ પ્રત્યેક સ્વપ્ન, પ્રત્યેક વીરાચરણ, પ્રત્યેક સૌંદર્યતત્ત્વ પોતે જેનું પ્રતિનિધિત્વ કરે છે તે દિવ્ય સત્તાની વધુ નજીક જઈ ઊભેલ છે."[1]

## સાંભરતાં સ્વજનો

પણ શા માટે હું આ કાળ-ગર્તમાં ક્યારના યે ગારદ થઈ ગયેલાઓનું પુનઃ પુનઃ ગાન ગાયા કરું છું? એમનો બચાવ કરવાથી શો ફાયદો છે? એમને વીસરવામાં જ સાર નથી?

એ વાતનો જવાબ મારી પાસે નથી. કોણ જાણે કેમ, પણ એ બધા મારા પૂરતા તો મરી નથી ગયા. મર્યા હોય તો પણ મારાં સ્વજનો જેવા બની ગયાં છે. સ્વજનો સાંભર્યા જ કરે છે.

## બાદશાહી શિકારીઓ

હીરણ નદી ઉપર પરોઢના દોરા ફૂટતા હશે. પથારીમાં પડ્યો પડ્યો હું કલ્પું છું કે રાતનું મારણ કરી ગીરના સાવજડા વહેલું વહેલું પાણી પી લેવા હીરણના 'સેંજલ' ધરાઓમાં ઊભા હશે. હરણાં ને સાબરડાં હીરણનાં પાણીમાં મોં પલાળતાં ફડક ફડક થતાં હશે. કેમકે હીરણની ઊંચી ભેખડો ઉપર રાજપરોણાઓની શિકાર-ક્રીડા સારુ મહેલાતો બાંધવામાં આવી

---

1 "Truth is not a thing of to-day or tomorrow. Beauty, heroism, and spirituality do not change like fashion, being the reflection of an unchanging spirit. These dreams, antiquities, traditions, once actual, living and historical, have passed from the world of sense, into the world of memory and thought; and time it seems to me, has not taken away from their power, nor made them more remote from simpathy; but has rather purified them by removing them from earth to heaven. From things which eye can see and ear can hear, they have become what the heart ponders over, and are so much nearer, more familiar, more suitable for literary use, than the day they were begotten. They have now the character of symbol, and as symbols are more potent than history. They have crept through veil after veil of the manifold nature of man; and now each dream, heroism or beauty has laid itself nigh the divine power it represents... and they are ready for the use of the spirit."

છે. બ્રિટિશ સામ્રાજ્યના અનેક પ્રતિનિધિઓને ગીરના સાવજો તેમજ હરણાંઓની મૃગયા રમાડવા માટે આંહીં અતિથિ-ગૃહ પાથરવામાં આવ્યું છે. એક સામટાં પચીસ યુગલો યુરોપી ઢબછબથી રહી શકે તેવી બાદશાહી સરભરાનાં આંહીં સાધનો છે.

## કિનકેઈડના કાવ્યમાં

આ ભેખડ ઉપર પચીસ-ત્રીસ વર્ષો પર જે વેળા નવું અતિથિગૃહ નહોતું ત્યારે કિનકેઈડ સાહેબ ઊભા હશે. એની જે મુગ્ધતા મન પર વસી ગઈ હશે તેનો ચિતાર કિનકેઈડે 'આઉટલૉઝ ઑફ કાઠિયાવાડ' નામના પોતાના પુસ્તકને છેડે મૂકેલી પોતાની અંગ્રેજી કવિતામાં ચીતરેલો છે. હીરણનું કેવું ફક્કડ બ્યાન કર્યું છે કિનકેઈડે![1]

ચાર દિવસ સુધી હું યે હીરણના ખોળામાં આળોટ્યો. પાંચમે દિવસે વિદાય લીધી. પણ તે દિવસથી આજ સુધી 'હીરણ્ય' નદીનું નામ લેતાં જ પેલા માંગડા ભૂતના[2] દુહાની એક પંક્તિ મારી સ્મૃતિમાં ઘૂમ્યા કરે છે :

*પદમાનો પ્રીતાળ*
*હીરણની હદમાં પડ્યો.*

પદમાનો પિયુ માંગડો જુવાન હીરણના કયા પ્રદેશમાં પટકાયો હતો?

કિનકેઈડની કવિતા હીરણના યશોગાનમાં એક શિકારીનો તૉર જમાવે છે. જ્યારે હું, લોકકવિતાનો લોલૂપ, હીરણ્યની લોકગાથાઓમાંથી પ્રેમના કિસ્સા ઢૂંઢું છું.

## રહી ગયાં

હીરણથી જવું હતું વાંસાઢોળ ઢાળા. ઊતરવું હતું સંત ગીગાની પુણ્યભોમ સતાધારની જગ્યાએ. સરસાઈ ગામમાં ચમાર સંત રોહીદાસનો ગંગાજળિયો ચર્મ-કુંડ જોવો હતો. કચ્છી વીરાંગના હોથલનો એકલ નિવાસ કનડો ડુંગરો જોવો હતો. ત્યાં તો ગુલમહમદભાઈ ઉપર કાસદ ખબર લઈને આવ્યો કે જંગલખાતાના ઉપરી સાહેબનો મુકામ પડે છે.

હું સાંભળી જાઉં તો મારો જીવ સૂગાશે એવી બીકે ગુલમહમદભાઈએ 'માખણ, મરઘાં અને એક બોકડો'ની, પોતાનાં માણસોને વરધી આપી. જંગલની કાકડી સાથે નીમક ચાવીને હું ઊંટ પર વિદાય થયો – પાછો આગગાડીને જ 'દ્રવિડ-પ્રાણાયામ' માર્ગે.

## સતાધારનું યાત્રાધામ

પણ મેં કરી તેવી સુસ્તી ગીરના કોઈ પ્રવાસી ન કરી બેસતા. સતાધારની જગ્યા ન જોનારની સાચી સોરઠ-યાત્રા નથી જમા થવાની. આજે એ જગ્યાની શી દશા હશે

---

[1] પરિશિષ્ટમાં કાવ્યનો અંશ આપ્યો છે.

[2] 'ભૂત રુવે ભેંકાર' કથા, 'સૌરાષ્ટ્રની રસધાર'

તે તો જાણનારા જાણે. પણ સતાધાર એટલે તો સોરઠી લોકસંસ્કૃતિનું એક માર્મિક ક્રાંતિ-બિંદુ.

સતાધારનો સ્થાપનાર ગીગો ભગત : સોરઠની ઘણી ઘણી હલકી મનાતી મુસલમાન ગધઈ જાતિનો ગીગલો : કોમે તો હલકો, પણ માતૃકૂખે તો નપાવટથી ય નપાવટ. એની માતાનું નામ લાખુ.[1]

## ભ્રષ્ટાને પેટે પીર

જુવાન લાખુને ને ધણીને અણબનાવ હતો. ધણીએ મારી મારી, નિરાધાર કરી કાઢી મૂકી. નિરાધારને ચલાળાના સંત દાનાએ સંઘરી. સાગરઘેલડી જેવી ભોળી લાખુને આપા દાનાની જગ્યાના કોઈ ભાનભૂલ્યા સાધુ થકી જ હમેલ રહ્યા. લાખુ કૂવે પડતી હતી. આપા દાનાએ અધરાતે એ આપઘાત અટકાવ્યો : ‘‘લાખુ, તારા પેટમાં જોગી છે. તારું કલંક હું મારું કરીશ. પણ તારા બાળને મરવા નહીં દઉં.’’

## દાના ભગતે રમાડ્યો

ફજેત અને હડધૂત લાખુને દાનાએ સાચવી. પ્રસવ કરાવ્યો. બાલને ભક્તે પોતે જ તેડી તેડી રમાડ્યો, મોટો કર્યો, ગાયોની ટેલ કરવામાં રોકી દીધો. છાણના સૂંડલા ઊંચકતા એ બાળને બગડેલા હાથ છતે પોતાની બાથમાં લઈ એક દિવસ ભક્તે ગીગાને સંતપદે સ્થાપ્યો. ન ગણકારી ન્યાતજાતને, લોકાચારની દીવાલોને, કે પોતાના જ ભાવિકોની ભીરુતાને. દુનિયાના પાપને સંતે ધર્મપદે સ્થાપ્યું. સંત ગીગાએ ગીરનાં ભરપૂર ચરિયાણની વચ્ચે સતાધારને ડુંગરગાળે જઈ ગાયોની ટેલ માંડી દીધી. અને પરબ વાવડીની સંત દેવીદાસની જગ્યા જેવી જ પરંપરા સ્થાપી ગીગાએ. રક્તપિતિયાં, કોઢિયા રોગમાં સડી ગયેલાં જે કોઈ આવ્યાં તેને આશરો આપ્યો.

## દિલાવર લોકસંસ્કાર

સોરઠી લોકસંસ્કારને હું ‘દિલાવર’ શબ્દે ઓળખાવું છું તેની પાછળ મારું આવાં ધર્મપાત્રોનું ને થાનકોનું દર્શન છે. હવે તમે જ મને કહો, કોઈ પણ જવાબ આપો, ગીગાભગતની તવારીખને જૂની, જુનવાણી ગણશો? કે નિત્ય નવી? જબાલાના પિતૃહીન પુત્ર જાબાલની કથા આપણા ઉપનિષદ-કાલના આર્ય ઇતિહાસનું સુવર્ણ-પાનું શોભાવે છે. લાખુના દીકરા ગીગલાને સંતપદે સ્થાપનાર સોરઠી લોકસમાજ એવું જ એક સુવર્ણ-પાનું નથી લખી ગયો શું?

---

1 ‘દાના ભગત’ કથા (‘સોરઠી સંતો’)

## અમર કાલની કથા

સંતોની આસપાસ ઊભાં થયેલાં વહેમો, ચમત્કારો, પરચાઓ ને પૂજાઓ તો નાશવંત વસ્તુઓ છે. કાળ એનો ભક્ષ કરી જશે; પણ સંત ગીગાની જીવનકથાને કાળનો કાળ મહાકાળ સુધ્ધાં નહિ ખાઈ શકે. એ કથા તો સદાકાળ આવતી કાલની જ કથા બની રહી જશે. એ કથાની પુનરુક્તિઓ, નવી નવી આવૃત્તિઓ, નવા નવા સમાજોની અંદર નીકળતી જ રહેશે, બ્રાહ્મણોના ને ક્ષત્રિયોના સોરઠી દેવ સોમનાથ છો ને રોજ પ્રભાતે છેક ગંગાજીથી આવતી કાવડનાં નીરથી નહાતા; સમાજનાં ઉપલાં પડો છો ને આવા પ્રાણશોષક ક્રિયાકાંડો વડે પોતાની મહત્તા ચાલુ રાખતાં : સમાજના તળિયામાં જે લોકસંસાર જીવતો હતો તેના મેલ ધોવા તો સંત ગીગાના ધામ સતાધાર જેવી જ ગંગાઓ વહ્યા કરતી. ને ગીરનું જંગલ માત્ર બહારવટિયાઓને જ નહીં પણ સંતોનેય પોતાની ગોદ આપતું.

એવા સતાધારને નિહાળ્યા વિનાની મારી ગીર-યાત્રા અધૂરી રહી છે.

## રોઈદાસનો ચર્મ-કુંડ

સરસાઈ ગામ દીઠું હતું : પ્રિવિયસ ક્લાસમાં[1] ભણતો હતો ત્યારે. પણ ત્યારે તો મન ઉપર શાકુંતલ, મેઘદૂત અને સ્કૉટ તથા મેથ્યુ આર્નલ્ડનાં જ ગાઢાં ધુમ્મસ છવાયાં હતાં. બહુ બહુ તો નરસૈ–મીરાંનાં નામો જાણ્યાં હતાં. જાણીને આખા ભક્તિપ્રવાહ પ્રત્યે અણગમો સેવતો હતો. સંત રોઈદાસનો ચર્મ-કુંડ જોવા જવાની વૃત્તિ જ શાની થાય?

આજે તો રોઈદાસનો નામ-શબ્દ મંત્ર જેવો લાગે છે. ઉત્તર હિન્દનો આ ચમાર સંત સોરઠ ધરામાં ક્યારે ઊતરી પડ્યો હશે! કદાચ દ્વારકા વગેરેની તીર્થયાત્રાએ નીકળ્યો હશે. એક ગીરગામડે બેસી ગયો હશે. પણ સરસાઈમાં શું એ ચમાર-કામ કરતો હતો? જે કુંડમાં એને ગંગા-મિલન થયું તે શું આ જ કુંડ?

ખબર નથી. ઊંડા ઊતરવાની જરૂર પણ શી છે? મહત્ત્વની વાત તો એ ચમાર સંતે સોરઠમાં અંકિત કરેલ સંસ્કારની છે. એ સંસ્કાર કયો? ભેદની, જડ રૂઢિની ભીંતો ભેદવાનો.

## 'હાથોહાથ આપજો'

કથા આવી છે :

રોઈદાસજી તો ચમાર કામ કરતા કરતા યે પ્રભુમગ્ન હતા. એક દિવસ નદીમાં પોતે કરેલા કુંડ પર બેઠા બેઠા મુવેલા ઢોરનું ચામડું ધોવે છે : રસ્તે જાત્રાળુઓનો એક સંઘ નીકળે છે : સંઘમાંથી કોઈકે પૂછ્યું : ટીખળ કર્યું? કે શુદ્ધ ભાવે પૂછ્યું? પૂછ્યું : ભક્તરાજ! ગંગાજીમાં નાહવા ચાલો.

---
[1] વીસમી સદીના પૂર્વાર્ધમાં કૉલેજનું પહેલું વરસ 'પ્રિવિયસ' તરીકે ઓળખાતું.

સંતે કહ્યું કે : ભાઈ, મુજ ગરીબનું એ ગજું નથી. પણ ઊભા રહો, આ એક શ્રીફળ લેતા જાવ, ને ગંગામાઈને કહેજો કે રોઈદાસે મોકલ્યું છે. પણ ભાઈઓ, માતાજી હાથોહાથ લ્યે તો જ આપજો, નહીં તો ન આપતા.

### કંકણવંતો હાથ

યાત્રિકોનો સંઘ હસતો હસતો ચાલ્યો ગયો. કાશીધામમાં પહોંચીને યાત્રિકોએ ઠેકડી કરી. શ્રીફળ લઈને એક જણાએ ગંગાતીરે ઊભાં ઊભાં કહ્યું : "માતાજી, રોઈદાસ ચમારે શ્રીફળ મોકલ્યું છે, પણ હાથોહાથ લ્યો તો જ આપવાનું છે."

હાંસી યાત્રીઓના હોઠમાં સમાઈ ગઈ. ગંગાના નીર વચ્ચેથી કોઈ કંકણે રણઝણતો એક હાથ કોણી સુધી ઊંચો થયો. ફેંકાયેલું શ્રીફળ એ હાથની હથેળીમાં ઝિલાયું. શ્રીફળવંતો હાથ પાછો જળમાં સમાયો.

કાંઠે ઊભેલો સંઘ સ્તબ્ધ બન્યો. એણે નદીને સંબોધી : હે લોકમાતા, ચમારનું શ્રીફળ તમે હાથોહાથ ઝીલ્યાનું અમે કહેશું તો કેમ મનાશે? કશીક એંધાણી આપશો?

### કંકણની કથા

જવાબમાં જળમાંથી એક કંકણનો ઘા થયો. ગંગાના કાંડા માયલું એક એ કંકણ સંઘે પાછા સરસાઈ પહોંચી સંતને આપ્યું. સંતે એ સુવર્ણ-કંકણને ભેટ મોકલ્યું યોગ્ય સ્થાને – ગામના ઠાકોરને ઘેર : ઠાકોરની કુંવરીએ કંકણની પૂરી જોડ્ય માટે રઢ લીધી. ઠાકોર સંતના ચર્મ-કુંડે ગયા. કુંડમાં નવાં નીર ઊભરાયાં તેના બુદ્‌બુદોમાંથી બીજું કંકણ નીકળ્યું. સંતે કુંડમાં ગંગાજી પધાર્યાં પેખ્યાં. ઠાકોર, કંકણના કામી, ગંગાની પ્રસાદી ય લેતો જા!

### ગંધારાં પાણીમાં ગંગાજળ

ઠાકોરે અંજલિ ધરી : સંતે ચર્મ-કુંડમાંથી છાપવું ભરી જલ વહોરાવ્યું. સૂગાયેલો ઠાકોર પ્રાશન કરવાને બદલે કુંડ-જલ બાંયમાં ઉતારી ગયો : પણ એ તો આવળના તૂરા પાણીના ડાઘ : લૂગડાં પરથી જતા નહોતા : ધોણ્ય ધોનારી રાજ-બાંદીએ ડાઘ કાઢવા બાંય મોમાં લઈ ચૂસી : ધોઈને પાછી વળી ત્યારે ધોણ્યની ગાંસડી શિરથી ચાર આંગળી ઊંચેરી ઊપડતી આવે!

આ ચમત્કાર-રૂપકનો મર્મ ચાહે તે હો, પણ એક વાત તો વિલસી આવે છે કે ખરું સત માનવતાનું છે – નથી રાજવટનું, કે નથી તીર્થે તીર્થે ભટકવા જતી આભડછેટિયા ધર્મવૃત્તિનું. ધરતીનાં ધગધગતાં પડો વચ્ચે ગૂંગળાતાં ને રુંધાતાં ગંગાજી એક કર્મયોગી ચમારને ઘેરે ચાલતાં આવ્યાં; અને ઉચ્ચ વર્ણોને એ સેંકડો ગાઉ શોધ્યાં ય ન જડ્યાં.

## એકરાષ્ટ્રતાના સ્થંભો

રોઈદાસજી અહીં સોરઠધરામાં આવ્યા હશે, રહ્યા હશે, એ તો સંભવિત વાત છે. રાષ્ટ્ર આખો રાજશાસનને હિસાબે તો કોઈક જ વાર એક છત્ર તળે હતો; પણ એની એકરાષ્ટ્રતા તો સંસ્કારજીવનની હતી. સંસ્કારદષ્ટિએ રાષ્ટ્ર એક અને અખંડિત હતું, એક અને અવિભાજ્ય હતું, એક અને સુગઠિત હતું. શાસનની એકતાને તો બ્રિટિશ રાજ આવ્યા પૂર્વે હિન્દે ઘણાં વર્ષો સુધી ઝાઝી જાણી નહોતી. એ વાતને છુપાવવાથી શો ફાયદો છે? એકરાષ્ટ્રતા એકરાષ્ટ્રતા એવા જાપ જપવાની રાજદ્વારી દલીલબાજીનો તો કશો અર્થ જ નથી. સાચી એકરાષ્ટ્રતા જે સંસ્કારની હતી, તેના સ્થાપકો રાજપુરુષો, પત્રકારો ને મુસદ્દીઓ નહોતા, પણ આ 'બાવા' નામે અળખામણા ને 'ભગતડા' નામે ભૂંડા દેખાડવામાં આવેલા સંતો હતા.

## 'મીરાં, તમે ઘેરે જાવને!'

રોઈદાસ તો કાશીના. મીરાંને એનો ભેટો કાશીધામે થયો હતો. મીરાં એ ચમારની યે ચેલી બની હતી. એનું ભજન છે – મીરાંના નામનું : ચમાર સંત મીરાંનાં મમત્વને ખાળવા કેવા કાલાવાલા કરે છે :

*એ જી મારી સેવાના શાળગરામ!*
*મીરાં, તમે ઘેરે જાવને!*
*તમે રે રાજાની કુંવરી, ને*
*અમે છૈયેં જાતના ચમાર :*
*જાણશે તો મેવાડો કોપશે,*
*ચિતરોડો ચોંપે દેશે ગાળ –*
*મીરાં, તમે ઘેરે જાવને!*

અને છેલ્લી પંક્તિ!

*કાશી રે નગરના ચોકમાં રે*
*ગરુ મને મળ્યા રોઈદાસ –*
*મીરાં, તમે ઘેરે જાવને!*

આ ભજનના ટાઢાબોળ શબ્દોમાં દુલાભાઈ ચારણ પોતાના ગળાના કેવા પ્રાણવંતા સૂરો સીંચે છે!

## પ્રતીકોની લોકભાવના

રોઈદાસ કાશીનગરીના : રામાનંદ એના મુર્શદ : સોરઠના ચારેય તીરને સાગરજળ છંટાતાં હતાં; તેમ સોરઠી લોકજીવનની પાળે રાષ્ટ્ર-સંસ્કારના સાગર-જુવાળ આવા સંતો દ્વારા રેલાતા હતા.

સરસાઈની નદીમાં બતાવાતા જળકુંડને, સંભવ છે કે, લોકોને ફક્ત રોઈદાસજીના ચર્મ-કુંડનું પુનિત નામ આપીને એક સ્મારક રૂપ બનાવ્યો હશે. પણ એ સ્મારકો ને એ પ્રતીકો નક્કી કરવાની લોકભાવના એક રીતે નોખી તરી જાય છે. કલકત્તાને સામે કિનારે બેલૂર મઠમાં સ્વામી વિવેકાનંદજીનો ઢોલિયો, અથવા સ્વામીજીએ પીધેલો કોઈ હોકો કે ચીરુટનો શેષ ભાગ સંઘરી રાખેલ છે. તે થયું પ્રતીક-પૂજાનું ઊતરતું સ્વરૂપ. ને એથી જુદું, આ સંતના જીવનને એક ચર્મ-કુંડમાં સ્મરણાંકિત કરવું એટલે સાચા માનવ-ગૌરવની સ્થાપના. હિન્દુ ધર્મની પુરોહિત હાથે જઈ પડેલી પ્રણાલિકાઓ સામે લોક-હૃદય આવી રીતે જ મૂંગા પુકારો નોંધાવતું હતું. એમ ન હોત તો રોઈદાસની પ્રતિષ્ઠા કોઈ દેવળમાં મૂર્તિરૂપે જ થઈ ગઈ હોત.

# 8

## પ્રેમભક્તોનું યાત્રાધામ

**ગીર**ના સીમાડા પર એકલવિહારી ઊભેલા કનડા ડુંગરાને તો તે પછીના બીજા પ્રવાસમાં જોયો.

પ્રભુભક્તોનાં જેમ તીર્થસ્થાનો છે, તેમ પ્રેમભક્તોનાં ય યાત્રાધામો મુકરર થયાં નથી. એ થશે ત્યારે સોરઠનો આ કનડો ડુંગર, હાલારનું રાવલ નામે ગામડું, ગોહિલવાડના સાગરતીરનું ચાંચુડા મહાદેવનું મંદિર, અને ગરવા ગીરનારનાં પેલી રાણકને પુકારે પડું પડું થઈ અટકી રહેલાં શતકોજૂનાં ચોસલાં વગેરે વગેરેની પરકમ્મા કરવા માટે પંથીઓ શિરીં–ફરહાદના તેમજ સુહિણી–મેહારના મુલકોમાંથી પણ ઊતરશે.

## કચ્છના વીર-પ્રેમિકો

કનડા ડુંગરાને માથે તો કચ્છનાં બે પ્રેમિકોનો વીરરસભર્યો પ્રેમ એક વાર રમણ કરી ગયો છે. પદમણી હોથલનો પુરુષવેશે અહીં કનડાની ગુફામાં વાસ હતો. મરતા બાપના ટૂંપાતા જીવને અંજલી ભરી પાણી ટોનારી હોથલ, બાપના શત્રુ 'બાંભણિયા બાદશા'ની સાતવીસું સાંઢ્યો ન કાઢી આવું ત્યાં સુધી પરણીશ નહીં, એવી પ્રતિજ્ઞાના પાલન માટે પુરુષવેશે એકાકિની પોતાનો અશ્વ રમાડતી નીકળી હતી. પોતાના વજકછોટાને કારણે કલંકિત બનીને દેશવટે રઝળતો કચ્છી જુવાન ઓઢો એ હોથલને એક પુરુષ-મિત્ર લેખે જ ચાહી જાણ્યો હતો. એવી નરી ભાઈબંધીની – વીરમૈત્રીની નિર્ભેળ પ્રીતિના તલસાટમાં જ બેઉ વિખૂટાં પડ્યાં હતાં.[1]

## 'જો વિસારું વલહા!'

ને ગી એ પ્રીતિની તીવ્રતા! કેવી અગન! ઓઢો પૂછે છે કે ભાઈબંધ, વીસરી તો નહીં જાવ ને? વીરતાના સાજે શોભતી હોથલ, ત્યાં લગીની લોખંડી હોથલ, કેવો જવાબ વાળે છે :

*જો વિસારું વલહા,*
*ઘડી એક મુંજા ઘટમાં;*
*(તો તો) ખાંપણમાંય ખતા*
*(મુંને) મરણ સજાયું નહીં મળે.*

[1] 'હોથલ' કથા ('સૌરાષ્ટ્રની રસધાર')

ઓ મારા વહાલા દોસ્ત! તને જો હું ઘડીભર પણ મારા હૃદયમાંથી વિસારું તો તો મારું મોત બગડજો! મૃત્યુ વખતે મને સારી મરણશય્યા પણ ન મળજો. અરે મારી લાશ કફનના ટુકડા વગરની ઉઘાડી રઝળજો!

## વિસ્મરણની સજા

સ્નેહીજનના વિસ્મરણનો અપરાધ આ ગોપજનોને, ગીરવાસીઓને, રણનાં બાળોને નાનો-સૂનો નહોતો લાગતો. પ્રેમીને વિસાર્યે જીવન તો વણસજો, પણ મરણ સુધ્ધાં ય બગડજો! શબના ય બેહાલ થજો!

સારા ને સુખી જીવન કરતાં ય વધુ મોટી ઝંખના જેઓને સારા, માનભર્યા મૃત્યુની હતી, તે આ લોકો : પ્રેમીનું વિસ્મરણ થવું એ કાંઈ જેવું તેવું કુકર્મ હતું? રણાંગણથી પીઠ બતાવીને ભાગી જવાની બદનામી કરતાં જરીકે ઓછી નહીં એવી આ પ્રેમના વિસ્મરણની બદનામી હતી.

## 'થર-બાબીડી થઈ ફરાં!'

એ તો શબની દશા : પણ પ્રેમને વીસરનારના આત્માની કેવી વલે કલ્પાઈ!

*જો વિસારું વલહા!*
*રુદિયામાંથી રૂપ.*
*(તો) લગે ઓતરજી લૂક,*
*થર-બાબીડી થઈ ફરાં.*

ઓ મારા વહાલા દોસ્ત! મારા હૃદયમાંથી એ હું તારું રૂપ ભૂલું, તો તો મૃત્યુ પછી મારો આત્મા બાબીડા પક્ષીની માદા બાબીડીનો અવતાર પામીને ઝૂર્યા કરજો. ક્યાં? કોઈ કુંજઘટામાં? આંબાવાડિયામાં? નહીં, નહીં, થરપારકરના રણની અંદર ઝૂરતી બાબીડી. એ સળગતી મરુભોમમાં હું બાબીડી પંખણી સરજાઉં, ને ઉત્તર દિશાની આગઝરતી લૂ વચ્ચે હું વલવલ્યા કરું – એવી મારી દુર્ગતિ થજો!

## રણમાં વલવલાટ

બાબીડી એટલે આપણા સોરઠી હોલાને – કપોતને મળતું પંખી : એટલે કે બહુ બહુ કોમળ જાત. સામાન્ય ઉનાળાની ગરમીમાં પણ શેકાઈ જાય. તો પછી 'થર'ના મરુપ્રદેશમાં ઉત્તરાદા વાયરાની ગરમ લૂ વચ્ચે તો એની દશાનું પૂછવું જ શું?

કલ્પના કરો કે પ્રેમી હૃદય પોતાના પ્રેમના વિસ્મરણને પરિણામે કેવા વલવલાટ વાળી દુર્ગતિ સેવવાનું પાપફલ સ્વીકારે છે!

એ બેઉ દુહામાં હોથલનું હૃદય નિચોવાયું. કચ્છની કુમારી : મરુભોમનું બાળ; એના કાવ્યમાંથી 'સ્પિરીટ ઑફ ધ ડેઝર્ટ' સાદ કરે છે : સળગતી મરુભોમનો, રણનો આત્મા ભણકાર આપે છે.

આટલું જ વચન આપી હોથલ છૂટી પડી : વણપ્રીછેલી, માત્ર પુરુષમિત્ર લેખે જ વિદાય લઈ ગઈ.

## એનો જવાબ નથી

શા માટે એ પ્રકટ ન થઈ? શા માટે પોતાના 'વલહા' ઓઢાની જોડે એણે વિવાહ ન માગ્યો? પિતાને આપેલ કૉલ તો એ પાળી ચૂકી હતી, છતાં શા માટે એણે જીવનની મુક્તધારાઓ રૂંધી નાખી?

કોણ જાણે, પ્રેમીજનોએ આ 'શા માટે !'ના પ્રત્યુત્તરો કદી આપ્યા નથી. મિસરના રણવેરાનમાં બેઠેલા સ્ફીંક્સ સરખો આ માનવ-પ્રેમ, ચિરકાલનું મૌન ધરીને, યુગયુગોએ પૂછેલા એ 'શા માટે?' સામે કોઈ રહસ્યભરી મીટ માંડી રહેલ છે.

'નહિ વિસારું' કહીને હોથલ ગઈ.

## શંખાસર તળાવ

પછી તો એ એકલમલ મિત્રની જુદાઈ ઓઢો ન સહી શક્યો, સાથીઓને છેલ્લી વારના 'ઝાઝા જુહાર' આપીને સગડે સગડે મિત્રની શોધમાં ચાલ્યો. કોઈ 'શંખાસર' નામના તળાવની પાળ પર ચડતાં પાણીની અંદર હોથલને મોકળે શરીરે સ્નાન કરતી દીઠી, એકલમલ મિત્રની સાચી પિછાન પડી, બેઉ પરણ્યાં. એ બધી વાર્તા તો હું 'સૌરાષ્ટ્રની રસધાર'માં આપી ગયો છું, પણ આ શંખાસર તળાવ કયું? દુહો બોલે છે આ રીતે –

*ચડી શંખાસર પાર,*
*ઓઢે હોથલ ન્યારીયાં;*
*વીછાઈ બેઠી વાર*
*પાણી મથ્થે પદમણી.*

કચ્છધરામાં શંખાસર છે તે તો નહીં હોય? આ મિલાપ કચ્છમાં જ થયો હોવાનો ને પરણ્યા બાદ સોરઠમાં ઊતરી કનડા ડુંગરાનો વાસો કર્યો હોવાનો સંભવ છે. બાકી કનડાની આસપાસ કોઈ શંખાસર તળાવ નથી.

## વતનની મમતા

કનડામાં આ વીર-જોડલું ઝાઝાં વરસો રહ્યું હોવું જોઈએ. જેસલ અને જખરો નામે પુત્રોની જોડી પણ કનડાએ જ હોથલને બક્ષી હશે. પછી કનડો છોડ્યો ક્યારે?

અષાઢી મેઘના પ્રથમ-પહેલા દોરિયા ફૂટ્યા તે દેખી ઓઢાને વતન સાંભર્યું ત્યારે?

વતનની મમતા – એનો કાવ્યભાવ ઓઢા–હોથલની કથાના દોહામાં જેવો સંઘરાયો છે તેવો બીજે ક્યાંય જવલ્લે જ સંઘરાયો હશે. મેહુલાની 'શેડ્યું' ઉત્તર દિશામાં ક્ષિતિજ પર આલેખાઈ ગઈ, ડુંગરાઓ માથે ડમ્મર ચડ્યા, ઓઢાને સ્વજન સાંભર્યાં, મોરલાના

ટહુકારે એ સ્મરણમાં વધુ દર્દ પૂર્યું, ઓઢાનાં નેણાં રડી રડી ત્રાંબાવરણાં બન્યાં. પોતે બેઠો હતો તે છીપર (શિલા) પણ ભીંજાઈ ગઈ; ઓઢો રડે છે જાણતાં તો હોથલ પોતાને ભોંયરેથી દોડતી આવી – ને આખરે તો એ સ્ત્રી ખરીને! બાવડીને સંશય પડ્યો : અરે વહાલા!

*અમથી ઉત્તમ ગોરીયાં*
*ચડી તોજે ચિત્ત શેણ!*

તારા ચિત્તમાં શું મારાથી કોઈ વધુ ગોરી સજની ચડી બેઠી છે? શીદ રડે છે? આવડા મોટા આક્ષેપની સામે ઓઢો માકાર ભણે છે. ને કબૂલ કરે છે કે પદમણી!

*કનડે મોતી નીપજે*
*કચ્છમેં થીયેતા મઠ;*
*હોથલ જેહડી પદમણી*
*કચ્છમેં નેણે ન દઠ.*

હું સમજું છું કે કચ્છ કંઈ સોરઠધરા સરખો પદમણીને નીપજાવનાર મુલક નથી. સોરઠના કનડામાં મોતી પાકે, ને કચ્છમાં પાકે છે મઠના ભૂંડા દાણા. સોરઠ ભલે લકુંબઝકુંબ વનરાજીથી વિભૂષિત, ને કચ્છમાં ભલે 'ખેરી, બૂરી ને બાવરી' જેવાં કાંટાળાં વગડાઉ ઝાડવાં થતાં; પણ એક વસ્તુ એવી છે કે જેને માટે, હોથલ! આપણે કચ્છમાં જવું પડશે –

*હોથલ હલો કછડે,*
*જીતે માડુ સવાયા લખ.*

હોથલ, હાલો કચ્છમાં, જ્યાં લાખેણા મર્દો પાકી શકે છે. હાલો એ રસકસહીણી ભોમમાં, કેમકે એનું પાણી પીવાથી –

*વંકા કુંવર, વિકટ ભડ,*
*વંકા થીયેતા વછ,*
*વંકા વછેરા ત થીયે,*
*પાણી પીયે જો કચ્છ.*

ગાયોના વાછડા, ઘોડીના વછેરા, ને માનવીના કુંવરો, એ બધા કચ્છનું પાણી પીધ્યે વંકા-બંકા બને. માટે, ઓ હોથલ! હાલો કચ્છમાં, કોઈ તુંથી ચડિયાતી ગોરીની શોધમાં નહીં, પણ આપણાં બે બાળકોને 'બંકા નર' બનાવવાની નેમથી.

## ભૂમિપ્રેમનું કાવ્ય

એ દુહાઓનું ઝૂમખું દેશાભિમાનના સૂરો ઝીલે છે. સૌંદર્ય અને શૌર્ય વચ્ચે એ દુહાઓમાં તુલના થઈ રહેલ છે. માનવીની છાતી જ્યારે વતનને સારુ ફાટફાટ થાય ત્યારે એના હૃદયમાંથી કયા બોલ, કયું સંબોધન ઊઠે?

લોકકવિતાએ એવો એક લાક્ષણિક બોલ ઓઢાના મોંમાં મૂક્યો : 'એ ડોલરિયો દેશ!'

કનડાનું ભોંયરું સૂનું મૂકીને કુટુંબ કચ્છમાં ગયું. ઝાઝો કાળ રહ્યું. બેટડા બંકા બન્યા, બંનેએ મોટા સાવજને માર્યો, ને એને બિરદાવવા ભેળા થયેલા દાયરા વચ્ચે ઓઢાએ હોથલ જોડે થયેલી શર્ત ઉથાપી હોથલનું નામ પ્રકટ કરી નાખ્યું. એકલી હોથલ પાછી કનડે આવીને રહી.

કનડા ડુંગરાને એ કથા એક રહસ્ય ચડાવે છે. હોથલ માનવી નહોતી, પદમણી હતી. મુઈ નથી, હજુ જીવે છે. ને એના ગાયબ ભોંયરામાં હીંડોળાખાટ ચાલી રહી છે. તેના અનાહત કિચૂડાટને સાંભળવા માટે હજુય માલધારીઓ ભોંયરે કાન માંડે છે.

## મહિયાઓનો સત્યાગ્રહ

ને કનડો ડુંગર આવાં વીર-વીરાંગનાના પ્રેમનું, ચિર-વિજોગનું, હોથલના વાસના-દેહના ચિર-ભણકારનું જ ધામ નથી, કનડાના ખોળામાં સિંદૂરવરણી ચોરાસી ખાંભીઓ ચાર પંક્તિઓ રચીને ઊભી છે. એ ચોરાસી મહિયાઓની ખાંભીઓ છે. સંવત્સર 1939ના પોષ મહિનાની અજવાળી પાંચમને કાળે પરોઢિયે એ ચોરાસી જણાને હારબંધ બેસારી જૂનાગઢ રાજની ફોજે તેઓનાં માથાં વાઢ્યાં હતાં – તલવારથી નહીં, કુહાડા વતી.

ધીંગાણું નહોતું થયું. વિશ્વાસઘાત અને દગલબાજી રમાયાં હતાં. જૂનાગઢ રાજની રક્ષા તેમજ વિસ્તારને માટે પેઢાનપેઢીથી જાન કાઢી આપનારી મહિયા કોમ ઉપર રાજ્યે જતે દહાડે નવા લાગા નાખ્યા. જૂના કોલકરારો ઉથાપ્યા. ત્યારે મહિયા કોમના ઘરેઘરથી નીકળેલા નવસો પ્રતિનિધિ મર્દો આ ડુંગર પર રિસામણે ચડેલા.

## નવસો પ્રતિનિધિઓ

કેવું એ પ્રતિનિધિત્વ? એક ઘરમાં કોઈ મોટી વયનો પુરુષ નહોતો. વિધવા માતાએ દસ વર્ષના બાળ દીકરાને પ્રતિનિધિ કરીને મોકલ્યો. ને નાના ભાઈની સંભાળ રાખવા બે બહેનો એની જોડે ગઈ.

આપણે આજે જેને અહિંસાત્મક સંગ્રામ કહીએ છીએ ને, તેને તે દિવસોમાં મહિયાઓએ ભજવી બતાવ્યો. એનું નામ 'રિસામણું' અથવા 'બેઠું બહારવટું' રખાયું હતું. મહિયાઓના આગેવાને એક પણ હથિયાર ભેળું રાખવાની રામદુવાઈ ફરમાવી હતી. નવસો મહિયા બહાદુરો મહિનો–સવા મહિનો આ કનડા પર ગાંઠનું ખીચડું ખાઈને પડ્યા રહ્યા, પણ આજુબાજુની સીમોમાંથી એક ડૂંડાનોયે બગાડ તેઓએ નહોતો કર્યો.

## દગલબાજી

કાલે રાજની વિષ્ટિ આવે છે : એવું કહીને મહિયાઓને ગાફલ બનાવ્યા. પરોઢિયાના

અંધકારમાં એ નવસોની સૂતેલી મેદની પર સેના તૂટી પડી. એંશી જણા સામી છાતીએ ઊભા રહ્યા. તેઓને કુહાડે કાપ્યા. કોઈએ ચૂં કે ચાં ન કર્યું.

અને પેલો દસ વર્ષનો બાલ પ્રતિનિધિ પણ અડગ ઊભો. એના ઉપર કુહાડો પડ્યો. ભાઈને બચાવવા બે બહેનો આડી પડી : અમારા ભાઈને રે'વો દ્યો. એને સાટે અમને કાપી નાંખો! એમ રગરગતી એ પણ કતલ થઈ.

આજે એ બે બહેનોની પણ ખાંભીઓ ત્યાં ખડી છે, ચોરાસી પુરુષ-પાળિયાની વચ્ચે એ બે સ્ત્રીની ખાંભીઓ તેની ઉપર કોતરેલા બબે ગોળાકારો પરથી પરખાય છે.

## તીર્થધામ

આ કતલનો હાહાકાર બોલી ગયો. સરકારે રાજ પર કમિશન બેસારી, નવાબને પદભ્રષ્ટ કર્યા હતા, ને મહિયાઓને કરમુક્ત બનાવી જૂનાગઢની હકૂમત નીચેથી એજન્સીની હકૂમતમાં ખેસવી નાખ્યા હતા.

ચારણોનાં છૂટક છૂટક ત્રાગાં સિવાય સોરઠની ધરા પર એક હથિયારધારી શૂરવીર લડાયક જાતિના બેઠા બહારવટાનો આ કિસ્સો એક અને અનન્ય જ છે. મહાત્મા ગાંધીજીને માટે કનડો આજે તીર્થનું ધામ થવા લાયક છે. પણ મહાત્માજીને આ ઘટનાથી કોણ વાકેફ કરે? હજુ તો અરધા જ સૈકા પરની આ વાત છે, મારા 'સોરઠી બહારવટિયા' ભાગ ત્રીજામાં એનો સવિસ્તર ને શબ્દશઃ અહેવાલ પડ્યો છે.[1]

કનડાને દીઠ્યે એ બધું તાજું બન્યું હતું.

## સોરઠી જુવાન

બીજું જોવાનું રહી ગયું દોણ-ગઢડાનું વંકું ગીરબિન્દુ. ત્યાં મારે પાંડવ જુગના કહેવાતા દ્રોણેશ્વર મહાદેવને જોવા નહોતું જવું. પણ સોમૈયા મહાદેવની મૂર્તિને તૂટતી અટકાવવા નીકળેલા એક મધ્યયુગી જુવાનનું લગ્નસ્થાન જોવા જવું હતું.

એ જુવાનનું નામ હમીરજી ગોહિલ. વાર્તા તો એની મશહૂર છે. સોમનાથ પર ત્રીજી વાર ઇસ્લામને ચઢી આવતો સોરઠે સાંભળ્યો, ત્યારે ગુજરાત–સૌરાષ્ટ્રના ક્ષત્રિયોનું એક પંખીડું ય ફફડ્યું નહીં.

"ધિક્કાર છે રાજપૂતોને!" જુવાન હમીરજી, લાઠી પાસેના એક કાળના અરઠીલા ગામમાં, પોતાને ઘેરે બેઠો બેઠો ઊકળી ઊઠ્યો : "છતે રાજપૂતે હિન્દવાણાનું નાક કપાશે." મોટા બે ભાઈઓ પરદેશી સૂબાઓની ચાકરીમાં ગયા હતા. ભોજાઈ ઘેરે હતી. ભોજાઈએ બાળ દિયરને ટોણો માર્યો : "તમે ય રાજપૂત છો ને? કાં નથી જતા?"

એવા મેણાએ એ નમૂછિયા સોરઠી બાળને સોમનાથની દિશા પકડાવી. લડવૈયો બનીને નહીં, વ્રતધારી બનીને હમીરજી ચાલ્યો. જીવતા પાછા આવી શકાશે નહીં : મરવું

---

[1] 'મહિયાનાં બહારવટાં'

જ છે : જીવતે કે મુવે, મસ્તક સોમૈયાજીને ચડાવવું છે : ભોજાઈ, તારી કૃપા છે, કે તેં મને સ્વધર્મ સુઝાડ્યો.

## લગ્નનો આદર્શ

બાળ હમીરજી અવિવાહિત હતો. જગતની કશી વળગણ નહોતી. બેફિકર કલેજે ઘોડેસવારે ઘોડો હાંક્યો. માર્ગે આ ઘાટી ગીર પડી હતી. તીરકામઠાંવાળા ભીલ લૂંટારાઓએ હમીરજીને ઘેરી લીધો. ભીલ સરદાર વેગડા સામે રજૂ કર્યો. કહે છે કે આ દોણ-ગઢડાની નજીક જ ભીલપતિ વેગડાનું મથક હતું. અહીં એ ભીલ સરદારે વંકા કરડા જુવાનને નિહાળ્યો, સન્માન્યો, પોતાનો જમાઈ બનાવ્યો. છેલ્લે મૃત્યુની વાટે પણ જમાઈનો સુંદર સાથ કર્યો.

મૃત્યુની વાટે નીકળેલા હમીરને લગ્નની ઇચ્છા કેમ જન્મી? રોટલા જમતાં જમતાં એણે પોતાને પિરસનાર ભીલ-કન્યાનું મોં દીઠું. મુગ્ધ થઈ ગયો – એ નારીના ચકચકતા નીરોગી કાળા રંગ ઉપર, ચહેરાની નમણાઈ ઉપર, ઘાટીલી દેહ-રચના ઉપર, દેહની મજબૂતી ઉપર.

પ્રથમ પ્રશ્ન તે સમયના પુરુષને હૃદયે આ હતો : કે વંશનો વેલો ચાલુ રહે, ને એ વંશમાં વીર પ્રજા પાક્યા કરે. લગ્નના ધોરણનું પહેલું પગથિયું આ હતું.

## એક જ રાત

હમીરજીને નિર્વંશતાનો સંભવ ખૂંચતો હતો. આંહીં પોતાની સન્મુખ બહાદુરોની જનેતા બને તેવી સ્ત્રી તૈયાર હતી. હમીરજીને પ્રેમનો પણ હૃદયમાં આજ પહેલી વાર થનગનાટ જાગ્યો. પ્રેમદાત્રી સામે ખડી હતી. ભીલકુમારી મોહ પામી હતી, આવા આશાભર્યાં જોબનજોધને મૃત્યુપંથે પળતો દેખી.

“પણ ઓ ભીલકુમારી! એક જ રાતના ગૃહવાસને સારુ તારો તો સમસ્ત ભવ બગાડવો ને મારે?”

ભીલપુત્રીએ જવાબ વાળ્યો હશે તો તે આવો જ હશે ને કે “હે જુવાન! એક રાત્રિનો સાચો સંસાર હજારો કંગાલ જિંદગાનીઓ ન્યોછાવર કરવા જેવો નથી શું?”

## રુધિર મિશ્રણ

પણ જવા દો એ બધા પ્રણય-પ્રલાપોને. સોરઠી જુવાન એક રાત્રિને માટે પરણ્યો. ગંગાજળકુળ ગણાતા ગોહિલના બાલકે અનાર્ય મનાતી શિકારી કોમની બાલાનું પાણિગ્રહણ કર્યું, એક રાત્રિ, એક જ રાત્રિના એના દંપતી-સંસારને ક્યારે એક મિશ્રજાતિની વંશવેલ્ય ચડી, જેનું નામ ગોહિલ કોળી.

એવી મંગલ ઘટનાનું લીલાસ્થાન દોણ-ગઢડા મને પ્રિય છે. કલ્પનામાં પ્રિય લાગે છે. ને સોમનાથને પાદર સમરભૂમિમાં જ્યારે શત્રુની સમશેરે પડેલા મસ્તકને બે હાથમાં

ઝીલી લઇ હમીરજીનું કબંધ (ધડ) સોમનાથની સન્મુખ અર્પણ કરતું ઊભું હશે, ત્યારે પેલી ચારણી ડોશીએ દૂર ઊભે ઊભે બાળુડા હમીરને મીઠા મીઠા મરશિયા સંભળાવ્યા હશે, તેની લાગટ ચિત્ર-પરંપરા મારાં કલ્પનાચક્ષુઓ સામેથી કોઈ ઝડપી ચિત્રપટની માફક પસાર થઈ રહેલ છે :

[દુહા]

*વેલો આવ્યે વીર! સખાતે સોમૈયા તણી*
*હીલોળવા હમીર! ભાલાંની અણીએ ભીમાઉત!*

*પાટણ આવ્યાં પૂર ખળહળતાં ખાંડાં તણાં;*
*શેલે માહી શૂર ભેંસાસણ શો ભીમાઉત.*

*વેળ્ય તાહરી વીર, આવીને ઉવાંટી નહીં;*
*હાકમ તણી હમીર ભેખડ આડી ભીમાઉત!*

ઓ ભીમ લાઠિયાના પુત્ર! તારા શૌર્યની ભરતી ચડી આવી, પણ તે પાછી ન વળી. દરિયાની ભરતીને તો પાછો ઓટ છે, પણ વીરનો શૌર્ય-જુવાળ ચડ્યો તે પાછો ન વળ્યો. કેમકે આડે હાકેમ કહેતાં મુસ્લિમ શત્રુની ફોજ રૂપી ભેખડ બંધાઈ ગઈ હતી.

## મૃત્યુનાં ગાન

આ મરશિયા સોરઠી જુવાને મરતે મરતે સાંભળ્યા. પોતાના જ મૃત્યુનું કીર્તિકાવ્ય પોતે સાંભળી લીધું. સાંભળવાના એને કોડ હતા. રસ્તામાં જ એ અભિલાષ એને જન્મ્યા હતા. બુઢ્ઢી ચારણીને એણે એક સંધ્યાએ રસ્તાના એક ગીર ગામડામાં મોં ઢાંકી રડતી સાંભળી હતી. મરનાર પાછળના સોરઠી રુદનમાં પઠાણી રુદનની પેઠે જ કાવ્ય હતું, સાહિત્ય હતું, સ્નેહના કાતિલ આર્તનાદ હતા. રડનારના કંઠની કલા હતી.

એવું મીઠું રુદન-ગાન સાંભળતાં સોરઠી જુવાને બુઢ્ઢીને આંગણે ઘોડો થંભાવ્યો : પૂછ્યું, માડી, શું કરતાં'તાં? બાપ, મારો જુવાન દીકરો મૂવો છે એના મરશિયા ગાતી'તી : મા, બહુ મીઠા મરશિયા; મારા ય ગાઓને? ગાશો? બહુ મીઠા : અરે બાપ! મરશિયા તો મૂવાના હોય, જીવતાના, તું સરીખા બાળના તે મરશિયા હોય? અરે મા, હું ય મરી ચૂક્યો છું. મરવા ચાલ્યો છું. શીષ સોમૈયાને અર્પણ કરીને નીકળ્યો છું. ગાવ, મા, ગાવ સુખેથી. બાપ, જા, હું રણખેતરને કાંઠે ઊભી ઊભી તારું શીશ કપાવાની ઘડીએ સંભળાવીશ.

એ આ મરશિયા : એ લગ્ન : એ સ્નેહ : ને શોણિત-મિશ્રણના બનાવો : ગીરનાં જંગલો એ બધાં સ્મરણાં જગાડે છે. સોરઠની જુવાની કેવા કેવા મસ્ત તૉર સેવતી તેના વિચારે ચડી જવાય છે. હૈયા ઉપર જમાનાઓના તડકા–છાંયા રમે છે.

## પરિશિષ્ટ

પા. 54 પર ઉલ્લેખ છે એ કિનકેઈડનું કાવ્ય :

*Would you know the joys of waking ere the*
*earliest dawn is breaking,*
*Lest the cheetul at the pool should drink his fill?*
*Would you know the joys of sitting till the nightbirds are*
*aflitting,*
*That the panther may return unto his kill?*
*You shall know them at Tellala*
*where the Hirun rushes foaming,*
*As it strives in vain to batter down its weir*
*Where the sambhur bells the night*
*through to the hinds that may be roaming,*
*And the lions wake the echoes of Gir.*

*

*Has your heart never throbbed to breaking*
*While the sounder quits cover?*

*While your mare stands like a statue till*
*the squeaker rush is over,*
*For she knows the boar is lurking in the brake.*
*Would you know the endless gallop till*
*the buck is surrounded?*

*

*Or the grey wolf struggles silent on your spear?*
*Would you know the joy unrivalled*
*When the blue bull staggers wounded*
*As the blade is through his barrel-driven sheer?*
*Yes, Kathiland, I love you, right from Bavli to Porbundar*
*Under any sort of aspect, any skies.*

*Though best loved by the ocean where*
*the league-long rollers thunder*
*And the blow-whales' fitful fountains dimly rise.*
*I shall love you still herefter, through*
*the years that follow*
*And! by Jove! I will wire for short leave*
*and I'll buy a weekend ticket,*
*And I'll take the Friday train to Kathiawar!*

[સંક્ષિપ્ત]

*

પ્હો ફાટતો હોય ત્યારે
ધરાને કાંઠે ચિતળ પાણી પી લે તે પહેલાં
જાગવાનો આનંદ તમે માણ્યો છે?

રાત પડે ને આગિયા ઝબૂકવા લાગે
અને ચિત્તો મારણ પાસે પાછો ફરે
ત્યાં સુધી બેસી રહેવાનો આનંદ માણ્યો છે?
જ્યાં બંધને ભાંગવા નિરર્થક પછડાતી
ફીણે નહાતી હીરણ ધસમસે છે,
જ્યાં હરિણીઓનાં ભમતાં ટોળાં સુધી
સાબર રાત્રિનાદ પહોંચાડે છે,
જ્યાં સાવજોની ત્રાડો ગીરમાં પડઘા જગાવે છે.

*

ત્યાં, તલાળામાં, તમે એ આનંદ પામશો.
ચેતવનાર ભોમિયો દેખાય
શિકારની નાસભાગ શમી જાય,
સૂવર ઝાડીમાં લપાયું છે તે પામી જઈને
તમારી માણકી મૂર્તિ-શી અચલ બની જાય,
ત્યારે હૈયાફાટ ધબકારાનો વેગ નથી જાણ્યો?

*

ઘેરાઈ જોય ત્યાં સુધી ભાગતા
સફેદ કાળિયારની અનંત ફાળથી અથવા
ભાલે પરોવાયેલા રાખોડી વરૂના
નીરવ તરફડાટથી તમે પરિચિત છો?
ઘાયલ થયેલા ભૂરા સાંઢના પગો લથડે,
ભાલાની ધાર એની પાતળી ચામડી ફાડીને
ઊંડી ઊતરી જાય
ત્યારનો અજોડ આનંદ માણ્યો છે?

હા, કાઠિયાવાડ! હું તને ચાહું છું,
બાવળિયાથી પોરબંદર લગી
દિશા-દિશામાં, ધરતી-આકાશમાં;
જોકે સૌથી વધારે તો
જ્યાં જોજન-લાંબા અફળાતા-પછડાતા તરંગો ઘૂઘવે છે
અને જ્યાં વ્હેઇલની પીઠમાંથી ફુવારાઓ
ચડે છે ને પડે છે, ચડે છે ને પડે છે.
આવી રહેલાં વર્ષોમાં તને ચાહતો જ રહીશ,
અને માલિક-કસમ!
ટૂંકી રજા માટે તાર કરીને
શનિ-રવિની રિટર્ન ટિકિટ લઈને
કાઠિયાવાડ જતી શુક્રવારની ટ્રેન પકડીશ!

[અનુવાદ : વિનોદ મેઘાણી]